Chap-4



## પ્રકરણ - ૪.

## ''શોકોર્મિકવિતાનું સંપન્ન સ્વરૂપ''

શોકોર્મિકવિતાના અભ્યાસમાંથી બે દિશાઓ સ્પષ્ટ પણે ઉઘડે છે. એક તો શોકોર્મિકવિતાનું કુળ અને શોકોર્મિકવિતાનું સ્વતંત્ર કાવ્ય-સ્વરૂપ. શોકોર્મિ શબ્દ પ્રયોગ જ કવિતાના કુળનો અંગુલિનિર્દેશ કરી દે છે. શોકની ઊર્મિના પ્રાધાન્યને સ્વીકારતી કવિતા શોકોર્મિકવિતા છે અને શોક પણ એક ઊર્મિ છે. તેથી શોકોર્મિકવિતા ઊર્મિકવિતાના કુળની કવિતા છે. ઊર્મિકવિતાના બે મોટા પ્રવાહો આત્મલક્ષી ઊર્મિકવિતા અને પરલક્ષી ઊર્મિકવિતા તરીકે વિકસ્યા છે તેમાં શોકોર્મિકવિતા આત્મલક્ષી ઊર્મિકવિતાના પ્રવાહની કવિતા છે કારણ કે વિશદ ચર્ચાને અંતે બ.ક.ઠા. ના મતાનુસાર આત્મલક્ષી ઊર્મિકવિતામાં કવિની પોતાની ઊર્મિ કે સંવેદનાનું આલેખન હોય. શોકોર્મિકવિતામાં સદ્ગત સ્વજનના અવસાનથી ઉદ્‌ભવતી શોકની ઊર્મિનું આલેખન કેન્દ્રસ્થાને હોય છે. અર્થાત્ કવિની નીજી અનુભૂતિની અભિવ્યક્તિ શોકોર્મિકવિતામાં હોવાથી શોકોર્મિકવિતા આત્મલક્ષી ઊર્મિકવિતા છે.

ઊર્મિકવિતાના વર્ગીકરણ નિમિત્તે બ.ક.ઠા. એ પાંચ વર્ગોમાં તેનું વિભાજન કર્યું તેમાંથી લઘુવિરહોર્મિ વર્ગની કવિતા તરીકે શોકોર્મિકવિતા ઓળખાય છે. કારણ કે લઘુવિરહોર્મિ કાવ્યોમાં દૂંકા, વિરહ, વિલાપ, વિષાદના કાવ્યોનું એ વર્ગોમાં વિભાજન થયું. વિછૂટા પડવાનો વિયોગ અને પ્રિયજનના મૃત્યુથી વ્યાપેલો વિષાદ, સાહિત્યમાં સહાનુભૂતિની દૃષ્ટિએ



kalpana's

ઊર્મિ કવિતાના અંશો તેમાંથી પ્રિયજનના અવસાન નિમિત્તે લખાયેલા શોકના કાવ્યોમાં વધુ કલાત્મક રૂપ, પામ્યા હોવાના દૃષ્ટાંતોને આધારે કહી શકાય કે ઊંચું સાહિત્યિક મૂલ્ય ધરાવતી શોકોર્મિકવિતા, વધુ વિરહોર્મિની વિકસેલી અભિવ્યક્તિ પામી અને હજી પણ પાંગરતી જતી ઊર્મિકવિતા છે.

ઊર્મિકવિતાના સ્થાપિત પ્રકારવૈવિધ્યમાં પ્રમાણમાં સ્વરૂપે વધુ * જાણીતા 'વધુ વિરહોર્મિ વર્ણની કવિતા' તરીકે ઓળખાતી શોકોર્મિકવિતામાં મૃત્યુજન્ય શોક અને વિરહની ઊર્મિનું પ્રાધાન્ય વર્તાય છે. કેટલાંક સઘન અભિવ્યક્તિના કાવ્યો એમાં વિષાદકાવ્યો તરીકે સમાવેશ્યા છે. ઊર્મિકવિતાની પૌરસ્ત્ય અને પાશ્ચાત્ય પરંપરા પરથી જે લક્ષણો તારવી લેવાયાં છે તેમાંથી ઘણાં લક્ષણોને શોકોર્મિકવિતા વરેલી છે.

ઊર્મિકવિતાના સ્વરૂપ માટે ઊંડા અભ્યાસ અને વિશદ ચર્ચા પછી તારવેલા લક્ષણોમાં નાવીન્ય 'ઊર્મિકવિતાનું સ્વરૂપલક્ષણ' તરીકે ઓળખાયું છે. અન્ય ઊર્મિકવિતાઓની જેમ શોકોર્મિકવિતા પણ નૂતનતમ અભિવ્યક્તિની અજમાયશ અને સિદ્ધિના એકાધિક દૃષ્ટાંતોથી સમૃદ્ધ છે. અર્વાચીન કવિતાનો પ્રવાહ જોતાં સ્પષ્ટ થાય છે કે ઊર્મિકવિતાના ક્ષેત્રે શોકોર્મિકવિતા પણ પ્રયોગશીલતાને પોંખતી આવી છે અને વિવિધ કાવ્યપ્રકારોમાં વિકસતી આવતી શોકોર્મિકવિતામાં વિવિધ સ્વરૂપે નિત્યનૂતન તાજગી વાળી અભિવ્યક્તિ મળે છે. મૃત્યુજન્ય શોકનું વિવિધ રૂપે આલેખનને આધારે કહી શકાય કે શોકોર્મિની ચમત્કારકતા માટે. કવિકર્મ અને ભાષાકર્મના ઉત્તમ પ્રયત્નથી ઘણી કૃતિઓ કલાકૃતિની કક્ષા પામી છે. એ સર્વમાં અર્થ, અન્વય અને, સંદર્ભના પ્રયોગોથી નૂતન અભિવ્યક્તિનું નિર્માણ થયું છે. કાવ્યોમાં મનની અવસ્થાની આબેહૂબ તાસીર અને કેટલાંક કાવ્યોમાં તેની પ્રક્રિયા પણ મળી આવે છે, 'ઉઘાડ' કાવ્યસંગ્રહમાં ધીરુ પરીખની 'ક્યાં છે પ્રહ્લાદ ?'



kalpana's

પૂ. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટને' ચીનુ મોદી રચિત 'પિતાની પ્રથમ પુણ્યતિથિએ' અને હીરાબેન પાઠક કૃત 'પરલોકે પત્ર' જેવાં અનેક ઉદાહરણો ઉપલબ્ધ છે. ગૌરવની વાત એ છે કે એકજ નિમિત્ત-માત્ર મૃત્યુજન્ય શોક-વિષાદની જ અભિવ્યક્તિ હોવા છતાં, નવોદિતથી સિદ્ધહસ્ત કક્ષાના તમામ કવિઓની કલમે ક્રમાઉને શોકોર્મિકવિતા વિવિધરંગી સમૃદ્ધિથી વૈભવંતી બની પ્રયોગશીલતાને પરિણામે આવજાની સભાનતા અને ઊંડી માત્રામે શોકની અભિવ્યક્તિના આનવા ઉપક્રમથી શોકોર્મિકવિતા ભરી ભરી છે.

ઊર્મિકવિતાની ગતિ અતિસૂક્ષ્મ હોવા છતાં, ક્યારેક ઉપરની સપાટી પરની કે રમતીયાળ લાગતી ઊર્મિઓ અંતસ્તલ છેક ચોંકાવનારો, આશ્ચર્ય પ્રગટાવે તેવો હોય છે. તેને પ્રતાપે જ કવિ પોતાની અનુભૂતિની સૃષ્ટિ કાવ્યમાં સર્જી દે છે. ઊર્મિકવિતાના સ્વરૂપની આ નોંધપાત્ર વિશેષતાથી શોકોર્મિકવિતા પણ બાકાત નથી. ઉમાશંકર જોશી કૃત 'રડો ન મુજ મૃત્યુને' કે મનસુખલાલ ઝવેરી કૃત 'આજ નયનો ! રડો ?' કે
જેવા દ્રષ્ટાંતો એ વાતની શાખ પૂરે તેવાં કાવ્યો છે.

Lyric નામની ઓળખાતી ઊર્મિકવિતાને Lyre સાથે સંબંધ હોવાથી ગેયતા તેનું સ્વાભાવિક અંગ હોય એ સમજી શકાય એમ છે. તેથી ઊર્મિકવિતાની મૂળપ્રકૃતિ જ ગાનની વિશેષતા ધરાવે છે. ઊર્મિકવિતાનો ઉદ્ભવ ગાનમાં છે. પણ એ ગેયતા કે ગાન કાવ્યત્વને ઉપકારક નીવડે તેવી અપેક્ષા સેવાય છે. તેથી ઊર્મિકાવ્ય ક્યારેક ગેયતાને કારણે ઊર્મિગીત તરીકે પણ ઓળખાય છે. શોકોર્મિકવિતામાં વિષાદ, વિલાપ, રુદન, કલ્પાંત અને વિરહ રૂપે ગાન મળે છે. મધ્યકાલિન લય, ઢાળમાં લખાયેલી કૃતિઓમાં ગાનનું તત્વ સવિશેષ મળે છે અક્ષર મેળ વૃત્તો ઉપરાંત સંસ્કૃતવૃત્તોમાં ભળતી રચનામાં પણ ગેયતા મળી આવે છે પરંતુ ગાનના વૈવિધ્યમાં પ્રાધાન્ય વિરહ-વિષાદના વિલાપ, આલાપનું વર્તાય છે. પ્રેમાનંદ રચિત દશમ સ્કંધના 'યશોદાવિલાપ' થી માંડી ઝવેરચંદ મેઘાણી કૃત 'બાર બાર છાંટુ મેં જલ' , કે



kalpana's

'મૃત્યુનો ગરબો', જેવા અનેક દૃષ્ટાંતો વિલાપ-ગાન અને શોકગીતની ગેયતાના ઉદાહરણો છે. શોકોર્મિકવિતાની ગાન, ગેયતાનું સવિશેષ ગૌરવની એ છે કે તેમાં અભિવ્યક્તિનો કવિસંયમ, રચનાવિધાનની સભાનતા હોવાથી રાજિયા-મરશિયાના અનિયંત્રિત પ્રલાપો નથી તેથી રાજિયા-મરશિયાના રુદન ગાનથી કંઈક અંશે કલાસંયમ જળવાતો હોવાથી કરુણને પુષ્ટ કરતી શોકની ગેયતા અહિયાંની અભિવ્યક્તિ પામી છે.

ઊર્મિકાવ્યને ઉર્મિલ બનાવનારું તત્વજ ગેયતા છે તેથી ગાન કે ગેયનું તત્વ ધરાવતાં કાવ્યો લય બધ્ધ હોય છે. એમાં ગાનના કેટલાંક લક્ષણોનું સાતત્ય ઊર્મિકવિતાના સ્વરૂપને બાંધી આપે છે. લય, આલાપ, વિલાપ, ઘૂંટાતા ભાવની અભિવ્યક્તિ આપતાં આવર્તનો, ધ્રુવપંક્તિનો ઉપાડ અને શોકોર્મિની અસરકારક પ્રતીતિ એમાં સવિશેષ જણાય છે. ઊર્મિગીતોમાં પંક્તિઓ અને કંડિકાઓ ક્રમાનુસાર ઊઘડતા ભાવવિકાસ અનુસાર ઉઘડતી જાય છે. ઘટનાની જુદી જુદી તાસીર પ્રગટાવતી કંડિકાઓ જુદી હોવા છતાં ઊર્મિકાવ્યની લાગણી સમગ્રતયા ટકાવી રાખે છે. પ્રત્યેક કંડિકામાં શોકનો ભાવ ઘૂંટાતો આવતો હોવાથી શોકની ભાવાભિવ્યક્તિ માટે ગાન, ગેયતા કે લય ખૂબજ ઉપકારક નીવડે છે. શોકોર્મિકવિતામાં ઊર્મિકવિતાના સ્વરૂપને બાંધી આપવામાં ગાન અંતર્ગત કેટલાક લક્ષણોનું સાતત્ય ઉપકારક નીવડ્યું છે.

ઊર્મિકવિતામાં એક જ મનઃસ્થિતિનું કલાત્મક આલેખન હોય છે ઊર્મિકવિતાના આદર્શ માટે ચૈતસિકતા શબ્દપ્રયોગ- અર્થઘટન યોગ્ય લેખાશે શોકોર્મિ કવિતામાં કવિની માત્ર શોકમગ્ન મનઃસ્થિતિનું વિષાદમય આલેખન સંખ્યાબંધ કાવ્યોમાં મળે છે. કાવ્યમાં અન્ય ઉલ્લેખોના કેન્દ્રમાં શોકમગ્ન મનઃસ્થિતિ જ કાવ્યત્વ ભરી દે છે. માત્ર શોક અને શોકસિવાય બીજું કોઈ નહીં એવો શોકોર્મિકવિતાનો આદર્શ વિવિધ કૃતિઓ વાંચતા મળી રહે છે શોક સ્વભાવે જ સંવેદનાને નાથી એકાગ્ર કરનારો ભાવ છે. માટે singleness of mind - શોકોર્મિકવિતાની પહેલી જરૂરિયાત છે. કવિ



kalpana's

સંતપ્તી બની કૃતિમાં શોકની ભાવાભિવ્યક્તિ ઉતારે છે. શોકોર્મિકવિતા-વ્યક્તિગત અનુભૂતિની અભિવ્યક્તિ છે. શોકની અનુભૂતિ અંગત અનુભૂતિ છે તે આત્મીયતામાંથી પ્રગટે છે માટે તેને એકચિત્તતા સાથે સીધો સંબંધ છે અને સ્વજનના મૃત્યુનો ઊંડો વિષાદ પ્રગટાવે છે માટે પ્રારંભે અંગત અનુભૂતિમાંથી શોકોર્મિકવિતાના અંતે અનુભૂતિ બિનઅંગત કક્ષાએ પહોંચે છે. માટે શોકોર્મિ-કવિતા અંગત- એકજ મનઃસ્થિતિનું થતું બિન અંગત કલાત્મક રૂપાંતર છે. શોકોર્મિનો ઉદ્ભવ singleness of mind કે એકચિત્તતા વિના શક્ય નથી એનાં ઘણાં દૃષ્ટાંતો શોકોર્મિકવિતામાં ઉપલબ્ધ છે.

ઊર્મિકવિતાની ચર્ચા નિમિત્તે વિવેચકોએ આત્મલક્ષી અને પરલક્ષી ઊર્મિકવિતાના બે મુખ્ય પ્રવાહો સૂચવ્યા એમાંથી શોકોર્મિકવિતા આત્મલક્ષી ઊર્મિકવિતાના પ્રવાહની કવિતા શોકની અંગત ઊર્મિના સંદર્ભે ઉચિત છે. ઊર્મિ-કવિતામાં personal વ્યક્તિગત અને આત્મલક્ષી ઊર્મિનું આલેખન હોય એ લક્ષણ પ્રમાણે શોકની ઊર્મિ આત્મલક્ષી અને વ્યક્તિગત સંવેદના અને અનુભૂતિ છે. સદ્ગત સાથેની આત્મીયતામાંથી પ્રગટતી શોકની ઊર્મિ હોવાને કારણે શોકોર્મિ-કવિતા આત્મલક્ષી ઊર્મિકવિતા તરીકે ઓળખાઈ છે. ઊર્મિકવિતાના સ્વરૂપની દૃષ્ટિએ શોકની ઊર્મિનું આત્મલક્ષી આલેખન સ્વીકાર્યા પછી ઊર્મિની આલેખનમાં માત્રાની અપેક્ષા નિશ્ચિત રૂપે છે. ઉદ્ભવ સમયની લાગણીનો સહજોદ્ગાર કવિતામાં તેટલીજ ઊંચી માત્રાએ પ્રગટ થાય એ આવકાર્ય અને અનિવાર્ય છે. ઊર્મિનું સાચા સ્વરૂપે પ્રાગટ્ય એ ઊર્મિ કે લાગણીના સંદર્ભે નિર્વિવાદ છે. શૃંગાર અને શોક, માટે લાગણીના સહજોદ્ગાર અનુભવાય તે માત્રાએ ઊર્મિનું પ્રાગટ્ય શોકોર્મિમાં પ્રગટ થાય તે ઉત્તમ અભિવ્યક્તિ ગણી શકાય. શોકોર્મિમાં પ્રગટ થાય તે ઉત્તમ અભિવ્યક્તિ ગણી શકાય શોકોર્મિકવિતામાં અનુભવાતો મૃત્યુજન્ય વિષાદ અને સંવેદનાની ઊંચી માત્રા ઉપરાંત વિવિધરૂપોમાં પ્રગટ થતી શોકની ઊર્મિ- અભિવ્યક્તિની વિશેષતા છે. સંખ્યાબંધ શોકોર્મિકવિતા-માંથી અહીં રમણભાઈ રચિત 'તું ગઈ', બ.ક.ઠા. રચિત 'વિરહના આંસુ' બાલમુકુંદ દવે રચિત 'દાદીમાનો ઓરડો', કાન્ત રચિત 'રજાની માગણી'



kalpana's

'વિધુર કુંજ' - – જેવી કૃતિઓ વિશેષ [illegible] ઉલ્લેખનીય છે. આ કૃતિઓ ઉત્તમ શોકોર્મિ કવિતા અને અનુતાપ વિષાદ કાવ્યો પણ છે. આ કૃતિઓમાં ભાવાવસ્થાની લગોલગનો આત્મીય ઉદ્ગાર સાંભળવા મળશે. બાલમુકુંદ દવેની 'જૂનું ઘર ખાલી કરતાં' માં અથવા પત્ની વિશેના કાવ્ય 'તું જતાં' માં ઊર્મિ કવિતાની અપેક્ષાએ 'A cry so straight from the heart' ની પ્રતીતિ થયા વિના રહેતી નથી. લાગણીના હૃદયમાં પ્રાગટ્યનો immidiate ઉદ્ગાર શોકોર્મિ-કવિતામાં મળે છે. શોકની ઊર્મિ તાર સ્વરે પ્રગટ થઈ કવિતામાં સીધી અને અસરકારકતાની અનુભૂતિ કરાવે છે. તેથી શોકોર્મિ કવિતા નિર્ભેળ અભિવ્યક્તિ આપે છે. ઊર્મિનું પ્રાબલ્ય જ એવું છે કે તેને નિર્ભેળ સ્વરૂપે માણી શકાય છે તેથી Lyric ની ચર્ચામાં જણાવેલા pure, Direct અને simple lyric ના લક્ષણો શોકોર્મિમાં એકરૂપ થઈને આવે છે રમણિક અરાલવાળા કોઈક રચિત 'વિખૂટા મિત્રને' કે જગદીશ જોશીના 'રાવજી પટેલની હેલીએ' અથવા પ્રિયંકાની મલ્લિકાના 'વિદાય' કાવ્યમાં વિરહ અને વિષાદની આ સ્વરૂપે અભિવ્યક્તિ મળે છે. ઉશનસ્ કૃત 'ફૂલ ખર્યું' અને કુસુમ પાઠકની ગાંધીને આપેલી મિતાક્ષરી અંજલિમાં વિરહ-વિષાદ-વેદનાની આવી સીધી તીવ્રતા ઘૂંટાતા વિષાદની વ્યથા-વલોપાત અનુભવાય છે. બ.ક.ઠા. ના 'ધૃતિકણી' 'ચકરડું', જેવાં કાવ્યોમાં pure, Direct, Simple અને immidiate ઉદ્ગાર મળે છે.

ઊર્મિકાવ્યનું સ્વરૂપ બાંધનારા મુખ્ય ત્રણ પરિબળોમાં વિદ્વાનો વિચાર, ઊર્મિ કે કલ્પના ગણાવે છે. આ ત્રણમાંથી જેનું પ્રાધાન્ય કાવ્યમાં હોય તે પરથી ઊર્મિકવિતાનો વર્ગ નક્કી કરી શકાય. એમાં શોકોર્મિ મહદ્અંશે ઊર્મિપ્રધાન ઊર્મિકવિતા ગણાય છે. કારણ કે એમાં વિચાર નહીં પણ શોકની ઊર્મિ કેન્દ્રસ્થાને છે. પરંતુ ઉપર્યુક્ત ત્રણેય જે ઊર્મિકવિતામાં હોય તે કાવ્ય ઊર્મિકવિતાનું આમ તો વિરલ દૃષ્ટાંત ગણાય. દુર્લભ દૃષ્ટાંત તરીકે તેનું વિશેષ સ્થાન ગણાય છે. અર્વાચીન ગુજરાતી કવિતામાં ઊર્મિકવિતાના



kalpana's

હવે 'વિદેહ ને વિમુક્ત અયિ નારી' કવિતા કાવ્યત્વના અનેક ગુણોના સમૃદ્ધિમાં દ્રષ્ટાંત રૂપે બની આવતી તે હરિશ્ચંદ્ર ભટ્ટની અને અર્વાચીન ગુજરાતી કવિતાની ઉત્તમ કૃતિ છે. એમાં ઉપર્યુક્ત ત્રણેય અંશો સમતોલ રીતે પ્રગટે છે. બ્હેનના મૃત્યુની સઘન વેદનાની કલાત્મક અભિવ્યક્તિ છે. તેથી તે બ્હેનના વિષાદને ગાતું આપણું ઉત્તમ શોકોર્મિકાવ્ય છે. અહીં ખાસ નોંધપાત્ર એ છે કે શોકોર્મિકવિતા તરીકે ઉત્તમ ગણાતી કૃતિઓ ઊર્મિકવિતા અને સમગ્ર અર્વાચીન ગુજરાતી કવિતાની પ્રથમ પંક્તિમાં શોભે તેવાં કલાત્મક અને કાવ્યત્વ સભર કાવ્યો શોકોર્મિ કવિતા પાસે છે એ શોકોર્મિ કવિતાના ઊંડાણ અને વિકાસનો અંદાજ આપી જાય છે. 'વિદેહ ને વિમુક્ત અયિ નારી' કાવ્યમાં તો ઊર્મિકવિતાની સ્વરૂપગત મહત્ત્વના ગણાયેલા લક્ષણ તરીકે Thought, or passion or imagination ઉપરાંત ત્રણેય અંશોનો સુભગ સમન્વય છે તેથી પં.ક.ઠા ના અભિપ્રાય અનુસાર તે ઉત્તમ 'ત્રિદોષોત્તમ' કાવ્ય છે.

ઊર્મિકવિતામાં ઊર્મિનું મહત્ત્વ સૌથી વધુ અને અનિવાર્ય છે પણ તે ઉલ્લેખ પૂરતી હોવી એ ન જોઈએ. ઊર્મિના ઉલ્લેખને બદલે સંવેદના કે અનુભૂતિનો સાક્ષાત્કાર થાય તેવી અભિવ્યક્તિ હોવી જોઈએ. કારણ કે ઊર્મિ-કવિતામાં ઊર્મિ તેનું પ્રાણતત્ત્વ છે માટે જ સમગ્ર કવિતા ઊર્મિમય જ હોવી જોઈએ. અને તેની સ્ફુરણા પણ વિશિષ્ટ સ્વરૂપે સઘન અભિવ્યક્તિમાં અનિવાર્ય છે. ઊર્મિકવિતામાં ઉત્કૃષ્ટ ઊર્મિનું આલેખન તેની પહેલી શરત છે.

પ્રબલ ઊર્મિ કવિતાનું લક્ષણ ગણાયું છે. હૃદયમાં જાગતી ઉદ્ભવે અને તેનું મોકળાશનું રૂપ થાય તે પહેલાની ક્ષણ લાગણીનો ઉદ્ગાર છે. એમાં સંવેદનાનું સાચું સ્વરૂપ અને માત્રા અનુભવી શકાય. તે પછી તેનો વિસ્તાર તેના પટને પાતળો બનાવે છે. તેથી ઊર્મિના ઉદ્ભવની ક્ષણને સચોટ રીતે વ્યક્ત કરે એવા માધ્યમથી લાઘવનું ઊર્મિ કવિતામાં મહત્ત્વ છે. વિલાપ-પ્રલાપે વ્યક્ત કરતી લાંબી રચનાઓ કરતાં શોક જ કે વિષાદની વેધકતા



kalpana's

માટે લાઘવનું પાલન ઊર્મિકવિતામાં અગત્યનું સ્થાન છે. શોકોર્મિકવિતામાં શોક કે વિષાદની ઊર્મિની ઉત્કટતા નભે તેટલી જ વાર ઊર્મિકવિતામાં લાગણીનો સઘનોદ્ગાર સંભવે તેથી મર્યાદિત પંક્તિ સંખ્યામાં ઊર્મિના ઘટ્ટ પોતને જાળવતી કૃતિઓ લાંબી કૃતિઓ કરતાં વિશેષ ચોટદાર અભિવ્યક્તિ આપે છે.

એમાં સોનેટ કરતાં પણ ઓછી સંખ્યામાં અદ્ભુત અભિવ્યક્તિ આપતી 'વિજોગ ને વિરહ આપ તારી', શોકોર્મિ કવિતાનું મૌક્તિક બની રહે છે. પરંતુ પંક્તિમર્યાદાની દૃષ્ટિએ અને કાવ્યસ્વરૂપની દૃષ્ટિએ લાઘવના ઉત્તમ ઉદાહરણો પણ શોકોર્મિકવિતા પૂરાં પાડી શકે એમ છે. ઉષા પાઠકની માત્ર બે પંક્તિમાં 'ગાંધીજીને અપાયેલી અંજલિ કે મિ. કલ્પનાના બાળવયમાં જ અવસાનથી સ્નેહરશ્મિએ 'ઝાકળ જેવું જીવી ગઈ તું, લઈ કમળો ભીનાં.....' કહી હાઈકુમાં આપેલી અંજલિ શોક, વિયોગ અને વિષાદની વેધક અભિવ્યક્તિ આપે છે. હૃદયમાં જાગતી સંવેદનાની સ્થિતિ અને ગતિ તીવ્રતમ્ હોય છે તેથી જ તેની તીવ્રતા માટે Arrow like flight કહી તેનું પ્રાગટ્ય અને ગતિની સમજ આપી છે. તેને યથાર્થ લાઘવયુક્ત અભિવ્યક્તિ સ્નેહરશ્મિ, ઉષાપાઠક અને હરિશ્ચંદ્ર ભટ્ટ ની કવિતામાં મળે છે. સોનેટ અને તેનાથી ઓછી પંક્તિઓમાં મળતી શોકોર્મિકવિતા અને વિષાદકાવ્યો, લઘુવિરહોર્મિકવિતાના વર્ગની ઉત્તમ શોકોર્મિકવિતાનો મોભો પામી તેમાં લાઘવનો ઉત્તમ ફાળો અને અસર છે. તેમાં ટૂંકી, સીધી, વેગવંત અને તીવ્રતમ વિષાદની અભિવ્યક્તિ છે.

છંદ ઊર્મિકવિતાનું એક વિશિષ્ટ લક્ષણ છે. ઊર્મિકવિતાના સ્વરૂપમાં Rhythm ની ચર્ચા દરમિયાન છંદને મહત્ત્વનું લક્ષણ ગણ્યું છે. શોકોર્મિકવિતા આપણને બન્ને સ્વરૂપોમાં ઉપલબ્ધ છે. છંદોબદ્ધ રચનાઓ અને અછાન્દસ રચનાઓ, રીધમની ચર્ચામાં લયનું મહત્ત્વ વિવેચકોએ નોંધ્યુ છે. ઊર્મિ પોતાનો આગવો લય છે સંવેદના તેની સાથે લય લઈને પ્રગટે છે માટે છંદોબદ્ધ

kalpana's

રચનાઓમાં છંદ સાથે તેનો સમન્વય જોવા મળે છે. લય છંદમાં પરોવાઈને આવે છે. મધ્યકાલિન લોકઢાળમાં મળતાં 'યશોદા વિલાપ' થી શરૂ થતી શોકોર્મિ ઝવેરચંદ મેઘાણી કૃત 'ભર ભર છાંટું અંજલિ' અને 'આ લેવાયેલા સંદેશા' માં સોરઠી છંદ અને ઢાળમાં મળે છે જ્યારે બાલમુકુંદ દવેની કૃતિમાં 'અંજલિ' કવિતામાં ન્હાનાલાલને અપાયેલી અંજલિમાં લય, ઢાળ, દ્વારા કવિ વલોપાતને પ્રગટ કરે છે. કાન્ત, બ. ક. ઠા., બાલમુકુંદ દવે, ઉશનસ્ પછી રાવજી પટેલના 'આઇ' માં પણ સંસ્કૃત વૃત્તોમાં શોકોર્મિની વેધક અભિ-વ્યક્તિ મળે છે. શિખરિણી, પૃથ્વી, મંદાક્રાન્તા, જેવા વિવિધ છંદોમાં

આવી કૃતિઓ પરથી કહી શકાય કે શોકોર્મિકવિતામાં ઊર્મિકવિતાને યોગ્ય Rhythm - છંદમાં વૈવિધ્યસભર અભિવ્યક્તિ આવી છે. 'નવી કવિતા' ના અર્વાચીન ગુજરાતી કવિતાના/પ્રવાહમાં 'નવી કવિતા' થી છંદના બંધનોમાંથી મુક્ત અછાન્દસ કવિતા વિકસી શોકોર્મિકવિતા તેથી અછાન્દસ કૃતિઓમાં પણ ખૂબ અભિવ્યક્તિ આપે છે. એમાં 'ચંતિદલાલની પ્રથમ પુણ્યતિથિએ' ચીનુ-મોદીની ' પિતાની પ્રથમ પુણ્યતિથિએ' હીરૂ પારેખની 'ક્યાં છે પ્રહ્લાદ' લાભશંકર ઠાકરના 'વિલાસ વિલય' જેવી અછાન્દસ રચનાઓમાં શોકની તીવ્ર અને વેધક અભિવ્યક્તિ મળે છે. આ દૃષ્ટાંતો પરથી એટલું સ્પષ્ટ થાય છે કે શોકોર્મિકવિતા છંદોબધ્ધ રચનાઓમાં પણ સચોટ ભાવાભિવ્યક્તિ આપે છે અને ભાવના લયને અછાન્દસ કૃતિઓ પણ સચોટ પણે પ્રગટ કરે છે. અછાન્દસ છંદથી મુક્ત હોઈ શકે પણ લયથી મુક્ત નહીં કારણ કે ઊર્મિ, લય સાથે લઈને આવે છે. માટે લય - Rhythm જે ઊર્મિ કવિતાનું લક્ષણ છે તે અછાન્દસ શોકોર્મિકવિતામાં પણ મળે છે.

ઊર્મિકવિતાના લક્ષણે શૈલીનો વિચાર કરતાં એમ જ કહેવું યોગ્ય છે કે ઊર્મિનો પટ જ શૈલી છે. શૈલી ઊર્મિકાવ્યનું અવિભાજ્ય રૂપ છે. નિરાકાર ઊર્મિની અભિવ્યક્તિ માટે ભાષાનું તત્ત્વ મુખ્ય માધ્યમ છે અને તેમાં રહેલી અભિવ્યક્તિમાં પ્રગટતું કૌશલ છે. તે કાવ્યે કાવ્યે વિવિધ રૂપે મળે છે.



kalpana's

કેટલાક શોકોર્મિકાવ્યોમાં વર્ણનાત્મક, તો કેટલાક કાવ્યોમાં તુલનાત્મક તો કેટલાકમાં એકોક્તિ કે દ્વિરુક્તિ અથવા સંવાદ-એમ શૈલીના વિવિધ સ્વરૂપે શોકની ભાવાભિવ્યક્તિ મળે છે. એમાં રૂપક, દૃષ્ટાંત, ભાવ, રસ, વિરામ ચિહ્નોની કરામત, પદલાલિત્ય-વિવિધ અર્થસંદર્ભ, લય, ઢાળ, છંદની ભાવ સાથેની એકરૂપતા જેવા અનેક તત્ત્વો મળે છે. શૈલી કોઈ એક માત્ર ભાષા નથી પણ ભાષાથી વિશેષ ભાષામાં આવતો અનેક કલાતત્ત્વોનો સમન્વય છે. ભાષાને મ્હોરી ઉઠવાનું થાય તેવા તત્ત્વોનો સમન્વય અને તેનું અભિવ્યક્તિમાં ઉત્તમ પ્રાગટ્ય એ શૈલી છે. ઉશનસ્ કૃત 'વળાવી બા, આવ્યા', કે મનસુખલાલ ઝવેરી કૃત 'દાદા' , હીરાબેન પાઠક કૃત 'પરલોકે પત્ર', રામનારાયણ પાઠક કૃત 'છેલ્લું દર્શન,'બ.ક.ઠા.' કૃત 'આરતી' ઉમાશંકર જોશી કૃત 'રડો ન મુજ મૃત્યુને'

આમ કાવ્યોમાં શૈલીનું વૈવિધ્ય સાંપડે છે પણ શોકોર્મિકવિતાને 'ઊર્મિકવિતાના વર્ગની કવિતા કહીએ છીએ ત્યારે એની અંતર્ગત આવતી તમામ વિવિધતામાં એક વિશેષ સામ્ય મળે છે. આ સામ્ય ઊર્મિકવિતાના સ્વરૂપનું લક્ષણ પણ છે. ઊર્મિકવિતાની ભાષા વર્તમાન કાળની છે. શોકોર્મિકવિતામાં વ્યક્ત થતી શોકની ભાવાભિવ્યક્તિ પણ વર્તમાનની સંવેદનાના સ્વરૂપે કાવ્યોમાં આલેખાઈ છે. રડો ન મુજ મૃત્યુને ? કાવ્યનો ઉપાડ વિશેષ રૂપે થતો હોવા છતાં કે મનસુખલાલ ઝવેરી કૃત 'આજ નયનો ? રડો' માં વર્ણનાત્મક પદ્ધતિએ કાવ્યત્વ વિકસ્યું હોવા છતાં મૃત્યુજન્ય શોક અને વિષાદ અહેસાસ સ્વરૂપે નથી મળતાં સાંજીના ઝબકીને ઊઠેલા સહજોદ્ગારની તાતી અને તાજી તાસીર એમાં તરવરે છે. સઘળા પ્રાય: શોકોર્મિકાવ્યોમાં શોકની વર્તમાન સ્વરૂપે આવતી સંવેદના ઊર્મિકવિતાના સ્વરૂપનું યથાર્થ અનુસરણ છે.

સંઘટન ઊર્મિકવિતાનું સ્વરૂપલક્ષણ છે. ઊર્મિને કાવ્યદેહમાં ઉતારવા માટે સંઘટન અનિવાર્ય છે. એકતા અને કલાત્મકતા કાવ્યને સંઘટન પૂરા પાડે છે. સંઘટનથી જ ઊર્મિકવિતાનું રૂપ ખીલે છે. રૂપઘડતરમાં કલાત્મકતાના



kalpana's

આવતો મહામૂલો ફાળો છે તેમાં કવિકર્મ અને ભાષાકર્મનો ફાળો ભાગ ભજવે છે. મૃત્યુજન્ય શોકનો ઉલ્લેખ તો શોકદર્શક ઠરાવમાં પણ હોય છે પણ એના કરતાં વિશેષ આત્મીકતા સાથે શોકોર્મિ વિષાદકાવ્યમાં પ્રગટ થતી હોય છે. એમાં સંઘટન અને આત્મીકતા ઊર્મિ નિષ્પ્રાણ અહેવાલમાંથી સાચી લઈ સંવેદનશીલ, ભાવવાહી, રૂપે ઊર્મિનું આત્મીક રૂપાંતર શોકોર્મિ-કવિતામાં કરે છે. કવિતાનો ઉપાડ, વિકાસ અને સમાપન સંઘટન વિના શક્ય નથી. તેનો આકાર બાંધવામાં સંઘટનનો મોટો ફાળો છે. એની પ્રતીતિ હરિશ્ચંદ્રના 'નિદ્રોન્મિ નિર્મળ આંખ તારી', ઉશનસ્‌કૃત 'હું જ મુજ પિતા', સ્નેહરશ્મિ કૃત 'લગ્ન સ્વપ્નની નાવ', જેવા શોકોર્મિકાવ્યો ઉલ્લેખનીય છે.

ઊર્મિકવિતા માટે 'પહેલો અવાજ' મહત્વનો છે. શોકની અનુભૂતિ આમેય વ્યક્તિગત, આત્મલક્ષી અનુભૂતિ છે. એની અભિવ્યક્તિ આપણું કાવ્ય હોવાથી જ શોકોર્મિ આત્મલક્ષી ઊર્મિકવિતા છે. લાગણીના ઉદ્ભવની લગોલગની અભિવ્યક્તિ ઊર્મિકવિતામાં હોય માટે સહજોદ્‌ગારની તીવ્રતમ અભિવ્યક્તિ ઊર્મિકવિતાની પહેલી અપેક્ષા છે. કવિ પોતે અનુભવે તેની સીધી રજૂઆત ઊર્મિકવિતામાં હોવાથી કવિતામાં કવિનો પોતાનો પહેલો અવાજ સંભળાય છે. શોકોર્મિ આત્મલક્ષી ઊર્મિ છે. લાગણીનું તરત અને તીવ્રતમ કાવ્યરૂપાંતર ઊર્મિકવિતા છે. તેથી પ્રત્યેક શોકોર્મિ કવિતા એ વિષાદકાવ્યમાં પહેલો અવાજ કવિની અનુભૂતિ વિલંબ અને આયાસ વિના યથાવત્ સ્વરૂપે મળે છે. એની શોકોર્મિકવિતામાં ઊર્મિકવિતાની દૃષ્ટિએ કવિનો 'પહેલો અવાજ' પ્રગટ કરે છે.

અર્વાચીન ગુજરાતી કવિતાના પ્રકારવૈવિધ્યમાં સૌથી વધુ ઐતિહાસિક અને સાહિત્યિક મૂલ્ય ધરાવતી ઊર્મિકવિતાનો પ્રકાર વર્ણો પહેલાં, કદાચ સૌપ્રથમ માનવના ઉદ્‌ગારની સાથે ઉદ્ભવ થયો એમ વિવેચકો સ્વીકારે છે. તેમાં ભાતી ભાવાભિવ્યક્તિ, વિષયવૈવિધ્ય, પ્રકારવૈવિધ્ય આદી અનેક



kalpana's

દૃષ્ટિકોણથી તપાસી વિદ્વાનો અને વિવેચકોએ ઊર્મિકવિતાને અન્યથી નોખી રીતે ઓળખવા માટે તેનું સ્વરૂપ વિધાન જે રીતે વિચાર્યું તે રીતે, તેના દરેક ઘટકને ધ્યાનમાં રાખી શોકોર્મિકવિતાના વિવિધ દૃષ્ટાંતો લઈ તપાસી, મૂલવી અને પ્રમાણી જોઈ શોકોર્મિકવિતાને વધુ વિરહોર્મિ વર્ગની આત્મલક્ષી ઊર્મિકવિતા તરીકે સ્થાપી, ઊર્મિકવિતાના સ્વરૂપને આધારે તપાસતાં શોકોર્મિ-કવિતાને ઊર્મિકવિતા જ કહેવું યોગ્ય લાગ્યું કારણ કે ઊર્મિકવિતાના સ્વરૂપની [illegible] એ સઘળું સામ્ય અને અનુરૂપ શોકોર્મિકવિતામાં છે. સ્વરૂપ વિધાન તપાસતાં શોકોર્મિ ઊર્મિકવિતાના કુળની કવિતા છે. એમ કહેવું યથાયોગ્ય છે.

ઊર્મિકવિતાના સ્વરૂપવિધાનને આધારે જ તેના મુખ્ય લક્ષણો તારવવામાં આવ્યા છે. ઊર્મિકાવ્યને પામવા માટે એ લક્ષણો દિશાસૂચક સ્તંભો સમાન છે. કૃતિનું કાવ્યપ્રકાર તરીકેનું મૂલ્યાંકન આ લક્ષણોના માપદંડને આધારે થતું રહે છે. શોકોર્મિકવિતાને એ દૃષ્ટિએ એક [illegible] વખત જોઈ-તપાસી લેવામાં કૃતિનું મૂલ્યાંકન સમાયેલું છે. આમ તો નદીનું મૂળ અને ઋષિનું કુળ ન પૂછાય તેમ કવિતા પણ ક્યાં કુળની છે એવી ઉત્કંઠાનો ઉત્તર શોકોર્મિકવિતાનો અભ્યાસ આપે છે. અને શોકોર્મિકવિતાને ઊર્મિકવિતાના કુળની કવિતા તરીકે ઓળખાવે છે. ઊર્મિકવિતાના મુખ્ય લક્ષણોને આધારે મૂલ્યાંકન શોકોર્મિ-કવિતાને ઊર્મિકવિતા તરીકેની પૂર્ણતા બક્ષે છે. એ દૃષ્ટિએ.....

(૧) ઊર્મિકવિતામાં વિચાર ચિંતન ઉપરાંત **personal thought** શોકોર્મિકવિતામાં હાર્દમાં હોય છે. કારણ કે શોકની કવિચિત્તમાં જાગેલી સંવેદના કવિના 'પહેલા અવાજ' રૂપે, **personal thought** નું પ્રાગટ્ય છે.

(૨) **passion** ઊર્મિકવિતાનું લક્ષણ છે. લાગણીનો ઉદ્‌ગાર અને તેની તીવ્રતમ અભિવ્યક્તિ શોકની ગહન અનુભૂતિ રૂપે જ્યારે પ્રગટ થાય છે ત્યારે તે પ્રબળ આવેગ સાથે અભિવ્યક્તિ પામે છે.

(૩) કલ્પના અને **inspiration** શોકની ઊર્મિને વધુ સચોટ રીતે અભિવ્યક્તિમાં વ્યક્ત કરવા ફળદાયી બને છે.



kalpana's

(૪) લાગણીના સહજોદ્ગાર spontaneous over flow of feeling તરીકે ઓળખાય છે. શોકોર્મિકવિતામાં સ્વજનના મૃત્યુજન્ય શોકનો પ્રવાહ કવિતારૂપે વહે છે. એમાં લાગણીનો સહજોદ્ગાર તો છે જ પણ વિલાપ, વિષાદનું આલેખન spontaneous overflow અર્થાત્ શોક પ્રગટ છે. અને feeling of sorrow,sad and pain of sepe- seperation ના સ્વરૂપે શોક કે વિષાદ પ્રગટે છે. શોકની લાગણીનો સહજોદ્ગાર શોકોર્મિકવિતાની પ્રથમ અનિવાર્ય અપેક્ષા છે. એનું રૂપાંતર જ શોકોર્મિકવિતા છે.

(૫) એકાગ્રચિત્તતા- એટલે જ singleness of mind શોકની અનુભૂતિ personal feeling છે. અને તે આત્મીયતામાંથી પ્રગટે છે માટે જ શોકોર્મિકવિતા આત્મલક્ષી લઘુચિત્રોમાં જેની ઊર્મિકવિતા કહેવાય છે. તીવ્ર, વેધક અને ગહન શોક-વિષાદની આત્મલક્ષી એ શોકોર્મિકવિતામાં અભિવ્યક્તિ પામે છે. કાવ્ય ભલે તે પ્રકારનું હોઈ શકે પણ આજ પ્રકાર - વૈવિધ્યમાં પણ સર્વસામાન્ય લક્ષણ તેને શોકોર્મિકવિતા તરીકે ઓળખાવે છે. એમાં single mind ની પ્રતીતિ થાય છે.

(૬) વેગવંતુ વહન- ભાવના પ્રવાહને સૂચવે છે. કોઈપણ શોકોર્મિ- કવિતામાં માત્ર કાવ્યના ઉપાડ કે ઉઘાડ તરીકે અથવા તો સૂચન તરીકે કાવ્યમાં શોકનું સ્થાન માત્ર ઉલ્લેખ પૂરતું મર્યાદિત નથી પણ મૃત્યુના નિર્દેશ પછી વહેતો શોક ધીમે ધીમે વેગ પકડી સમગ્ર કાવ્યના ભાવજગતને શોકાર્દ્ર બનાવી દે છે. શબ્દે શબ્દે, પ્રત્યેક પંક્તિમાં અને છંદ, લય ના વળાંકોમાં શોક સજીવન થઈ કાવ્યની સમગ્રમાં સર્વવ્યાપી સંવેદનશીલ બની રહે છે. ઊર્મિકવિતાની ચર્ચામાં આ પ્રક્રિયાને Repeding of movement કહ્યું છે.

(૭) સંક્ષિપ્તતા- અર્થાત્ Brevity પણ શોકોર્મિકવિતામાં સાહજિક સચવાય છે. લાગણીના સહજોદ્ગારની સઘનતાને અનુરૂપ લાઘવ શોકોર્મિકવિતામાં ઘણાં કાવ્યોમાં ઉપલબ્ધ છે એની વિશદ ચર્ચા શોકોર્મિ-



kalpana's

કવિતામાં લાઘવ સિધ્ધિ કરી છે. તેથી પંક્તિવિસ્તારના વિવેકની સભાનતાના ફલસ્વરૂપે સૉનેટથી પણ ઓછી પંક્તિઓમાં સઘળું સુંદર આકૃતિઓ શોકોર્મિકવિતામાં મળી આવે છે.

(૮) સહજ સ્ફુર્તતા અને છંદોલય પરત્વે શોકોર્મિકવિતા પ્રયોગશીલતાને આધારે સતત વિકસતી આવી છે. શોકની ઊર્મિની ભાવાભિવ્યક્તિમાં હૃદયમાં ઊઠતી સંવેદના તેજ સહજ સ્વરૂપે કાવ્ય-માં પ્રગટે છે. રુદન, વિલાપ કે વિષાદને હૃદયમાંથી સહજોદ્-ગારથી સાથે જ નીકળેલો લય શબ્દ અને પંક્તિમાં યથાતથ પરોવાઈ અને લાઘવ પામી કાવ્ય ઊર્મિનું સ્વરૂપ અને સહજતા ઓછાં નહીં કે છેદાય નહીં તે રીતે આવે ત્યારે શોકોર્મિકવિતામાં છંદ-કૌશલ સાથે ઉત્તમ કવિતા પ્રગટે છે તેનું ઉદાહરણ હરિશ્ચંદ્રના કાવ્યોમાં 'નિરોબી' ને 'નિર્ધન આંધ નારી' ઉપરાંત મુક્તકોમાં પણ મળે છે. spontation and Rhythm દ્વારા આ સહજ સ્ફુર્તતા અને છંદોલયના જ સૂચક છે.

(૯) સંઘટન એટલે ઊર્મિકવિતાના રૂપવિધાનનો પ્રકાર શોકોર્મિ-કવિતામાં ઉઘાડ, વિકાસ અને સમાધાન સંઘટનથી આકાર પામે છે સંઘટન દ્વારા emotions recollected in tranquality નો નિર્દેશ મળે છે.

(૧૦) અભિવ્યક્તિ- Expressionથી શોકોર્મિકવિતામાં શોક અને વિષાદની ભાવાભિવ્યક્તિ સૂચિત છે. કાવ્યે કાવ્યે



kalpana's

મૃત્યુજન્ય શોકની ભાવોર્મિ વિવિધ રૂપે પ્રગટે છે મૃત્યુના સંદર્ભે લખાયેલી કાવ્યકૃતિમાં શોકની ભાવાભિવ્યક્તિ જ કાવ્યને શોકોર્મિકવિતાનું ગૌરવ અપાવે છે. શોકોર્મિ કવિતામાં કવિનો આશય જ શોકની ભાવાભિવ્યક્તિનો છે તેના વિના શોકોર્મિ-કવિતા અશક્ય છે. સંખ્યાબંધ શોકોર્મિકવિતાનો અભ્યાસ આ વિધાનની યથાર્થતાનો પુરસ્કાર કરે છે.

શોકોર્મિકવિતા માટે લાગણીના સહજોદ્ગાર, લાઘવ કે સંક્ષિપ્તતા અને એકચિત્તતા કરતાં Expression અભિવ્યક્તિનું મૂલ્ય સહેજ પણ ઊતરતું નથી.

(૧૧) ભાષાશૈલી – Language ઊર્મિકવિતાનું મહત્ત્વનું લક્ષણ છે. એના વિના ભાવાભિવ્યક્તિ શક્ય નથી. કવિતા માટે પ્રાથમિક સ્તરની ભાષા કરતાં અભિવ્યક્તિ સમર્થ બનેલું કાવ્ય-બાનીનું પોત ભાષાથી કંઈક વિશેષ સ્વરૂપનું હોવાથી શૈલીના નામે ઓળખાય છે. શૈલી જ શોકોર્મિના વિચારનો વિસ્તાર છે. ભાવાભિવ્યક્તિને અનુકૂળ-પ્રેરક, પોષક કાવ્યોચિત તત્ત્વોની તાજગી લઈને આવતી કાવ્યબાની શોકોર્મિકવિતાની શૈલી છે. શૈલી શોકોર્મિનો કાવ્યદેહ છે. એની પ્રતીતિ વિવિધ શોકોર્મિ-કવિતામાંથી મળે છે.

ઊર્મિકવિતાની સ્વરૂપ ચર્ચામાંથી તારવેલા સ્વરૂપે જોતાં તેમાં મુખ્ય લક્ષણોના આધારથી શોકોર્મિ તપાસતાં દરેક લક્ષણ કોઈને કોઈ શોકોર્મિકવિતામાં પ્રગટ થતું મળી રહે છે પ્રકારાંતરે એમ કહી શકાય કે શોકોર્મિકવિતામાં ઊર્મિકવિતાના બધાં જ લક્ષણો ચરિતાર્થ થતાં લાગે છે તેથી નિઃશંક પણે કહી શકાય કે ઊર્મિકવિતાના લક્ષણોને વરેલી શોકોર્મિકવિતા ઊર્મિકવિતાના સ્વરૂપને સિદ્ધ કરતી ઊર્મિકવિતાના કમનીય બહુવિધરૂપોની આત્મલક્ષી કવિતા છે.

kalpana's

શોકોર્મિકવિતામાંથી વિભાજન કરતાં કાવ્યવિશેષમાંથી એક શક્યતા ક્રમશઃ તેના સ્વરૂપનો વિચાર સાંપડતી ગઈ. દરેક વિભાગમાંથી ઉપલબ્ધ ઉત્તમ કાવ્યવિશેષ પરથી એટલું સ્પષ્ટ થયું કે શોકોર્મિકવિતા ઊર્મિકવિતા હોવા ઉપરાંત તેની પાસે વિભાજન કરતું કંઈક વિશેષ પોતીકું હીર છે. તેમાંથી એક જિજ્ઞાસા થઈ કે શોકોર્મિકવિતાને પોતાનું સ્વરૂપ હોય તો કેવું હોય ? અને એવી કંઈ વિશેષતાઓ શોકોર્મિકવિતામાં ઉપલબ્ધ થાય છે કે જેનાથી શોકોર્મિકવિતા બહુવિસ્તરી ઊર્મિ વર્ગની ઊર્મિકવિતાના અન્ય કાવ્યપ્રકારોથી આજ દિન સુધી પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ટકાવતી આવી છે ? શું એ વિશેષતા કે ખાસિયતો શોકોર્મિકવિતામાં જ છે ? અને જો તેમ હોય તો, એ વિશેષતાઓ શોકોર્મિકવિતામાં વર્ગની કોઈને કોઈ કવિતામાં અવશ્ય મળતી આવે તો તેને આધારે શોકોર્મિકવિતાના લક્ષણોની નાસ્તિની શક્યતા નકારી શકાતી નથી. શોકોર્મિકવિતાના કાવ્યતત્ત્વોના વિભાજન કરતા મુખ્યાંશોને આધારે કરેલી સમીક્ષાને પરથી 'શોકોર્મિકવિતાના આગવાં કાવ્યસ્વરૂપ અને અસ્તિત્વનાં લક્ષણો પણ મળી આવ્યાં. શોકોર્મિકવિતાની વર્ગીકૃત સમીક્ષામાંથી તેનો સ્વરૂપ વિચાર અને લક્ષણ નિર્દેશ આ અભ્યાસની ઉત્તમ ફલશ્રુતિ છે.

લાગણીના સંજોદ્ગાર માટે આત્મીયતા અનિવાર્ય છે. અભિવ્યક્તિની દૃષ્ટિએ શોક અને શૃંગાર લાગણીના અથવા હૃદયને પ્રકટાવતી ઊર્મિઓ છે બન્નેમાં આત્મીયતા કેન્દ્રસ્થાને છે. શોકની આત્મઅભિવ્યક્તિ શોકોર્મિકવિતાના હાર્દમાં છે. શોક આત્મીયતામાંથી પ્રકટતો હોવાથી સદ્ગત સાથેનો પ્રત્યક્ષ સંબંધ શોકોર્મિકવિતામાં નિભાવ થાય છે. મૃત્યુ માત્ર શોકનો પ્રસંગ છે. પરંતુ સ્વજનનો શોક ઊંડો, તીવ્ર હોવાથી શોકોર્મિકવિતામાં સ્વજન-સંદર્ભોને મહત્ત્વનું સ્થાન છે. કવિચિત્તની સમાધિસ્થ સ્થિતિનો વૈખરી વિલાપ સ્વજનસંદર્ભના મૂળમાં છે. વિવિધ શોકોર્મિકવિતાઓમાં પારિવારિક અને સામાજિક સંબંધોનું વૈવિધ્ય છે પરંતુ આ વૈવિધ્યમાંથી ઊભરાતો આત્મીયતાની સચ્ચાઈનો સૂર સર્વસામાન્ય છે. આકારની દૃષ્ટિએ પણ મુખ્ય ત્રણ વિભાગો.



kalpana's

માંથી પ્રિયજનના મરણનો કે મરણથી વિરહનો શોક વધુ ચડિયાતો ગણાયો છે. આ પ્રિયજનનાં મરણનો ઉલ્લેખ તેજ શોકોર્મિ કવિતામાં સ્વજન સંદર્ભ છે. કૃતિપાત્રનું ધ્યેય સહાનુભૂતિનું હોવાથી કરુણ નિષ્પત્તિ માટે શોકની વેધકતા ના મૂળમાં સ્વજન સંદર્ભ પ્રત્યેક શોકોર્મિકવિતામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. શોક અને કરુણની અનુભવાતી ચડિયાતી સહાનુભૂતિનું કારણ સ્વજનની નિકટતા જ છે. તેથી પત્નિ વિરહના કાવ્યો કે દોસ્ત-મૈત્રીના કાવ્યોમાં વિરહ-વિષાદ તારસ્વરે પ્રકટે છે. અને ઉંચી કાવ્યકોટિ તેમાં કલાત્મક રીતે પ્રકટે છે. તારસ્વરે શોક અને કરુણ વહાવતી કેટલીક પ્રથમ હરોળની આપણી શોકોર્મિ-કવિતાઓમાંથી જ અર્વાચીન ગુજરાતી કવિતામાં વિષાદકાવ્યોની ગણનામાં મૂકાયા છે. ઉત્તમ આંગળીને વેઢે ગણી શકાય તેવા વિષાદ કાવ્યો ખરેખર તો શોકોર્મિકવિતાનું જ અર્વાચીન ગુજરાતી કાવ્યસાહિત્યને નજરાણું છે. એ શોકોર્મિકવિતામાં અભિવ્યક્તિ પામતો ભાવ સાહિત્યાંતમાં ગણાયેલા ઈષ્ટ-મરણ અને સ્વજનનાશમાંથી વહેતો શોક છે. તેથી શોકોર્મિકવિતાના કલા-સ્વરૂપની ભૂમિકા, શાસ્ત્રોક્ત છે. 'સ્વજનનાશ' માં સ્વજનસંદર્ભ સૂચિત છે. શોકોર્મિકવિતામાં ઉલ્લેખમાં આવતાં અન્ય પાત્રોથી વિશેષ મહત્ત્વ હોવાથી સદ્ગત સ્વજન વ્યક્તિ વિશેષ છે. અન્ય વ્યક્તિનું મરણ ખેદજનક પણ સ્વજનનું મરણ આઘાત બને છે. નિકટતા અને આત્મીયતા તેમજ સંગતપણાથી સ્વજન સાથેનું હૃદયનું ઐક્ય બંધાય અને એ તૂટે ત્યારે સંસારમાં તેનું કોઈ પણ સમાધાન ના મળે એ સ્થિતિ શોકોર્મિના ઉદ્ભવની ક્ષણ છે. એના જ વિરહનું ગાન શોકોર્મિકવિતામાં હોય છે. શોકોર્મિકાવ્યના વ્યક્તિવિશેષનું વિશેષતત્ત્વ એ છે કે તે સદ્ગત છે. પરોક્ષ છે તેનો કદાચ સીધો ઉલ્લેખ કાવ્યમાં ના મળે તો પણ આધારે તો તે 'સ્વજન સંદર્ભ' સાપેક્ષી જ કૃતિ છે. તેથી જ સ્વજન સંદર્ભ શોકોર્મિકવિતાની ઈમારતની પાયાની ઈંટ છે. કવિતાનું બીજ સ્વજન સંદર્ભ છે.

મૃત્યુ પણ જન્મ જેવી ઈશ્વરદત્ત ઘટના હોય તો બન્નેમાંથી મૃત્યુ પ્રત્યે વલણમાં જોવા મળતો ભેદભાવ શા માટે ? આ તર્કમાંથી મૃત્યુના



kalpana's

માંગલ્યની વિભાવના વિકસી. શોકોર્મિકવિતાને મૃત્યુ સાથે સીધો સંબંધ છે. મૃત્યુ વિના શોક અસંભવ અને શોક વિના શોકોર્મિકવિતા સંભવે જ નહીં. માટે શોકોર્મિકવિતાનું કથાવસ્તુ, વિષયવસ્તુ કે મૂળ પ્રસંગ મૃત્યુ છે. શોકોર્મિકવિતામાં આવતો શોક મૃત્યુજન્ય શોક છે તેથી શોકોર્મિકવિતાના વિચારની સાથે મૃત્યુનો વિચાર કરવો પડે તેને પરિણામે અને માંગલ્યની હિમાયતને કારણે શોકોર્મિકવિતાને કલાત્મકતા મળી. તેથી કહી શકાય કે શોકોર્મિકવિતાના સ્વરૂપવિચારમાં મૃત્યુનો સમાવેશ કરવો પડે. મૃત્યુ, શોકોર્મિકવિતામાં વિવિધરૂપે માંગલ્ય લઈને આવે છે મૃત્યુ જીવનનું નિશ્ચિત, અનિવાર્ય દુઃખદ વિસ્મય છે. શોકોર્મિકવિતાની તે ઘટના છે. શોકના ઉદ્ભવમાં આત્મીયતા અને મૃત્યુનો સરખો હિસ્સો છે.

શોકોર્મિકવિતાના સંદર્ભે મૃત્યુ તપાસતાં મૃત્યુના માંગલ્ય ઉપરાંત તેનો વૈશ્વિક પ્રભાવ શોકોર્મિકવિતાને વિશ્વફલક સુધી પહોંચાડવામાં શોકોર્મિકવિતાનો વિશેષ ફાળો છે. મૃત્યુ, સ્થળ, સમય, કાળથી પર બનતી આવતી ઘટના વિશ્વવ્યાપી સનાતન ઘટના છે. આ સનાતન વિશ્વફલક પર બનતી ઘટના અને માંગલ્યની દૃષ્ટિએ કલાત્મક કાવ્યત્વ આપતી શોકોર્મિકવિતા અર્વાચીન ગુજરાતી કવિતામાં વિકસી એમાં પ્રયોગશીલતા અને નૂતનતાના આગ્રહે શોકોર્મિકવિતાનો વધુ સુંદર ઘાટ ઘડ્યો. બધીજ ચક્ષુઓને આંજી દે તેવી અને તમામ ઇન્દ્રિયોને જોતી રહી જાય તેવી સામે આવેલી સ્તબ્ધતા તે મૃત્યુ છે. મૃત્યુની સામાન્યતઃ છાપ આપણા સમાજમાં દુઃખદ, શોકજનક ઘટના તરીકે છે. પણ શોકોર્મિકવિતામાં તે ઉપરાંત મૃત્યુની પ્રશસ્તિ, મૃત્યુનું દર્શન વિવિધ સ્વરૂપે મળે છે. આ વૈવિધ્યને સામાન્યતઃ આપણે 'મૃત્યુનો અંગત અભિગમ' તરીકે ઓળખાવીએ તો તે મૃત્યુની પુરાણી વિભાવનાનું અનુસરણ હોવા છતાં તેનું મૌલિક અવતરણ શોકોર્મિકવિતાની સિદ્ધિ છે. એમાં મૃત્યુનું ગૌરવ અને મહિમા પણ સચવાય છે. ચિંતક માટે બૌદ્ધિક વિષય બની રહે તેવું મૃત્યુ શોકોર્મિકવિતા માટે ભાવાભિવ્યક્તિની સઘનતા માટે પણ અત્યંત ઉપકારક છે. શોકોર્મિકવિતામાં મૃત્યુ પછી દેહ કરતાં આત્માની માવજત અને વિચાર



kalpana's

વધુ થયો છે. મૃત્યુનું દર્શન અને અર્થઘટન શોકોર્મિકાવ્યોમાં વિશેષ સૌંદર્ય અને પ્રભાવ રચે છે. મૃત્યુના યથાવત્ કે પરંપરાગત રૂપ કથન કરતાં શોકોર્મિ-કવિતા તે કરતાં એક ડગલું આગળ જઈ મૃત્યુને મૃત્યુને મંગલ, પાવનરૂપ આપી શણગારી દર્શનીય બનાવી ઊંચે દરજ્જે સ્થાપે છે. એટલે મૃત્યુનું માંગલ્ય કવિની કરામત અને કવિતાનો પ્રભાવ છે. મૃત્યુની વિભાવનાનો સ્વીકાર, સુધાર, વિકાસ કરી માનવસંહારમાં મૃત્યુ કાયમ અપૂર્ણ અર્થાત્ નિષ્ફળ લાગતાં માનવની જ સર્વોપરિતાના અર્થઘટનમાં મૃત્યુથી નીડર બનવાનો આગ્રહ કવિઓ સ્પષ્ટ કરે છે. યુગોથી તેના અર્થને પામવાના, રહસ્યને ઉકેલવાના સમર્થ અને સફળ પ્રયત્નો થયા હોવા છતાં મૃત્યુ વણઉકલ્યું રહસ્ય છે. સંસાર જેને મૃત્યુ તરીકે જુએ છે કે ઓળખે છે એ તો મૃત્યુ પછીની મૃત્યુની અસરને જુએ છે. ચિંતનોર્મિકવિતામાં આવતા મૃત્યુના ઉલ્લેખથી શોકોર્મિકવિતામાં ઉલ્લેખ પામતું મૃત્યુ જુદા સ્વરૂપે છે. સદ્ગતના આધારે મૃત્યુની ચર્ચા હોવાથી તેમાં શુષ્કતાને બદલે લાગણીનું ભાવ તત્ત્વ સજીવ થઈ જાય છે. જે કવિતા માટે ઉપકારક છે. આત્મીયતા (સ્વજનની) નો ભાવ તેને મૃત્યુજન્ય બનાવે છે તે શોકોર્મિકવિતાની સિદ્ધિ છે. મૃત્યુના વિવિધ લક્ષણો, દર્શનો, તુલનાઓ, સ્વરૂપોના વૈવિધ્યમાંથી એક જ સત્ય સાંપડે છે કે નિયતિ સંચાલિત મૃત્યુ જ જીવનની શ્રેષ્ઠ અભિવ્યક્તિ છે.

જન્મ અને મૃત્યુ જીવમાત્રની ઈશ્વરદત્ત ઘટના છે. માનવ તેનું નિમિત્ત છે તે સંદર્ભે મૃત્યુ પ્રત્યે તેનો પ્રતિભાવ કેવો હોવો જોઈએ એ વિચાર માગી લે તેવો મુદ્દો છે. પરંપરાગત રીતે પ્રતિભાવના પ્રચલિત પ્રસંગોમાં વર્તતા ભયમાંથી માનવના ડહાપણે અને સંસ્કારે મૃત્યુને માંગલ્ય આપ્યું. મૃત્યુના મંગલ અભિગમની પાંગરેલી ભાવનાઓનાં પગલાં અર્વાચીન ગુજરાતી કવિતામાં પણ તેની અભિવ્યક્તિ મળે છે. મૂઢમતિને બદલે હવે માણસ મુક્તદ્રષ્ટા બની રહેવાને બદલે મૃત્યુને સમજતો, વાગોળતાં, તેના રહસ્યને પામવા માટે સતત ચિંતનશીલ અને યત્નશીલ રહ્યો છે. તેમાં શોકોર્મિકવિતાના ક્ષેત્રે થયેલી અભિવ્યક્તિઓનું સાહિત્યમાં વિશિષ્ટ પ્રદાન છે. શોકોર્મિકવિતામાં બે સ્વરૂપે જ તેની અભિવ્યક્તિ મળે છે. પરંપરાગત અભિવ્યક્તિ અને અભિવ્યક્તિમાં પ્રયોગશીલતા એ અભિવ્યક્તિ



kalpana's

ખીલવવામાં ધર્મ, પુરાણ, સાહિત્ય જેવા અનેક માધ્યમોનો ઉત્તમ ફાળો છે. ચિંતનના પરિપાકે નવી વિભાવનાઓ, અભિધા–વ્યંજના–લક્ષણામાં ઉઘડતી સર્જકપ્રતિભા, મૃત્યુ એટલે મંગલપ્રસ્થાન જેવા નૂતન અભિગમનો વૈભવ સંપન્ન થાય છે.

આત્માની ગતિ અવિરત છે. જો પિંડમાં બહારથી વિચારણા કરતાં, ઉર્ધ્વદિશા તરફ ગતિ કરતાં આત્માના સંદર્ભમાં મૃત્યુ તેના પ્રવાસનો વળાંક તેના લયનાં યતિ છે. તેથી મૃત્યુ મંગલ–પ્રસ્થાન છે. યતિ કે વિરામ ક્ષણવાર છે. મૃત્યુ એવી દેહની સ્થિતિ છે. આત્માની ગમનશીલતાને જ્યાં ઇન્દ્રિયો જોતી રહી જાય એને આપણે મૃત્યુ તરીકે ઓળખાવીએ છીએ. મૃત્યુને માંગલ્ય અર્પવાના એકાત્મિક અભિગમ શોકોર્મિકવિતાની સિદ્ધિ છે.

મૃત્યુની વાસ્તવિકતા બે સ્વરૂપે સંભવિત છે. અનુભૂતિ અને અભિવ્યક્તિ તેનું આલેખન ભાવક કરે પણ ભાવક પર આધારિત છે. સામાન્યતઃ મળતાં આલેખનો મૃત્યુના ભાવકે જોયેલાં કે અનુભવેલા દર્શનો છે. મૃત્યુના દર્શનો આપણે ત્રણ તબક્કે વિચારી શકીએ અનુભૂતિ, મૃત્યુનું દર્શન અને લોકમાનસમાં મૃત્યુ. આ ત્રણેય સ્વરૂપે શોકોર્મિકવિતામાં મૃત્યુનો પરિચય મળે છે. એમાં કવિતાની સિદ્ધિરૂપ માંગલ્યના આરોપણનો ફાળો વિશિષ્ટ છે ભય અને આતંકના અંધકારમાંથી બહાર કાઢી શાંતિ, અને આત્માના શમનની ક્ષણને પ્રેક્ષણીય, દર્શનીય, પાવન બનાવી દે છે. મૃત્યુનું વૈચારિક વિશ્લેષણ ચિંતનનો વિષય છે પરંતુ કવિતામાં એ વિચાર–ચિંતનને ભાવનાનો યોગ મળે છે. આ યોગને કવિ–પ્રતિભા કૌશલ્ય વડે માંગલ્ય પ્રદાન થતાં મૃત્યુનું ગૌરવ વધી જાય છે. બ.ક.ઠા. તેમાં શીતળતા જુએ છે. સુંદરજી બેટાઇ તેને 'અદીઠ સવારી' કહે છે. રામનારાયણ પાઠક મંગલ–પાવના દર્શન કહે છે.

મધ્યકાલીન કવિતાથી અર્વાચીન કવિતા મૃત્યુના આલેખનમાં એક કદમ આગળ છે. મૃત્યુથી નિર્ભય થવા માટેની અભિવ્યક્તિરૂપે મળતાં આલેખનોમાં 'દિવંગત ગુરુદેવને' માં વ્યક્ત થતું આત્માનું અમરત્વ, ફીક્કું પડી જતું મૃત્યુ, મૃત્યુપર વિજય, માનવને હરાવવા જતાં મૃત્યુ હારશે, થોડા મૃત્યુથી લહેરાતા લોકસાગર પર શી અસર થવાની છે? એવી અભિવ્યક્તિઓ મૃત્યુના



kalpana's

ભય સામે સજ્જ થવા માટે બળ આપે છે. ધૈર્ય અને સમજ આપે છે. નિરંજન ભગતના કાવ્યમાંથી એવું દર્શન થાય છે કે આત્માનું વ્યાપક વિસરણ, મુક્તિ અને નવીન પ્રાગટ્ય એટલે મૃત્યુ. જ.ક.ઠા., સ્નેહરશ્મિ આદી કવિઓ મૃત્યુની મર્યાદા સાબિત કરી આશ્વાસન આપે છે. દેહનશ્વર છે એને જન્મ શું ને મરણ શું? અને આત્માને મૃત્યુ શું કરી શકવું નથી કારણ કે તે પરમાત્માનો અંશ છે અને પરમાત્માગામી છે. તેથી અંતે મૃત્યુ મરણ જ ઝૂંપે છે. સતત મથતા રહેવા છતાં મૃત્યુનું કાર્ય કાયમ અપૂર્ણ જ રહે છે એ મૃત્યુ માટે હાર, મર્યાદા, કે અભિશાપ નહીં તો બીજું શું? અંતે તો માનવનીજ સર્વોપરિતા છે. માટે મૃત્યુ પર માનવનો વિજય છે. મૃત્યુ માણસને મારે મારે પણ તેની સ્મૃતિ રૂપે માનવ અન્યના ચિત્તમાં સજીવન થાય છે તેને મૃત્યુ મારી શકતું નથી તેથી સ્મૃતિ જીવાડે છે. મૃત્યુ કરતાં સ્મૃતિ ઉન્નત છે. મૃત્યુના આ પ્રકારનાં આલેખનો પરથી –

કહે છે કે ' And death shell have no Dominin ' તેમ મૃત્યુનું કોઈ સામ્રાજ્ય નહીં હોય. — મૃત્યુ એક રહસ્ય તરીકે વિચારીએ તો મૃત્યુનો દેવતા દેખાતો નથી તેના કાર્યનું પરિણામ એજ મૃત્યુ છે. એ સૃષ્ટિના નિયંત્રણનું એક બળ છે મૃત્યુ સંસારના ગૂઢ રહસ્યનું પ્રાગટ્ય છે. મૃત્યુ વિશેની આપણી સમજ તેના સંપૂર્ણ સ્વરૂપ અને કાર્યનો અંશનો પણ અંશ હશે. તેના રૂપોમાંના એક રૂપની એક રજૂઆતની માત્ર ઘટનાની એક ઝલકથી પણ ઓછું કહી શકાય. મૃત્યુ વિશે ઉપલબ્ધ જ્ઞાન કે સમજ આત્યંતિક પૂર્ણ સત્ય નથી. જોઈ જુઓ તે તેની પ્રાથમિક સ્થિતિ અને શોધો તેટલું તે ગહન છે તેથી મૃત્યુ અનેક રહસ્યો પ્રગટાવે છે.

મૃત્યુની અભિવ્યક્તિના વૈવિધ્ય પરથી તર્ક-વિતર્ક જાગે પરંતુ એક સ્પષ્ટ વાત છે કે આયુષ્યની અંત રૂપે મૃત્યુની સ્થિતિ એક પરિણામ છે. આત્માએ ઉડી જવું અને દેહનું પડી જવું એને સંસાર મૃત્યુ તરીકે ઓળખાવે છે; ત્યાર પછી આત્માની માત્ર ભટકણો જ રહે છે. કર્મ ફળવિહીન હોય નહીં એમ માનીએ તો, અને સૃષ્ટિનો ઘટનાક્રમ એક નિશ્ચિત નિયંત્રણ પ્રમાણે



kalpana's

ચાલે છે એવી માન્યતા પ્રવર્તે છે એ બન્નેના સારરૂપે મૃત્યુનું અર્થઘટન સ્નેહરશ્મિ કરે છે તેમ પ્રમાણ થશે. The call of unseen છે એ દૃષ્ટિએ મૃત્યુ-વિષયક ચિંતન પણ એક અટકળ જ છે.

ચિંતનોર્મિકવિતા અને શોકોર્મિકવિતા, બન્ને ઊર્મિકવિતાના લઘુવિરહોર્મિવર્ગની કવિતા ખરી બન્ને કવિતામાં ચિંતન કાવ્યત્વનું અંગ પણ ખરું પણ ચિંતનોર્મિથી શોકોર્મિકવિતા એ રીતે જુદી પડે છે કે શોકોર્મિકવિતામાં ચોક્કસ વ્યક્તિના મૃત્યુ નિમિત્તે ચિંતન પણ ચોક્કસ મર્યાદામાં હોય, ચિંતનોર્મિકવિતામાં ચિંતન સ્વાયત્ત (વ્યક્તિના મરણ સિવાયના) સ્વરૂપે પણ સંભવે શોકોર્મિકવિતામાંથી એક સત્ય સાંપડે છે કે શોકોર્મિકવિતામાં મૃત્યુ આલંબન છે.

મૃત્યુનિમિત્તે શોકનું સ્વરૂપ, સત્ય અને ઔચિત્ય વિશે સ્પષ્ટ કહી શકાય કે અસ્થાને શોક ન હોય,- દેહ આત્માવિના નિર્જીવ છે. અને આત્મા બ્રહ્મથી, આપણાથી પણ પર છે માટે તો આપણે તેની આગળ લાચાર છીએ. વળી આત્માની અવિરત ગતિમાં જન્મ-મૃત્યુ સહજ છે. મોહનું પરિણામ દુઃખ છે અને અંગત અનુભૂતિ મોહ પર આધારિત છે. મોહ મૃત્યુની અનુભૂતિ દુઃખદ બનાવે છે એ સૌનો અનુભવ છે. અંગત અનુભૂતિમાં જ શોક ઉત્કટ સ્વરૂપે પ્રગટ થાય છે. અર્થાત્ અન્યનાં મૃત્યુ એટલું દુઃખદ નથી જેટલું આપણે અનુભવીએ છીએ એ શોકજનક નહીં સહજ છે. પ્રિયજન માટેની અંગત અનુભૂતિ અને મોહના અનુસંધાનમાં તે [illegible] વિશેષ અભિવ્યક્તિનો વિષય બને છે બાકી વૈશ્વિક નજરે જન્મ, મૃત્યુ સંસારના ઘટનાક્રમની સનાતન ઘટના છે. પાણીના તરંગોથી અલગ જળ જુદું દેખાય એ ભ્રામક છે. પાતાળમાં જેમ એકાકાર છે તે રીતે જન્મ મરણ આત્માની અવિરત ગતિના અંતરાય છે. મૃત્યુ સમયનો શોક આપણી મોહવશસ્થિતિની હૃદયનો પ્રતિભાવ, અભિવ્યક્તિ છે. મોહ જ આવેગ જગાવે છે. માટે જ મૃત્યુ સમયે સંયમ એક શિસ્ત બની રહે છે. હીંચકાના બે આંદોલનની મધ્યસ્થ ક્ષણ આપણે સહજ રીતે કેટલીવાર પાર કરી જઈએ છીએ એટલું જ આત્માની અવિરત ગતિમાં જન્મ-મૃત્યુને સહજ ગણવું જોઈએ. નવા ઓરડામાં આપણા પ્રવેશ સમયે



kalpana's

ઉંબરો ઓળંગતા આપણે કોઈ વિશેષ અનુભૂતિની સઘન અભિવ્યક્તિ આપતા નથી સહજ ઓળંગી જઈએ છીએ. જન્મ અને મૃત્યુ પણ બે ઓરડા વચ્ચે આવતો ઉંબર છે. આપણે તે સમયે સહજ રહેવાનું હોય એજ સંયમ છે. બહુહૃદયવાળી લાગણીશીલ વ્યક્તિની અભિવ્યક્તિમાં તે હૃદયના કરુણ રંગે રંગાય છે. સંયમ અભિગમ કેળવીએ તો મૃત્યુને માંગલ્ય મળે છે. મૃત્યુની સ્થિતિ બાળકુસમાન છે. મોહ આત્માને સંસારમાં બાંધે છે પણ આત્માની દિશા તો મૃત્યુ તરફ હોવી જોઈએ. આત્માની દિશા તો સત્યના પંથે જ હોય ને ? મોહમાંથી અપ્રિય થઈને પણ સત્ય તરફ વાળતું જે મૃત્યુનો રસ્તો હર્ષ છે મૃત્યુ તે માટે મંગળ છે.

સોકોમિકવિતામાં મળતી અભિવ્યક્તિ અનુસાર મૃત્યુ નિરાકાર, ગેબી, વણઉકલ્યું રહસ્ય, અતિ પ્રતિષ્ઠિત, નિત્યન્યાનાત્મ છે. પ્રચલિત સમજમાંથી ઓળખાયેલું મૃત્યુ વિવિધ રૂપોમાં, અર્થોમાં, સત્યોમાં મળે છે પણ એનો તો મૃત્યુનો અર્થ એક જ છે. જીવનમાંથી જતું રહેતું મૃત્યુ વ્યાખ્યામાં કેટલું બંધાશે ? તેથી એ પ્રયત્ન જિજ્ઞાસાને કારણે અન્ય અર્થો આપતો હોવા છતાં અધૂરાં છે. જીવને જિંદગી સાથે ફાવી ગયું છે તેથી જીજીવિષા જીવને છોડતી નથી પણ ઊર્ધ્વગમનની દિશામાં પ્રયાણ એ સત્ય છે માટે મૃત્યુ આત્માને છોડતું નથી આ સ્થિતિમાં યુદ્ધયુદ્ધ માનવનો શું(જીવનો) અંતકાળ છે. પ્રજ્ઞામૃત્યુની આરથી આત્માનો દેહત્યાગ મૃત્યુ છે. વિવિધ ભટકાઓ અને ચિંતનમાંથી ઉત્તમ પ્રતીતિકર પ્રાપ્તિ એ છે કે મૃત્યુ જીવનની શ્રેષ્ઠ અભિવ્યક્તિ છે. જીવનનો અર્થ મહેકાવતી મૃત્યુ ઉત્તમ અભિવ્યક્તિ છે.

કરુણ પ્રશસ્તિને મુકાબલે સોકોમિકવિતામાં મૃત્યુની અભિવ્યક્તિ વિવિધરૂપે અનેક કાવ્યપ્રકારોમાં મળે છે. પરંપરા અને નૂતનતાના પ્રવાહમાં મળતા મૃત્યુના આલેખનમાંથી માંગલ્ય તેનો ક્રમવિકાસ છે. સ્થાપિત મૃત્યુનું ગૌરવ સોકોમિકવિતાની સિદ્ધિ છે. આલેખનમાં મૃત્યુની વિવિધ અસરોનું વૈવિધ્ય છે. ચિંતન મૃત્યુના લાક્ષણિકરૂપ અને રૂપવિધાનની ચટકાઓ કરે છે. જીવને મૃત્યુનું જ ફળ એ મૃત્યુની વાસ્તવિકતા છે સહજતા પોતે મૃત્યુની એક



kalpana's

અનુભૂતિ પછીની અભિવ્યક્તિ છે. શોક તો ભાવની અભિવ્યક્તિ છે.

શોક ભાવ છે. જેમાં ભાવાવેશની શક્યતા છે જ્યારે તેથી શોકની અભિવ્યક્તિમાં ઉત્કટતા રહેલી છે. મૃત્યુ ભાવથી પર હોવાથી ભાવક સાથે કે તેની અભિવ્યક્તિ સાથે કોઈ નિસ્બત નથી. શોક લૌકિક છે મૃત્યુ અલૌકિક છે. આત્માનું નિર્ગમન અને અલૌકિકત્વમાં તેનું એકત્વ થવું તે મૃત્યુ છે. તે સનાતન છે માટે મહાન છે. તેથી તે ગૌરવપ્રદ છે. શોકોર્મિ-કવિતામાં મૃત્યુના વિભાવો જ ઉપાડે, આ દિશામાં ઉચિત સ્વરૂપે જે છે તે શોકોર્મિકવિતાની સિદ્ધિ છે અને અર્વાચીન ગુજરાતી કવિતાનું ગૌરવ છે.

શોકોર્મિકવિતામાં મૃત્યુના સંદર્ભે આવતું ચિંતન મહત્ત્વરૂપે ઉપલબ્ધ છે. ચિંતનકવિતા, ગઝલ, ચિંતન અને વિચાર કેન્દ્રમાં વિશુદ્ધ ચિંતન, પરંતુ શોકોર્મિ-કવિતા લાઘવને અનુસરી આવતાં ચિંતનનું મૂલ્ય વિશેષ છે. કારણ કે શોકોર્મિ-કવિતા બહુ વિરહોર્મિ વર્ગની કવિતા છે. ચિંતનને વિશેષ પ્રવેશ મોકળાશ શોકોર્મિકવિતાના ગુચ્છમાં વિશેષ મળી છે. સદ્ગતનો સ્વભાવ, શબ્દચિત્ર, ચહેરો, શબ, સ્મૃતિ, પ્રસંગ જેવા અમે તે સ્વરૂપે નિરૂપાયું હોવા છતાં તેનું મૂળ તો સ્વજન સાથેની આત્મીયતા અને ભાવની તદ્રૂપતામાં છે. દૃષ્ટાંતો, રૂપકો, પ્રતીકો દ્વારા રજૂ થતું ચિંતન પૌરાણિક કથાઓ, દંતકથાઓ, ધાર્મિક માન્યતાઓ, પર આધારિત છે. તો ગહન અર્થના વિષયોમાં મૌન, કરુણા, સ્મૃતિ, ધૈર્ય, જેવા વિષયોને લઈ છે કેટલાક ઉત્તમ દર્શનોમાં પ્રાકૃત સત્-અસત્ , વેર-પ્રેમ, શાંતિ-દુઃખ, ક્રોધ-શાંતિ, રાગ-દ્વેષ વિશેષ ધ્યાન ખેંચે છે.

ચિંતનમાંથી મૃત્યુનો પણ વિશેષ અર્થસંદર્ભ, અને પરિચય મળે છે. શબ્દ પરથી ચિંતનમાં સરી જઈ સંવેદનાને સાંકળીને ચિંતન ક્યારેક અદ્ભુત કાવ્યાત્મકતા ધારણ કરે છે. દા.ત. 'આજ નવો ? રહો?' માં રાંકડી શબ્દમાંથી જાગતું ચિંતન શોકની અભિવ્યક્તિ ઉપરાંત પ્રશ્ન પછી સમાધાન પણ ખૂબ હૃદયંગમ છે કે વિશ્વવંદ્ય વિભૂતિ આપનાર ગુજરાતી પ્રજા રાંકડી ક્યાંથી



kalpana's

કહી શકાય ? અર્વાચીન ગુજરાતી શોકોર્મિકવિતામાં 'આજ નથી? એ' ઉત્તમ કવિતા કહેવાનું યથાર્થ લાગે છે કારણ કે તેમાં મૃત્યુ-કથન -ચિંતન - સમાધાન ક્રમબદ્ધ, સાહજિક સ્વરૂપે વિકસે છે. 'પરલોકે પત્ર' ની કવિતામાં આવતું થોડું - છતાં ઘેરું ચિંતન ઠાલવવામાં આવ્યું છે. મધુર દાંપત્ય, આર્ય-સ્ત્રી સન્નારીત્વ, પતિ-પત્નીના સંબંધનો આદર્શ અને મૃત્યુ વિશેનું મૌલિક ચિંતન છે.

શોકોર્મિકવિતામાં ચિંતન અને કથન એક બીજામાંથી ઉઘડતા અને ઓગળતા જોવા મળે છે. બન્ને પરસ્પર ઓતપ્રોત છે. તો ક્યારેક ક્રમિક રીતે પણ વિકસે છે. કેટલીકવાર ચિંતન કથન સ્વરૂપે આવે છે તો કેટલીકવાર કડીબદ્ધ વિચારશૃંખલા બની રહે છે. શોકોર્મિકવિતામાં મૃત્યુમાંથી બે શાખામાં વિકાસ થયો છે. મૃત્યુમાંથી શોકની અભિવ્યક્તિ અને બીજી તરફ ચિંતનની દિશામાં કવિ શોક અને કથન-ચિંતન, બન્ને કવિચિત્તની ઉત્કટ સંવેદના, અવસ્થા પ્રકટ કરે છે એ મૃત્યુના ઘાની જ ઘાતક અસર છે.

સમાધાન ક્યારેક આશ્વાસનરૂપે પ્રકટે છે. કવિતામાં ખરેખર તો શોકના ઉદ્વેગ અને કથન-ચિંતનના ઘમ્મરીયા ઘણા વમળો વાળા ઓઘપૂરનું શમન છે. શોકોર્મિકવિતામાં એક મહત્ત્વનો ઘટક સમાધાન કે આશ્વાસન છે. શોકોર્મિકવિતામાં મૃત્યુ, મૃત્યુંજય અને મૃત્યુ પર વિજયનું ચિંતન આગવું પ્રદાન કહી શકાય,સમાધાન અને શમન પછી કવિચિત્તની સ્વસ્થતાનો અનુભવ કવિતામાં મળે છે. એમાંથી શોકનિવારણનો બોધ, વૈરાગ , સનાતન સત્યદર્શન પ્રાપ્ત થાય છે. ત્યારપછી શોકોર્મિકવિતાની પૂર્ણતા સાર્થક લાગે છે કવિ મૃત્યુનું માંગલ્ય ગાતા અંજલિ દ્વારા કાવ્યને પૂર્ણતા બક્ષે છે.

ઘણા શોકોર્મિકાવ્યોમાં મૃત્યુના સ્વરૂપનું પ્રકરણ, મૃત્યુનો તાગ પામવાનો પ્રયત્ન સ્વરૂપે મળે છે. અન્ય પ્રકારના ચિંતન કરતાં શોકોર્મિ-માં સંસાર, મિથ્યાતત્ત્વ, આત્માનું ઊર્ધ્વગમનના વિચારોમાં અને તેથી એ વધુ એક મૃત્યુ વિશેના ચિંતન પણ મળે છે. કારણ કે શોકોર્મિકવિતાની તે મુખ્ય ઘટના છે.

શોકોર્મિકવિતામાં મૃત્યુનું તાત્પર્ય શોક નિમિત્તે હોવાનો આદર્શ છે. કારણ કે શોકની ભાવાભિવ્યક્તિ શોકોર્મિકવિતાનું હાર્દ છે. તેથી શોક ચિંતનના સંદર્ભે અને શોક કરુણના સંદર્ભે શોકોર્મિકવિતામાં શો ભાગ ભજવે છે તે મહત્વનું છે. ચિંતન સાથે સ્પર્ધા કરી , સ્પર્ધામાં ઉતરેલા ચિંતનને હંફાવી, પાછો પાડી, શોક જ્યાં સર્વોપરી થઈ વિજયપતાકા xxx ફરકાવે છે ત્યાં શોકની ઉત્તમ ભાવાભિવ્યક્તિ મળતાં તે કૃતિ શોકોર્મિ-કવિતાનું ગૌરવ પામે છે. પારાવાર ઘૂંટાયેલા શોકની તીવ્રઅભિવ્યક્તિમાંથી જે કાવ્યોમાં કરુણ નિષ્પન્ન થાય છે તે કાવ્યો ઉત્તમ રસાનુભૂતિ કરાવે છે તેથી તે ઉત્તમ શોકોર્મિકાવ્યોની ગણનામાં ગણાય છે. બન્ને પ્રકારનાં દૃષ્ટાંતો શોકોર્મિકવિતામાં મળે છે. શોકોર્મિકવિતામાં શોકના મંગલભાવનું બીનમંગલ કક્ષાએ, વૈશ્વિક કક્ષાએ રૂપાંતર નિમિત્તે ચિંતન કાવ્યોમાં મળે છે. સ્વજન સાથેના સંબંધ-સંદર્ભે લખાતું ચિંતન પણ હોય છે. અસ્થિ, ફૂલના સ્પર્શમાંથી પણ ચિંતન ઝરે છે. શોકોર્મિકવિતામાં ચિંતન વિશદ સ્વરૂપે પથરાયેલું છે ત્યારે એક ભેદરેખા સ્પષ્ટ કરવી જરૂરી લાગે છે કે સ્વતંત્ર શોકોર્મિકવિતા કરતાં

શોકોર્મિ ગુચ્છકાવ્યોમાં ચિંતનને મોકળાશ છે પણ કરુણપ્રશસ્તિને મુકાબલે તો ઓછીજ છે. કારણ કે કરુણપ્રશસ્તિમાં મળે છે, તેવી કાવ્યપરથી મોકળાશ શોકોર્મિકવિતામાં નથી. ચિંતન સાથે શોક અને શોક સમાધાનને સાંધવાં હોય તો એમ કહી શકાય કે ચિંતન શોકની ભેટ છે. સમાધાન તેનું તારણ છે. કવિતામૂલક ચિંતન શોકોર્મિકવિતામાં હોય પણ 'કલાનો શહીદ' જેવાં કાવ્યો વાંચતા લાગે છે કે 'કલા ખાતર કલા' અને 'જીવન ખાતર કલા'ની સ્પષ્ટતા પણ શોકોર્મિકવિતા આપી શકે છે. 'કાળનું ક્રંદન ' માં કાળ વિશે ચિંતન, બ.ક.ઠા. ના ' ગયો જ તું અશોકમાં ' કાવ્યમાં શોક અને અશોકની સમજ આપી છે. સ્નેહ મિમાંસા અને શાંતિ, મૌન જેવા ઘણાંયે વિષયો પર ચિંતન છાંટણાં છે.

શોકની ઊર્મિના xx પ્રાધાન્યને જાળવતી શોકોર્મિકવિતા અથવા



kalpana's

સાથે રચાતી અંજલિને કારણે બનતી શોકાંજલિ કવિતા ખરેખર તો ઊર્મિકવિતા જ છે. મૃત્યુ નિમિત્તે અન્ય સંદર્ભે લખાતી કવિતા અને અપાતી અંજલિ કરતાં એ શોકની ઊર્મિનું જ વિશેષ પ્રાધાન્ય અને અંજલિના સમન્વયવાળી કૃતિ શોકોર્મિ-કવિતા ઉપરાંત શોકાંજલિ છે. શોકોર્મિકવિતાના ખેડાણ, વિકાસ અને ઐતિહાસિક વ્યાપ જોતાં તેનાં મળી આવતા પ્રકારવૈવિધ્યને આધારે કહી શકાય કે શોકોર્મિકવિતા સ્વરૂપલક્ષી કાવ્ય છે. તેમાં આવતી મૃત્યુજન્ય શોકની સંવેદના અંગત હોવા છતાં તેનો સનાતન વૈશ્વિક સંવેદના તરીકેનો પરામર્શ તેની વિશેષતા છે. શોકોર્મિકવિતામાં મૃત્યુજન્ય શોકનું હાર્દ વૈશ્વિક અનુભૂતિ છે. તેથી સમયના ગાળામાં વિલીન ન થઈ જતાં તે સતત વિકસતી રહી છે. જાહેર મહાનુભાવોના સંદર્ભે લખાયેલી શોકોર્મિકવિતા કરતાં પરિવારજનો અને તેમાં પણ પ્રિયજન પર કે સ્વજન માટે લખાયેલી શોકોર્મિકવિતામાં વધુ ઘૂંટાયેલો શોક પ્રાપ્ત થવાથી તેની કૃતિઓ વધુ આસ્વાદ્ય બની કવિતાનો મૂળ આશય રસાસ્વાદ હોવાથી તે ઉત્તમ શોકોર્મિ-કવિતા તરીકે ઓળખાઈ છે. અર્વાચીન ગુજરાતી કાવ્ય સાહિત્ય ગૌરવ લઈ શકે તેવા ઉત્તમ વિષાદ કાવ્યો અને શોકોર્મિકાવ્યો ગુજરાતી કવિતામાં ઉપલબ્ધ છે.

મૃત્યુજન્ય શોક, સ્વજનનિર્દેશ, સ્મરણો, મંથન, ચિંતન, શોક, રસનિષ્પત્તિ, સમાધાન જેવા કરુણપ્રશસ્તિના લગભગ બધા મુખ્ય લક્ષણો ઉપરાંત મૃત્યુનું માંગલ્ય અને અંજલિનું આકર્ષણ ધરાવતી શોકોર્મિકવિતાના સ્વરૂપની વિશેષતા એ છે કે લાઘવનું સુરેખ પાલન કરતી, નિશ્ચિત પંક્તિ મર્યાદામાં શોકની ઉત્તમ ભાવાભિવ્યક્તિ અને કરુણની રસાનુભૂતિ કરાવતી શોકોર્મિકવિતામાં પ્રકારવૈવિધ્ય, રચનાકૌશલ અને કાવ્યત્વની સમૃદ્ધિ આગવી છે. મર્યાદિત (કાવ્યપટ) પંક્તિ સંખ્યામાં અખિલાઈનો અનુભવ અને આસ્વાદ શોકોર્મિકવિતાની ઉત્તમ સિદ્ધિ ગણાય. કરુણપ્રશસ્તિ દીર્ઘ વિરહોર્મિગર્ભની પાશ્ચાત્ય ઢબે, વિકસેલી દીર્ઘ કવિતા છે પણ એ કક્ષાએ શોકની ભાવાભિવ્યક્તિ અને કરુણની રસાનુભૂતિ કરાવતી શોકોર્મિકવિતા તો



kalpana's

ગુજરાત અને ગુજરાતી હૃદયના ધબકાર ઝીલતી, ગુજરાતી સમાજ, લોકજીવનની સંસ્કૃતિ અને અસ્મિતાને પ્રગટાવતી આપણી ગુજરાતી કવિતા છે.

'લાગણીના સહજોદ્ગાર'ની દૃષ્ટિએ ઊર્મિના ઉદ્ભવની લગોલગની અભિવ્યક્તિ લોકજીવના રાસડામાં વધુ સ્પષ્ટ અને જીવંત મળે છે. શોકોર્મિકવિતામાં અભિવ્યક્તિ પામતી શોકની સંવેદના માટેના પ્રદેશદ્વાર માધ્યમો અને વૈવિધ્ય ભલે જુદાં હોઈ શકે પણ મૃત્યુ અને શોકની સંવેદના સનાતન અને વિશ્વવ્યાપી છે તેથી શોકોર્મિકવિતા સમયના ગાળામાં સીમિત નથી પણ સતત વિકસતી કવિતા છે. સ્વજનના મૃત્યુથી કવિચિત્તમાં શોક પ્રગટાવતી શોકોર્મિકવિતા આત્મલક્ષી ઊર્મિકવિતા છે.

શોકોર્મિકવિતા છંદોબદ્ધ લખાઈ હોય કે સ્વચ્છંદ પણ અભિવ્યક્તિના વિવિધ ઘટકો કોઈપણ પદ્ધતિની અભિવ્યક્તિમાં વિનિયોજન પ્રક્રિયામાં સહાયરૂપ બને છે. સ્વજનની આત્મીયતાસૂચક સભર વ્યક્તિત્વ નહીં પણ વ્યક્તિત્વના ઉત્તમ જીંદગીના અંશો સુંદર શોકોર્મિકવિતા માટે સક્ષમ છે. શોકોર્મિકવિતા આમેય Art of expression ને વરેલી કવિતા છે. ઉપકરણોના વિનિયોજનનું કૌશલ શોકોર્મિકવિતામાં આકર્ષક રીતે થયું છે. જ્યાં કવિકર્મ અને ભાષાકર્મનો ઉત્તમ સમન્વય થયો છે ત્યાં સુંદર શોકોર્મિકવિતા સાંપડી છે. પ્રયોગોના પરિણામ શોકોર્મિકવિતાને ફળ્યાં છે.

સ્વજનસંદર્ભ, આત્મીયભાવ, અવસાનનો પ્રસંગ, મૃત્યુજન્ય શોકની પ્રત્યક્ષ ભાવાભિવ્યક્તિ, કરુણની નિષ્પત્તિ કે સંક્રાંતિ, ચિંતન-મનન, અને શ્રદ્ધાંજલિ શોકોર્મિકવિતાના લક્ષણ છે. તે દરેક શોકોર્મિકવિતામાં મળે પણ એમાં કવિપ્રભાવ, રચનાકૌશલ અને અભિવ્યક્તિની માવજત પર ઉત્કૃષ્ટતાનો આધાર રહેલો છે.

આમ તો અંજલિ લગભગ મૃત્યુ પ્રસંગે જ લખાતી હોય છે. પણ આત્મીયભાવ અને અંગત શોકમાંથી જ શોકાંજલિ પ્રગટે છે. અન્ય અંજલિઓમાં કવિ મૂકદ્રષ્ટા કે શિષ્ટાચાર કરતો લાગે છે. પણ શોકાંજલિમાં તે મૃત્યુજન્ય શોકની

સંવેદનશીલ બને છે. શોકના કોઈ એકાદ અનુભવ અથવા વિષાદના કોઈ એકાદ માધ્યમ દ્વારા તે સમગ્રકાવ્યને શોકમય બનાવે છે; તેથી તે કાવ્યત્વ-સભર સ્વરૂપ બની કવિતા બની અને કરુણ પ્રશસ્તિને ઓળંગી જવા મથે છે.

શોકોર્મિકવિતા અંતર્ગત શોકાંજલિ કવિતામાં શોકની અભિવ્યક્તિ અને અંજલિનો કલાત્મક આકાર અનિવાર્ય છે. પ્રિયજનના પ્રકારભેદ, કવિચિત્તની વિવિધ સ્થિતિ અને અભિવ્યક્તિની છટાના વૈવિધ્ય પરથી સ્વાભાવિક મનમાં જિજ્ઞાસા, થાય કે શોકના મૂળ સ્વરૂપથી શોકોર્મિકવિતા અંતર્ગત શોકનું સ્વરૂપ કેટલે અંશે સમાનતા ધરાવે છે અને ક્યાં જુદી પડે છે. મધ્યકાલીન, અર્વાચીન, નવીન કવિતા અથવા આધુનિકતાના વળાંકો પ્રમાણે શૈલી અને રજૂઆતની દૃષ્ટિએ શોકોર્મિકવિતામાં શોકની ભાવાભિવ્યક્તિમાં પણ ફેરફારની શક્યતા નકારી શકાતી નથી એમાં પ્રયોગશીલતાની અસર પણ વર્તાવાની એ દૃષ્ટિએ શોકોર્મિકવિતામાં શોકની ઊર્મિનું આલેખન તપાસવાનો ઉપક્રમ અસ્થાને નથી.

લગભગ બધી શોકોર્મિકવિતાઓમાં શોકની અભિવ્યક્તિના મૂળમાં બીજરૂપે શોકના વિવિધ વિભાવાનુભાવમાંથી કોઈ એકાદ * કે એકાધિક પ્રમાણમાં શોકના ઉદ્ભવ અને અભિવ્યક્તિના નિમિત્ત છે. શોકોર્મિકવિતાનું ખરેખર તો આ બીજ છે. તેમાંથી અતિ સામાન્ય, સરળ, અટપટી, ગહન-વેધક, અને તીવ્ર અભિવ્યક્તિઓની કલાત્મક સંપૂર્તિ છે.

વિનિયોજનની વિવિધ પ્રક્રિયાઓ, વિવિધ પ્રયુક્તિઓ, અલંકારાદિ કાવ્યતત્ત્વોથી શોકની ભાવાભિવ્યક્તિ ખરી ખરી લાગે છે. શોકોર્મિકવિતા નિતાંત શુદ્ધ શોકાસર તો ક્યારેક ચિંતનના સમતોલ આલેખન સાથે મળે છે. કાવ્યોમાં કવિચિત્તમાં જાગેલા આંતર-બાહ્ય જગતના દ્વંદ્વનો ઉકેલ આકાશ જેવાં કુદરતી આશ્રયસ્થાનોમાં શોધવાની ખોજ કાવ્યના ભાવને વધારે ઘૂંટે છે. કાવ્યોમાં વ્યક્તિવિશેષ તરીકે ઉપસાવવામાં આવતું વ્યક્તિત્વ અને સ્વભાવના લક્ષણો સ્મૃતિ નિમિત્તે શોકની ઘેરી અભિવ્યક્તિના માધ્યમરૂપ



kalpana's

સહાય કરે છે. અભિવ્યક્તિ અને શૈલીની વિવિધ ભંગિમાઓ, છંદ-લય-ઢાળ શોકની અભિવ્યક્તિને તાજગી આપે છે. સદ્ગતના જીવન-કાર્યો -પાત્રનિર્મિતિ કૌશલ અને અભિવ્યક્તિના અન્ય વિવિધ કૌશલ્યો, વ્યક્તિત્વને ઉપસાવતાં ભારતીય ધર્મ-સંસ્કૃતિ- લોકરિવાજ, સંસ્કાર, સમાજને સાથે રાખી શોકોર્મિ-કવિતા શોકને વહાવે છે. મૈત્રી, દાંપત્ય, ભ્રાતૃભાવ, પૂજ્યભાવ જેવા ભાવો શોકોર્મિમાં ભળી આવે છે પણ તે બધા શોકના ભાવની સઘનતાના વિભિન્ન સ્તર છે. વિવિધ ભાવસ્પંદનોના આલેખનમાં નિરૂપણરીતિનું વૈવિધ્ય મળે છે. શોકોર્મિકવિતામાં ભાવવૈવિધ્ય અને સ્વરૂપવૈવિધ્ય હોવા છતાં શોક અને કરુણના પ્રાધાન્યના કેન્દ્રથી કવિતા ખસતી નથી એ શોકોર્મિકવિતાના સ્વરૂપની ખાસ વિશેષતા છે. વૈવિધ્ય હોવા છતાં આ સમાનતા શોકના સ્વરૂપને પામવામાં ખૂબ સહાયરૂપ નીવડે છે. ઉત્તમ વિષાદકાવ્યો અને શોકોર્મિકાવ્યોમાંથી વ્યાપક વિસ્તૃત અને ગહન શોકનો પરિચય મળે છે.

વ્યક્તિવિશેષના આલેખનમાંથી બે સ્વરૂપે શોકનો આકાર બંધાય છે. સદ્ગત પ્રિયજન હોવાના નાતે [illegible] મૃત્યુજન્ય શોક અભાવમાંથી આવે છે કે ક્યારેક જીવન-કાર્યોમાં પ્રભાવમાંથી પણ શોકની આત્મિક અભિવ્યક્તિ તો સદ્ગતના આદર્શોના હ્રાસમાંથી પ્રગટતા શોકમાં ચુભાર છે તો ઉશનસ્ અને હીરાબેનના કાવ્યો વાંચતાં જણે પણ ઇદારા પણ સાંપડતી નિરાશા એ લાચારીમાંથી, નિરાધારપણાના ભાવમાંથી અસહાય સ્થિતિમાંથી પ્રગટતો શોક હૃદયંગમ છે.

કેન્દ્રમાંથી વિસ્તરતો કાવ્યારંભનો શોક, કાવ્યાંતે પાછો કાવ્યના કેન્દ્રમાં કેન્દ્રિત થાય છે. આ વર્તુળાકાર રચના સુંદર છે. શોકની અડખે-પડખે અભાવ અને આત્મીયભાવ છે. સ્મરણથી સતત ઝંખના, વિરહનો તાપ-સંતાપ, નિર્જીવ છબી પાસે છૂટતો સંવેદનાનો ધોધ, સ્નેહવિચ્છેદની અકળામણમાંથી ઘણાં કાવ્યોમાં શોક આલેખાયો છે.

મૌન, સંચય, ધૂંધળી દિશા, સન્નાટો, ભયાનકતા, આક્રોશ, [illegible] ઉત્પીડન, વિસ્મય, રિક્તતા ક્યારેક જીવંત શોકસૃષ્ટિ રચી દે છે મૃત્યુપ્રસંગે ગોઠવાતી દૃશ્ય સજાવટ, અંતરનો ઉકળાટ, નિઃસહાયતા, શુષ્કતા, ગાદીમાંથી નીતરતી ગંભીરતામાંથી તો કેટલાક કાવ્યોમાં સ્મૃતિ સ્મૃતિમાંથી વાસ્તવિકતામાં ઘૂંટાતી પછડાટ હૃદયદ્રાવક શોક પ્રગટાવે છે. અંતના, ઝુરાપો, અવસ્થા, લાચારી, નિયતિસ્વીકાર, મૃત્યુથી વ્યાપતો માનસિક આતંક, કલ્પાંત, આંસુ, શૂન્યાવકાશ અગ્નિ-વિષાદ, ગમગીની, હતાશા, નિરાશા, અફસોસ, વૈરાગ્ય, વિરક્તિ, પશ્ચાત્તાપ, વૈફલ્ય, વિભિન્નમતિ, એકલતા જેવા વિવિધ વિભાવાનુભાવના ઉદ્ગમસ્થાનોમાંથી શોક પ્રગટે છે. રૂપક, અતિશયોક્તિ, ઉપમા, સજીવારોપણ શ્લેષાદિ અલંકારોપણ શોકને ઉદ્દીપ્ત કરવાનું સામર્થ્ય ધરાવે છે. મર્મવેધક, હૃદયદ્રાવક, ચોટદાર લાઘવયુક્ત શોકની અભિવ્યક્તિ શોકોર્મિકવિતાનો પ્રાણ છે. પ્રસંગ, ભાવ, રસ, આદિ, વિવિધ તત્ત્વો શોકોર્મિકવિતામાં શોક નિમિત્તે જ છે. પ્રયોગશીલતાને આવકારી શોકોર્મિકવિતાએ પરંપરાગત ચાલી આવી અભિવ્યક્તિમાંથી પરામર્શ ન પામીને વૈવિધ્યસભર કાવ્ય પ્રકારોમાંથી વહી આવી નીત-નૂતનતા પ્રાપ્ત કરી છે. આધુનિકતા સાથેનો તેનો તાલમેળ ઉપકારક નીવડ્યાથી સતત સ્થિરતા ટકાવી રાખી પોતાના વિશિષ્ટ સ્વરૂપ-લક્ષણ બાંધી આપી શોકોર્મિ-કવિતા માટે સાહિત્યિક મૂલ્ય પુરસ્કાર કરી જે વિકાસ સાધ્યો છે તેની પ્ર અર્વાચીન ગુજરાતી કવિતા સાહિત્ય અને ઇતિહાસ નોંધ લેશે. શોકોર્મિ-*કવિતામાં શોકની અભિવ્યક્તિની માવજતથી ઘડાયેલું 'શોકોર્મિ કવિતાનું લક્ષણબદ્ધ કાવ્યસ્વરૂપ ' અર્વાચીન ગુજરાતી કવિતાનું ઐતિહાસિક ગૌરવ છે.

રુદનને રાગ શોધવાનો હોય નહીં તેમ શોક પોતાનો નીજી લય હૃદયમાંથી લઈને શોકોર્મિકવિતામાં આવે છે. પ્રકારવૈવિધ્યમાંથી લગભગ બધાંજ પ્રકારોને આવરી લઈ શોકની અભિવ્યક્તિ થઈ છે તે આમ શોકની ચોટદાર, ધારદાર બહુઆયામી અભિવ્યક્તિ ઊંચક અને મુક્તિ પણ વેધક રજૂઆત થઈ છે. કરુણ-

પ્ર

પ્રશસ્તિની તુલનાએ લઘુ વિરહોર્મિ કવિતા તરીકે શોકોર્મિકવિતાની આ ઉત્તમ સિદ્ધિ છે. લઘુતા અને સ્વરૂપનું સામ્ય ધરાવતી શોકોર્મિકવિતાનું લાઘવ ઉત્તમ લક્ષણ છે.

પ્રાસંગિકતા, વિરોધાભાસની સ્થિતિ, સમસ્યામૂલક વિચારસંદોહ, સ્મરણ, કથાકુશળતા, વિષાદમય વાતાવરણ, ગ્લાનિ, અવસાન, ભાવસંક્રમણ, રસસંક્રાંતિમાંથી શોકની વેધક અભિવ્યક્તિ પ્રાપ્ત થાય છે. આ પ્રયોગોથી શોકોર્મિમાં ભાવસમૃદ્ધિ, અર્થના ઉંડાણ, કલ્પનાત્મકતા, રૂઢ સંદર્ભોમાં નવા અર્થો, નવા અભિગમ, વ્યંજના, પ્રકારવૈવિધ્ય, અને ભાવાભિવ્યક્તિની ગુંજાશથી શોકનું આલેખન સમૃદ્ધ થયું છે. આલંકારિકતા અભિવ્યક્તિને નવીનતા, કલ્પનાત્મકતા બક્ષે છે. અભિવ્યક્તિ માટે સામર્થ્યવાળા શોકને ઉંચા શબ્દોની પસંદગીનો વિલંબ કરવો નથી કે રુદનનો રાગ શોધવો પડતો નથી. કવિ-ચિત્તમાંથી ઉદ્ભવતી દરેક શોકની અભિવ્યક્તિને પોતાનો આગવો પોતીકો લય છે. અને એ જ શોકોર્મિકવિતાની અભિવ્યક્તિનો વૈભવ છે.

કાવ્યનો આશય જો રસાસ્વાદ હોય તો તેના મૂળમાં રહેલી અભિવ્યક્તિ પર તેનો આધાર છે. રસાનુભૂતિની ભીતરમાં ભાવાભિવ્યક્તિ રહેલી છે. તેમાંથી રસનિષ્પત્તિ થાય તે રીતે શોકોર્મિકવિતામાં શોકમાંથી કરુણ નિષ્પન્ન થાય છે. પરંતુ અન્યભાવના સંદર્ભમાં અન્ય રસપછી તેમાંથી કરુણમાં રસસંક્રાંતિ થાય છે એટલે ભાવાભિવ્યક્તિમાંથી શાસ્ત્રોક્ત પધ્ધતિથી, રસ-શાસ્ત્રના નિયમાનુસાર કરુણ નિષ્પન્ન થાય છે એવી શોકોર્મિકવિતાનું સ્વરૂપ રસશાસ્ત્રની દ્રષ્ટિએ નિયમબધ્ધ છે. ભાવસંક્રમણ અને રસસંક્રમણ અથો ભિન્ન છે. વિવિધ રસની રંગપૂરણીમાં મુખ્ય રંગો રૌદ્ર, વાત્સલ્ય, અને વીર તેમજ શૃંગાર છે. તે સિવાય અદ્ભુત, હાસ્ય, અને ( ) ના દ્રષ્ટાંત પર દુર્લભ નથી એ ઉપરથી કહી શકાય કે શોકોર્મિની કાવ્યસ્વરૂપમાં શોકની ભાવાભિવ્યક્તિ અને કરુણની નિષ્પત્તિ -મેઘધનુષી રંગો પૂરે છે. ઉત્તમ વિનિયોજનથી બનતી ભાવસભર અભિવ્યક્તિ પણ શોકોર્મિકવિતામાં મળે છે. શોકની લાગણીનો



kalpana's

ધીરગંભીર પ્રવાહ, ઘેરી ઉદાસીનીર, ઘોડાપૂર, શોકની ભરતી ની જેમ શોકોર્મિ-કવિતામાં વિવિધ સ્વરૂપે શોકની અભિવ્યક્તિ મળે છે. ઉપકરણને જ્યારે અર્થ, સંદર્ભો સાથ મળી આકાર મળે છે. અને શોકમાં જ્યારે તે એકરૂપ બને છે ત્યારે ભાવાભિવ્યક્તિ વેધક બની છે. ઉપકરણોનું વિનિયોજન સાત પ્રકારે શોકોર્મિકવિતામાં મળે છે. એ સર્વ પ્રકારે સબળ અને સફળ રહ્યાં છે. શોકની અભિવ્યક્તિમાટે સામાન્યતઃ રુદન પ્રચલિત છે પણ સમગ્ર અભ્યાસમાંથી રુદન દ્વારા શોકની અભિવ્યક્તિ ભાગ્યેજ મળી છે. કાવ્યોમાં રુદનને શોકના માધ્યમ તરીકે ઝાઝું સ્થાન ક્યાંય મળ્યું નથી એ જ બ.ક.ઠા. ના મતને સમર્થન આપે છે કે રુદન તો શોકની છેલ્લી કક્ષાની અભિવ્યક્તિ છે. એમાં શોકની કલાત્મકતાને અવકાશ નથી. આ મુદ્દા પરથી સ્પષ્ટ એ પણ થાય છે કે શોકોર્મિકવિતામાં શોકનું સ્વરૂપ કલાસંપન્ન છે. તેનો અભિગમ ઉચિત છે. શોકની અભિવ્યક્તિમાં લાગણીની અતિશયોક્તિ ઉઘાડી પડી ગઈ છે તેમાં રુદન કે વેવલાવેડાને ક્યાંય સ્થાન નથી તેથી શોકોર્મિકવિતામાં શોકનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત થાય છે.

શોકોર્મિકવિતામાં કેન્દ્રસ્થ શોક વિવિધ કાવ્યોમાં જુદાજુદા અંશોમાં પ્રાપ્ત થતાં તેનું વૈવિધ્ય અને વ્યાપકતા જોઈ શકાય પ્રસ્તુત ચર્ચા અનેક શોકોર્મિકવિતાના આધારે થતી હોવાથી સમગ્ર અભ્યાસમાંથી મળતા શોકના સ્વરૂપના સંદર્ભો છે. વિવિધ પાત્રો, દૃષ્ટિકોણ, ઉદ્દગમસ્થાનો અથવા વિભાવાનુભાવ, સ્વજન માટેની આત્મીયતા, મૃત્યુજન્ય શોકનો પ્રતિભાવ, ઉપરાંત તેને રજૂ કરનારાં કલાતત્વો, શૈલી, વિનિયોજનની વિલક્ષણ, અને કવિ-પ્રતિભાના સહિયારા પ્રયત્ને શોકોર્મિમાંથી શોકનું સ્વરૂપ મળે છે પ્રત્યેક શોકોર્મિકવિતામાં નહીવત્ અથવા મહદંશે શોક અવશ્ય ઉપલબ્ધ છે. શોક જ શોકોર્મિકવિતાનું જીવતત્વ છે. તેથી શોકની અભિવ્યક્તિમાં અનિવાર્ય ઉપસી આવતો તત્વો દૃષ્ટિકોણ અને આલેખનમાંથી શોકના સ્વરૂપનો પરિચય મળે છે.



kalpana's

કેટલાક શોકોર્મિકવિતાઓમાં સ્વજન માટેનો આત્મીયભાવ, એકરૂપતા, વિયોગની તીવ્ર વેદના, મિલન-પ્રાપ્તિના વલખાંમાંથી શોક તીવ્ર અભિવ્યક્તિ પામી કરુણને હૃદયદ્રાવક બનાવે છે. આયાસ વિના નીજી રંગરૂપે વહેતો શોક વધુ સ્વાભાવિક અને કલાત્મક નીવડતો લાગે છે. સંસ્કારના બળે શોકોર્મિ વિકૃત કે નિષ્પ્રાણ ન થવા દેવાય, તેથી સંસ્કારણથી વ્યયુક્ત થઈ સહજ રૂપે અભિવ્યક્તિ પામતો શોકમાં લાગણીના સહજોદ્ગારની લગોલગની અભિવ્યક્તિ મળે છે. એમાં કેટલાક કાવ્યોમાં ઊર્મિકવિતાના લક્ષણો ઉપરાંત શોકનું કલાવિધાન પણ સુરેખ લાગે છે.

કાવ્ય અંતર્ગત અનુભૂતિ સહાનુભૂતિ બને તેનો વૈશ્વિક વિસ્તાર વધે અને એ રીતે વ્યક્તિગત, અંગત અનુભૂતિ બિન અંગત બને એ શોકોર્મિકવિતાની મોટી સિદ્ધિ છે. રસશાસ્ત્રના નિયમ પ્રમાણે સુખ-દુઃખને ઘેરું બનાવે એ સિદ્ધાંત અનુસાર સુખની સ્મૃતિઓ શોકોર્મિકવિતામાં [illegible] બની આવે છે. શોકોર્મિકવિતામાં અન્ય તત્ત્વોની તુલનામાં શોકની અભિવ્યક્તિ સરિયામ સર્વોપરી રહે છે.

શૈલી, લાઘવની જેમ ઊર્મિકવિતાનું મહત્ત્વનું લક્ષણ છે. ઊર્મિના પ્રાકટ્યને વધુ બળવત્તર બનાવતી શૈલી કાવ્યે કાવ્યે જુદી રીતે મળે છે તેથી વૈવિધ્યમાં શૈલીનો ફાળો પણ છે. મૃત્યુની આકસ્મિકતા, આઘાતની અસહ્ય-વેદના, કવિહૃદયની ચોટ, ગ્લાનિમાંથી અંતે શોકજ પ્રગટે છે. કેટલાંક કાવ્યોમાં શોકની એવી ઘેરી આબોહવા બંધાઈ જાય છે કે કાવ્યમાંથી વેદના સભર શોકની અભિવ્યક્તિ મળે છે.

શોકનો પ્રતિભાવ કલેશ કે રોષ, વ્યથા કે ગ્લાનિ, વિષાદ કે આઘાત રૂપે બહાર આવે છે. શોકોર્મિકવિતામાં તેથી શોક નિમિત્તે ઉપરોક્ત તત્ત્વો બહુધા જોવા મળે છે. અન્ય ભાવ કે ચિંતનની સ્પર્ધામાં શોક સર્વોપરી નીવડે તેજ શોકના ઉત્તમ સ્વરૂપનો પરિચય કરાવે છે. અવસાનનો ઘેરો વિષાદ કવિહૃદયે કાવ્યે કાવ્યે વિવિધ ભાવછાયાએ બાંધે છે. શોકના



kalpana's

સંતાપથી આશ્વાસન કે ચિંતનના જાળી-ઝુમો વરાળ થઈ જાય ત્યારે શોક સર્વોપરી બને. કાન્તના હૃદયમાં પત્નીનો વિયોગ ભગ્ન હૃદયના વિષાદરૂપે પ્રગટે છે. પત્ની માટેનો અફસોસ પણ શોક વ્યક્તકરે છે. વિરોધાભાસ, વક્રોક્તિ, કટાક્ષમાંથી પણ શોકની અભિવ્યક્તિ મળી છે. ટૂંકમાં શોકની અભિવ્યક્તિથી કળારૂપ શોકોર્મિકવિતા ભાવસમૃદ્ધ હોવાથી કરુણની રસાનુભૂતિ કરાવે છે. શોકોર્મિકવિતાના સ્વરૂપ નિર્માણમાં શોકની અભિવ્યક્તિ મુખ્ય તત્ત્વ છે. શોકની અભિવ્યક્તિ વિનાની કૃતિ શોકોર્મિ-કવિતા ન હોય એવું સમર્થન શોકોર્મિકવિતામાંથી મળે છે.

કવિતાનું આસ્વાદ્ય તત્ત્વજ રસ છે માટે કવિતાના સંદર્ભમાં આસ્વાદ અને રસાસ્વાદ પરસ્પર પર્યાય છે. રસશાસ્ત્રીઓએ આઠ રસમાંથી શૃંગાર, વીર, રૌદ્ર, ભયાનકને મુખ્ય ગણાવ્યા પરંતુ ભવભૂતિ કહે છે કે 'એકો રસ કરુણ એવ નિમિત્ત ભેદાત્' એમ ઉત્તમ કરુણ માટે 'રામસ્ય કરુણો' રસ કહે છે. 'કાવ્યપ્રકાશ' માં ગણાવેલા આઠ રસના આઠ સ્થાયી ભાવોમાં શોક કરુણનો સ્થાયી ભાવ છે. ૩૩ વ્યભિચારી ભાવોમાંથી વિષાદ શોકનો વ્યભિચારી ભાવ છે. લઘુવિષાદકાવ્યોમાં નિશ્વાસ, ઉચ્છ્વાસ, હતાશા, લાચારી, કલ્પાંત, રુદન, મૌન, વિહ્વળતા, ઉન્માદ, વિરહ, વ્યગ્રતા આદિ વિભાવાનુભાવના પ્રમાણમાં વિષાદની સઘન અભિવ્યક્તિ છે. વિષાદની ઉત્પત્તિના બે કારણોમાંથી મૃત્યુનિમિત્તે ઇષ્ટજનનો તીવ્ર વિયોગ ક્રિયા સ્તરે સતત પડઘાય છે. તેથી આપણા લઘુવિષાદ કાવ્યો તો શોકોર્મિ-કવિતાની પ્રથમ હરોળનાં કાવ્યો છે. શોકોર્મિકવિતાનો સ્થાયી ભાવ શોક અને મુખ્ય રસ કરુણ હોય એવા મુખ્ય બે લક્ષણ ઉપરાંત વિષાદ કાવ્યો - ટૂંકા અને સઘન અભિવ્યક્તિ આપતાં હોવાથી બ.ક.ઠા. એ તેમને કદ લાઘવને કારણે લઘુવિષાદકાવ્યો તરીકે ઓળખાવ્યા તે અંતે લઘુવિરહોર્મિ વર્ગના જ કાવ્યો છે. એમાં એટલી સચોટ અને સઘન અભિવ્યક્તિ છે કે એ કવિતાઓ એટલે જાણે કે શોકનું જ શ્લોકમાં રૂપાંતર છે સ્પષ્ટ, સુરેખ, અનુભવજન્ય માત્રામાં



kalpana's

આલેખાયેલા શોક અને વિષાદને કારણે તેમને સવિશેષ મોભો મળ્યો છે.

આ વિષાદ કાવ્યોમાં લાગણીની સચ્ચાઈનો રણકો, હૃદયસ્પર્શી વેદના, આઘાત અને વિરહની તીવ્રસંવેદના આઘાતના વિવિધ સ્વરૂપે પ્રતિભાવ, ચિંતનયુક્ત વિષાદ, પ્રિયજન વિનાનો, તુચ્છ સંસાર અને નિસ્સારતા, એકલતા, સંતાપ્ત હૃદયની અંતરયુદ્ધ ઘનઘોર વ્યથા, બાહ્ય ઘટના પરથી આત્મલક્ષી સંવેદનનું પ્રાગટ્ય જોવા મળે છે. પારિવારિક આત્મીય સંબંધો અને વિવિધ સ્વરૂપે આત્માનું ઐક્ય બની ગયેલા પ્રિયજનનો ભિન્નસ્વરૂપોમાં રજૂ થતો વિયોગ વિષાદ કાવ્યોની ઉત્તમ અભિવ્યક્તિ છે. શોકોર્મિકાવ્યોની જેમ આ વિષાદ કાવ્યોમાં પણ સ્વજન નિર્દેશ, મૃત્યુજન્ય શોક-વિષાદ, અંજલિનો ભાવ, ક્યારેક મૃત્યુનું માંગલ્ય, એ કાવ્યોમાં જોવા મળતું રચના-કૌશલ મહત્વનાં પાસાં છે એવાં મૃત્યુ, વિષાદ, માંગલ્ય, સાંત્વન, દર્શન છતાં હળવી અભિવ્યક્તિ આપતાં 'છેલ્લું દર્શન' જેવા અનેક સુરેખ સંપૂર્ણ કાવ્યો છે. આલેખન શક્તિનો પરિચય કરાવતું સફળ નિર્માણ 'વિદોષને નિરખ આંખ તારી', વિરહ નહીં પણ વિરહની વ્યાપેલા વિષાદનું કાવ્ય 'વિદાય' વ્યક્તિમાંથી સમષ્ટિના વિસ્તારને આંબતુ ચીનુભોદીનું 'પિતાની પ્રથમ મૃત્યુ-તિથિએ' કાવ્ય નજર સામે તરી આવે છે. ચિંતન, મંથન, વિષાદનો સમન્વય સાધી વિશિષ્ટરચના રીતિનું દૃષ્ટાંત પૂરું પાડતાં 'રડો ન મુજ મૃત્યુને' અને 'આજ નયનો ? રડો !'' અવિસ્મરણીય વિષાદકાવ્યો છે.

પ્રત્યેક કવિતાનું પરમ લક્ષ્ય રસાસ્વાદ સ્વીકારીએ તો ભાવાભિવ્યક્તિ રસાનુભૂતિના નિમિત્તે જ સંભવે. શોકોર્મિકવિતા રસસિદ્ધાંત અનુસાર વિકસતી કવિતા હોવાથી ઉપર્યુક્ત સિદ્ધાંત પ્રમાણે તેમાં પણ શોકની અને વિષાદની ભાવાભિવ્યક્તિમાંથી કરુણની રસાનુભૂતિ એજ શોકોર્મિ કવિતાનો પણ આશય હોવો જોઈએ. અને એ આશય સંખ્યાબંધ કાવ્યોમાં ફલીભૂત થયો છે, સાકાર થયો છે. કરુણની રસાનુભૂતિ પહેલાં શોકોર્મિ કવિતામાં શોકની ભાવાભિ-વ્યક્તિ ભૂમિકાએ સ્પષ્ટ થાય છે. ચિંતન સાથેની ચરમસીમામાં શોકની



kalpana's

અનિવાર્ય ભાવાભિવ્યક્તિ મળે છે અને તે પછી કરુણની રસાનુભૂતિ મળે છે. શોકમાંથી, ચિંતન વિનાપણ, સીધી કરુણની રસાનુભૂતિ મળે છે એ અને અન્યભાવ અને રસમાંથી સંક્રાંત થઈ રસાનુભૂતિ મળે છે. આ બંને ભૂમિકાને પણ બે પ્રવાહોમાં વિભાગીયે તો સ્પષ્ટ પણે જણાશે કે કરુણની રસાનુભૂતિ બે સ્વરૂપે શોકોર્મિ-કવિતામાં ઉપલબ્ધ છે. શોકની ભાવાભિવ્યક્તિમાંથી નિષ્પન્ન થતી કરુણની રસનિષ્પત્તિ અને વીર, વાત્સલ્ય, શૃંગાર આદિ રસમાંથી મળતી રસસંક્રાંતિ, ભાવક માટે અંતિમ અપેક્ષા કરુણની રસાનુભૂતિની છે. તે કોઈપણ સ્વરૂપે (બેમાંથી) શોકોર્મિકવિતામાં મળે છે. તુલનાત્મક દ્રષ્ટિએ જોઈએ તો રસ-નિષ્પત્તિ કરતાં રસસંક્રાંતિમાં વૈવિધ્યને પૂરી મોકળાશ છે. ભાવવૈવિધ્ય પર આધારિત વિવિધ રસમાંથી અને શોકના પ્રાધાન્યે કરુણની રસસંક્રાંતી આ વૈવિધ્યસભર રસસંક્રાંતીની વિશેષતા છે. વિવિધ ભાવાભિવ્યક્તિમાંથી નિષ્પન્ન થતો કોઈ પણ રસ કરુણ જ કારણ છે. શોકોર્મિકવિતામાં મહદ્અંશે વાત્સલ્ય, વીર અને શૃંગાર માંથી મળતી કરુણની રસસંક્રાંતીના દ્રષ્ટાંત ઘણાં છે. કરુણ સામાન્યતઃ વિયોગમાંથી ફળે પણ શોકોર્મિકવિતામાંથી ફળતો કરુણ એ દ્રષ્ટિએ સવિશેષ છે કે રસશાસ્ત્ર પ્રમાણે પ્રિયજનનો વિયોગ મૃત્યુજન્ય શોક નિમિત્તે કાયમી વિયોગની સ્થિતિ ઊભી કરે છે. નાટકની સરખામણીમાં કવિતામાં ભાવક સાથે સીધું અનુસંધાન છે. નાટકની જેમ કવિતામાં અભિનયનું માધ્યમ નથી. તેથી કરુણની ઉન્નત અને ઉત્તમ અભિવ્યક્તિ શોકોર્મિકવિતામાં મળે છે. તેથી એમ કહી શકાય કે પ્રિયજનના વિયોગમાંથી કરુણને પ્રગટાવતી કવિતા, શોકોર્મિકવિતા છે.

વાત્સલ્યનું આલેખન કરતાં ઘણાં શોકોર્મિકાવ્યો છે. પરંતુ શૃંગારમાંથી કરુણની સંક્રાંતિ થતી હોય એવાં દાંપત્ય ભાવના પર આધારિત કાવ્યો ઘણાં છે. પ્રણયમાં આમ શૃંગાર અને પ્રેમ વિયોગમાં શોક અને કરુણ રૂપે આવે છે. એમાં લાગણીના સહજોદ્ગારનો અર્થ પણ સરે છે. તેથી કહી શકાય કે સ્વજનના અવસાનનો વિષાદને પ્રગટાવતી શોકોર્મિકવિતા અર્વાચીન ગુજરાતીની વિષાદ અને કરુણના ઉત્તમ કાવ્યો આપતા શોકોર્મિકાવ્યો છે. શોકના

ભાવ અને કરુણ રસના પ્રાધાન્યને કારણે એમ કહેવું યથાર્થ છે કે બહુવિરહોર્મિ-વર્ણની શોકોર્મિકવિતા સ્વરૂપમૂલક નહીં, વિષયમૂલક કવિતા છે. ઉત્તમ કરુણની અભિવ્યક્તિ આપતી શોકોર્મિકવિતાઓ સુખી દાંપત્યની આરસી છે.

કરુણ અને હાસ્ય પરસ્પર વિરોધી રસ છે. એક સાથે એક જ સમયે તે અસંભવ છે. રસસિદ્ધાંતનો એ મત યથાર્થ છે છતાં શોકોર્મિકવિતામાં હાસ્ય અને કરુણ એક જ કાવ્યમાં ક્યારેક હોવાથી દ્રષ્ટાંત મળે છે. કાવ્યમાંથી વ્યક્ત થતાં કટાક્ષ અને મર્મ ક્યારેક ઉપરછલ્લે હાસ્ય આપે છે. પણ તેના ઊંડાણમાં તો કોઈ ઘેરી કરુણતા ધરબાયેલી હોય છે. દંભ અને વાણીવર્તનના ભેદનો પર્દાફાશ કરતા કાવ્યોમાં કરુણ સ્થિતિ નામશેષ નથી શોકોર્મિકવિતામાં કરુણ અને હાસ્યની બે છેડાની સહોપસ્થિતિ મળી આવે છે. પરંપરાગત શિષ્ટાચારની રૂઢિની જડતામાંથી શોકના અનુકરણરૂપે ઉપસતું ચિત્ર શોકપ્રદર્શન બની જાય છે. તેની xx બાહ્યાચાર હાસ્યાસ્પદ, હાસ્ય નિષ્પન્ન કરનારી હોવા છતાં ઊંડાણમાં ઘેરું દર્દ જ હોય છે. એટલે કરુણ અને હાસ્યની શોકોર્મિકવિતામાં સહોપસ્થિતિ – એક રસના xxxxx આભાસમાંથી અથવા અનુકરણમાંથી બીજા રસની ઉત્પત્તિ છે. એ રસાભાસ કે કરુણાભાસ છે કારણ કે કરુણ અને હાસ્ય વિરોધી હોવા છતાં કરુણાભાસ કે કરુણવિડંબનનો હાસ્ય સાથે સંબંધ છે. આ પ્રક્રિયા અને રસસિદ્ધાંતના પ્રભાવે શોકોર્મિકવિતામાં કરુણ અને હાસ્યની સહોપસ્થિતિ જોવા મળે છે.

હાસ્ય અને કરુણ સાથે હોય તેવી કૃતિઓ ભાગ્યેજ મળે અને એમાં હાસ્યનો ઉપક્રમ ક્યા નિમિત્તે હોય તેની સ્પષ્ટતા થતાં એમ લાગે છે કે હાસ્ય નિષ્પન્ન કરતી કવિતામાં કરુણ કેટલી માત્રામાં સંક્રાંત થતો હશે? વળી કરુણાભાસ કરુણની રસાનુભૂતિ કેવી કરાવતો હશે પરંતુ કોઈ કાવ્યો એવાં પણ મળે છે કે જેમાં હાસ્ય પાસેથી ઉત્તમ કામ લેવાયું હોય, હોય, કરુણગંભીર આલેખન, હાસ્ય હોવા છતાં કાવ્યમાં ઉપર તરી આવે તેવી કૃતિઓ શોકોર્મિકવિતામાં વીરલ છે. શોકોર્મિકવિતામાં હાસ્ય, સ્મિત, મંદહાસ્ય,



kalpana's

વ્યંગમાં, અટ્ટહાસ્ય જેવાં વિવિધ સ્વરૂપોમાં મળે છે. કરુણની હાસ્યાસ્પદ સ્થિતિ જ હાસ્ય સર્જે છે. વક્રોક્તિ, સજીવારોપણ, શ્લેષ, વિરોધાભાસ-માંથી હાસ્ય નિષ્પન્ન થાય છે. વાત્સલ્યમાં હાસ્યનો ઉલ્લેખ કે અભિવ્યક્તિ હોય અને કાવ્યાંતે કરુણમાં તેની સંક્રાંતિ હોય એવી કૃતિમાં હાસ્ય અને કરુણનો સુભગ સમન્વય વિચાર માંગી લે છે. હાસ્ય અને કરુણ પરસ્પર વિરોધી ચિત્તવૃત્તિ-દશામાંથી પ્રગટે છે. એ રીતે હાસ્ય મનની પ્રફુલ્લિત સ્થિતિ છે પણ અટ્ટહાસ્યમાં આતંકનો અણસાર છે.

શોકોર્મિકવિતા સ્વજનના મૃત્યુજન્ય શોકની અભિવ્યક્તિ અને કરુણની રસાનુભૂતિનું કાવ્ય છે. પરિસ્થિતિના સંઘર્ષમાંથી કસોટીએ ચડી પ્રગટ થતો કરુણ રસ શોકોર્મિકવિતાનો મુખ્ય રસ છે. અને તેથી જ શોકોર્મિકવિતામાં નિરૂપાતો કરુણરસ શુદ્ધ સ્વરૂપે મળતી રસાનુભૂતિ છે. કવિચિત્તમાં વ્યાપેલી શોકની અભિવ્યક્તિ જ ભાવકને કરુણની રસાનુભૂતિ કરાવે છે. આવું શોકની અભિવ્યક્તિ જ કરુણની રસનિષ્પત્તિ બને છે. ભાવકના ચિત્તમાં શોકજ કરુણરસરૂપે અનુભવાય છે. કરુણનો આસ્વાદ આનંદમય હોવાથી શોકજન્ય હોવા છતાં આસ્વાદ આનંદમય બને છે. કલા સૌષ્ઠવના આ સંતોષથી કલા સિદ્ધિ-ની અર્થ પણ સરે છે. કરુણરસ શોકોર્મિકાવ્યોમાં બે સ્વરૂપે ઉપલબ્ધ છે. કરુણ નિષ્પત્તિરૂપે અને કરુણ સંક્રાંતિરૂપે શૃંગાર, મૈત્રી, વાત્સલ્ય, વીરરસમાંથી કરુણની રસસંક્રાંતિના દૃષ્ટાંત પ્રમાણમાં વધારે છે. તાડન, પીડન, છેદન, અગ્નિપાત જેવાં રૌદ્રના કર્મ શોકના વિભાવરૂપે કામ કરે છે. રૌદ્રનો અનુભાવ શોકનો વિભાવ છે. એક રસમાંથી બીજા રસની સંક્રાંતિની xxxx પદ્ધતિથી રૌદ્રમાંથી કરુણની રસસંક્રાંતિ થાય છે. જ્યારે કરુણ અને હાસ્ય અનુક્રમે અથવા રસાભાસ સ્વરૂપે પ્રાપ્ત થાય છે. એક રસના ફલરૂપે બીજો રસ મળે તે રીતે વીર પછી કરુણ, વીરમાંથી સંક્રાંત થાય છે. કારણ કે ઉત્સાહ અને શોક એકજ પાત્રમાં એક જ સમયે ના સંભવે, એજ રીતે કરુણ અને શૃંગાર પણ સાથે કલ્પી ના શકાય બન્ને લાગણીના રસજોડાણને લગોલગની અભિવ્યક્તિ આપનાર રસ છે



kalpana's

પણ શોક અને પ્રેમ સાથેના સંબંધે તેથી શોકોર્મિકવિતામાં પ્રેમમાંથી શોક અને શૃંગારમાંથી કરુણ પ્રગટે છે. શાંતરસ અને કરુણરસનો સંબંધ કાર્યકારણનો સંબંધ છે. અને શોક અને કરુણનો સંબંધ પણ કાર્યકારણનો છે. કરુણનું શમન શાંતરસમાં થાય છે. કરુણનો પરિપાક શાંત રસમાં મળે. શોકોર્મિકવિતામાં શૃંગાર, વીર, રૌદ્ર, વાત્સલ્ય, હાસ્ય અને શાંત રસમાંથી સંક્રાંતી મળી આવે છે. તેથી પ્રેમ, ઉત્સાહ, વાત્સલ્ય, વિડંબન, ના ભાવોમાંથી, દાંપત્ય અને મૈત્રીમાંથી શોકની અભિવ્યક્તિ પછી જે તે રસમાંથી કરુણની સંક્રાંતિ થાય છે માત્ર શમનમાંથી શાંતિસ્વરૂપ કરુણપણી સંભવે.

શોકની સંવેદના અને કરુણની રસાનુભૂતિ જ જેનું પ્રાણતત્વ છે. તેવી શોકોર્મિકવિતાનું પ્રકાર વૈવિધ્ય જોતાં શોકોર્મિકવિતાને પ્રકાર નક્કી કરતાં તેના કાવ્યસ્વરૂપ દ્વારા તેને ઓળખવાનો પ્રયત્ન જ ઉચિત ગણાય, સ્વરૂપગત લક્ષણોની તેની પાસે પોતાની આગવી વિશેષતાઓ છે.) કરુણપ્રશસ્તિની સાથે સમાન લક્ષણો ધરાવતી હોવા છતાં તેને તેના સ્વરૂપગત આગવાં લક્ષણો છે. લઘુવિરહોર્મિકવિતા અને અંજલિનું તત્વ તેનું નોંધપાત્ર લક્ષણ છે.

અંજલિનું તત્વ ધરાવતી કોઈપણ અંજલિ કવિતા કરતાં શોકાંજલિનું સાહિત્યિક મૂલ્ય ઊંચું છે. કારણ કે શોકની અભિવ્યક્તિ અને કરુણની રસાનુભૂતિની રસપ્રક્રિયા રસશાસ્ત્રના સિધ્ધાંત પ્રમાણે થાય છે માટે આસ્વાદનો ગુણ ધરાવે છે. મૃત્યુજન્ય શોક હોવાને કારણે વિશ્વની વણઉકેલ્યા સનાતન રહસ્યમાં તેનું બીજ રહેલું છે. કોઈએક સમયના ગાળાની કવિતા નથી પણ સતત ઘવાતી આવતી કવિતા છે.

સ્વજન સંદર્ભ, આત્મીયભાવ, મૃત્યુ નિર્દેશ, મૃત્યુજન્ય શોક, શોક નિમિત્તે અભાવ પ્રભાવ કે સ્વભાવનું આલેખન, કરુણરસ, કાવ્યની ઘટના જ મૃત્યુ, કાયમી વિયોગની તીવ્રતા, શોકોર્મિકવિતામાં મુખ્ય આધાર સ્તંભો છે. અન્ય ભાવ કે રસની સહ-સ્થિતિ સંક્રાંતિ ને અવકાશ છે. પારિવારિક સંબંધોમાંથી સ્નેહ, વાત્સલ્ય, પ્રિયજનના સંબંધોમાંથી દાંપત્ય, મૈત્રી, શૃંગારમાંથી રસસંક્રાંતી



kalpana's

થાય છે. મહાનુભાવોના પ્રભાવના નિરૂપણમાંથી હાસ્ય નિષ્પન્ન થાય છે. સ્વજનના મૃત્યુ નિમિત્તે ક્યારેક અદ્ભુતરસપણ આવે છે. (સુનીતિની ‘નું ભાવ-સંકલન સુંદર છે. ભય રૌદ્રનો સ્થાયિભાવ છે. રૌદ્રનું અંગ કરુણ કારણ છે. તેથી બન્ને વચ્ચે કાર્યકારણનો સંબંધ છે. એક રસના ઉત્કર્ષરૂપે બીજા રસની પ્રાપ્તિના હેતુએ રૌદ્રમાંથી કરુણ બને છે. શાન્તરસ કરુણમાંથી નિરમે છે. છતાં તે નામશેષ થતો નથી. ) કાવ્યત્વના વિકાસનું સંનિમ્યેય પ્રાસંગિકતાની દૃષ્ટિએ રસનિષ્પત્તિનું જ છે. એ ધોરણે કરુણની રસાનુભૂતિ કરાવે શોકોર્મિકવિતાના કલાસૌષ્ઠવ માટેનું મૌલિક લક્ષ્ય છે. તેથી અભિવ્યક્તિમાં વાણીનો માધ્યમ કે કરુણની રસાનુભૂતિની ઉત્કટતા અથવા અવાંતર રૂપો, સ્થિતિઓ, કવિ કહવનું કારણ છે. રસાસ્વાદની ઉત્તમ અનુભૂતિ અને તૃપ્તિ ભાવાભિવ્યક્તિ અને રસાનુભૂતિપર આધાર રાખે છે.

જીવનકાળ દરમિયાનના પ્રસંગો સ્મરણો રૂપે શોકોર્મિકવિતામાં ઊતરે છે ત્યારે સુખદ પ્રસંગ દુઃખના ભાવમાં આલંબન અને અનુભૂતિ પામે છે. તેથી જ શૃંગાર, મૈત્રી, વાત્સલ્ય કે દાંપત્યના ભાવો શોકોર્મિકવિતામાં ઘેરા વિષાદ-યુક્ત, કરુણગંભીર બની જાય છે.

શોકાંજલિના કે શોકોર્મિકવિતાના અભ્યાસનો સ્પષ્ટ મુદ્દો એ છે કે મૃત્યુનો જ પ્રસંગ, શોકનો જ ભાવ અને કરુણરસનું બધી જ શોકોર્મિકવિતામાં સામ્ય હોવા છતાં એમાં શું આકર્ષણ જમાવે છે ? શું તુલના કામ શું કરે છે ? એનો ઉત્તર, ખોજ એ જ શોકોર્મિકવિતાની કલાત્મકતા છે. વિવિધ વિભાવાનુ-ભાવો શોકના મૂળની શોકોર્મિકવિતામાં ખીલતી પાંખડીઓ છે. આસ્વાદ દરમિયાન અનુભવાતો રસનો માધ્યમ શોકોર્મિકવિતાના કલાસ્વરૂપનું હાર્દ છે. શોકોર્મિકવિતામાં સર્વત્ર જોવા મળતી સમાનતાઓ તેના કલાસ્વરૂપના મુખ્યલક્ષણો, આધારસ્તંભો છે. તેમાં અંતર્ગત બદલાતા પાત્રો, પ્રસંગો, પરિસ્થિતિઓ, વિભાવાનુભાવો, રસાભાસ, નિષ્પત્તિ-સંક્રાંતિની રસમાનું વૈવિધ્ય તેનો વૈભવ છે. તેમાંથી ઉપસી આવતા, શોકોર્મિને વધુ ખીલવતા



kalpana's

કરુણતત્વો તેનાં નોંધપાત્ર અંશો છે. શોકોર્મિકવિતાના શ્રેષ્ઠકાવ્યો તેની વિશેષ બાબત છે.

શોકોર્મિકવિતામાંથી નિષ્પન્ન થતો કરુણ રસમીમાંસાના નિયમાનુસારનો શુધ્ધ કરુણ છે. કરુણરસ માટે મૃત્યુજન્ય શોક અથવા કાયમી વિયોગમાંથી પ્રગટતો વિષાદ હોય પરંતુ પ્રત્યેક મૃત્યુ શોકજનક નથી હોતું તેથી શોકોર્મિકવિતામાં સ્વજન-ઇષ્ટજન-પ્રિયજનના મૃત્યુનો કાયમી શોક ઉલ્લેખનીય બન્યો છે. વિવિધ અટકળો, ધારણાઓમાં મૃત્યુનો તાગ પામતા જતાં વધું ઘૂંટાતું રહસ્ય અને સ્વજન ખોયાનો અફસોસ તીવ્ર વિષાદનું રૂપ સર્જે છે. શોકોર્મિકવિતા અંતર્ગત વિષાદ કાવ્યોમાં પ્રાથમિક કક્ષાના શોકની અભિવ્યક્તિની તુલનાએ વિષાદની વધુ સઘન અભિવ્યક્તિ છે. ભાવાભિવ્યક્તિ અને રસાનુભૂતિની દ્રષ્ટિએ તેથી એ કાવ્યોમાંથી કલાત્મકતાના ઊંચા ધોરણો મળે છે. મૃત્યુને સમજવાની ધડમથલ અથવા વિયોગનો તરફડાટ વિષાદ જગાવે છે. અને વિષાદ કરુણની રસાનુભૂતિ કરાવે છે. એની પ્રતીતિ જ શોકોર્મિકવિતાની કલાત્મકતા પૂરવાર કરે છે. કાવ્યે કાવ્યે ઉભરાતો વિષાદ અને શોક તેમજ અન્ય વિવિધતા અંતે તો કરુણ જ આપે છે. કોઇપણ શોકોર્મિકવિતાનો આ અંતિમ સાર છે. માટે શોકોર્મિકવિતા શોક અને કરુણને વરેલી કવિતા છે એ વિધાન યથાર્થ લાગે છે.

શોકોર્મિકવિતામાંથી મળતો વિષાદ બે પ્રવાહોમાં મળે છે. મૃત્યુને જાણવાની ધડમથલ અને નિષ્ફળતામાંથી લાચારી પછીનો વિષાદ અને સ્વજનના મરણની આઘાતજન્ય સ્થિતિમાં, શોકમાંથી પણ ઘેરો વિષાદ જાગે છે. અને વિષાદમાંથી તો કરુણ સિવાય અન્યતો સંભવ નથી માટે વિષાદ, શોક અને કરુણ શોકોર્મિકવિતાના કાવ્યસ્વરૂપના ઉત્તમ લક્ષણો છે.

આસ્વાદ માત્ર આનંદદાયક હોય છે. કારણ કે દરેક રસ આનંદમય જ હોય છે. તેથી રસ ભલે બદલાય પણ રસાસ્વાદ તો એક અને અભિન્ન રહે છે એ સિધ્ધાંત પ્રમાણે અન્ય રસમાંથી સંક્રાંતી પામીને અંતે કરુણની રસાનુભૂતિ

તૃપ્તિ અને આનંદની અનુભૂતિ કરાવે છે શોક ભલે દુઃખના ભાવ વ્યક્ત કરતો હોય પણ તેમાંથી નિષ્પન્ન થતો કરુણ રસ આસ્વાદ પછી આનંદની જ અનુભૂતિ કરાવે છે. શોકોર્મિકવિતામાં કોઈપણ અન્ય ભાવનો સૂક્ષ્મ અધ્યાસ આ સ્વર્ગ-જનક આપે છે. દા.ત. વાત્સલ્યરસ હોવા છતાં માતા, પિતા, દાદા, ભાઈ, ના આત્મીયભાવની ભેદરેખા પ્રમાણે દરેક કાવ્યમાં અભિવ્યક્તિ પામતા વાત્સલ્યમાં સૂક્ષ્મ ફેરફાર વર્તાશે.

મૃત્યુ વિશેનું ચિંતન ચિંતક રજૂ કરે અને કવિ રજૂ કરે એમાં શોકોર્મિ-કવિતાને આધારે એટલો તફાવત સ્પષ્ટ થાય છે કે કવિતામાં નિરૂપાતું ચિંતન ભાવમિશ્રિત હોવાથી વધુ આસ્વાદ્ય, સરળભૂમિકા સાથે રજૂ થતું હોય છે અને તેથી તે ચિંતન ભાવક માટે ક્લિષ્ટ બનતું નથી. બન્નેમાં રજૂ થતું ચિંતન સમાજ તારણો આપતું હોવા છતાં કવિતાનું ચિંતન વધારે ભાવવાહી બની રહે છે.

શોકોર્મિકવિતામાં સુખદ ભૂતકાળ અને દુઃખદ વર્તમાનનું અનુસંધાન સંધાતા શોકની ભાવાભિવ્યક્તિ અને કરુણ નિષ્પન્ન થાય છે. કવિની વ્યથા ભાવ અને રસ વચ્ચે ઝોલા ખાય છે. શબ્દ અને અર્થ વચ્ચે ઝોલા ખાય છે. શોકોર્મિકવિતામાં કાવ્યત્વ અંગે કવિકૌશલ જ પુરવાર થાય છે. બાકીના લક્ષણો તો સર્વસામાન્ય છે. દા.ત. મંદાક્રાન્તા વિરહ, શોક અને વિષાદની અભિવ્યક્તિ માટે અનુકૂળ છંદ છે છતાં ઘણાં કવિઓએ અન્ય ઘણા છંદોમાં અભિવ્યક્તિનું કૌશલ પુરવાર કર્યું છે. મૂળ તત્ત્વોની માવજત જળવાય તો શોકોર્મિકવિતા એક સારી કલાકૃતિ બને છે. કારણ કે શોકોર્મિકવિતા અભિ-વ્યક્તિના કૌશલ પર આધાર રાખે છે. શોકોર્મિકવિતા Art of expression ના સિદ્ધાંતને વરેલી કવિતા-કાવ્ય સ્વરૂપ છે.

કાવ્યમાં છૂપાયેલા ભાવને ઉત્તમ રીતે વ્યક્ત કરવો એ જ કવિ ધર્મ અને કવિકર્મ છે. વિવિધ કલાંશોનો ઉચિત સમન્વય જ્યારે સર્જકારો સફળ પ્રયત્ન કરે ત્યારે કાવ્યાત્મકતા પછી કૃતિને કલાત્મકતા પ્રાપ્ત થાય. આ કલાત્મકતાથી કૃતિ કલાકૃતિ બને. એ માટેના વિવિધ કલાતત્ત્વોના સમન્વયની



kalpana's

રૂપે આપણે અભિવ્યક્તિનું કૌશલ કહીશું.

કાવ્યમાં ભાવની અભિલાઈને ઉતારવા માટે સંસ્કૃત સાહિત્યથી આજ પર્યંત વિવિધ કાવ્યપ્રકારોમાં ઉત્તમ ઉપકરણ તરીકે રૂપક સર્વોત્તમ સફળતા સાધી રહ્યું છે. શોકોર્મિકવિતા પણ ભાવાભિવ્યક્તિના ઉત્તમ ઉપકરણ તરીકે રૂપકના આયોજન માટે ઉત્તમ ઉદાહરણો પૂરા પાડે છે. મૃત્યુ, શોક, ચિંતન કે સમાધાનની અસરકારક અભિવ્યક્તિ ભાવવિશ્વની અભિલાઈની તાદૃશતા અને પૂર્ણતાની અભિવ્યક્તિ માટે રૂપક સફળ રહ્યું છે. ઉશનસ્કૃત 'ફૂલ ખર્યું' જેવી કૃતિઓ શીર્ષકથી અંત સુધી નખશીખ સર્વાંગ સંપૂર્ણ રૂપકના ઉત્તમ દૃષ્ટાંત બની રહે છે. એક જ રૂપક, એકજ કાવ્યમાં બે જુદા અર્થે જૂએ ત્યારે રૂપકની કલાત્મકતા વિશેષ પુરસ્કાર થાય છે. શોકોર્મિકવિતાઓમાં 'અગ્નિ-વિરામ' નું 'પરાગ' નું રૂપક એનું ઉત્તમ દૃષ્ટાંત છે. શોકોર્મિકવિતામાં 'કાવ્યનું રૂપક' અને 'કાવ્યમાં રૂપક' એમ બે સંદર્ભમાં જુદા અર્થમાં રૂપકનું વિનિયોજન મળે છે. સમગ્ર કાવ્યત્વ માટે એકજ રૂપક અને જુદા જુદા રૂપકોથી કડીબદ્ધ ભાવવિકાસનું વૈવિધ્ય એમાં સૂચિત છે. દા.ત. ઉશનસ્કૃત 'એક સંત' કાવ્ય. કરુણને વિશેષ ઘેરો બનાવવામાં વાત્સલ્યની અભિવ્યક્તિ માટે ઉશનસ્ કૃત 'પૂંબાપા જાતું' વાસંતી ઉપવનનું રૂપક વિશેષ ફાળદાયી બને છે. નાના છતાં અનેક રૂપકો દ્વારા અનુસંધાન પામતો 'મિત્રાસ્મૃતને' કાવ્યનો સ્વજન સંદર્ભ પણ રૂપકની ઉપયોગીતા પુરસ્કાર કરે છે. મૃત્યુની ભીષણતા અને ભાવની તાદૃશતા ચોટ રીતે સમજાવતું સ્નેહરશ્મિ કૃત 'અમર પંથ' નું રૂપક પણ વિનિયોજનની કલાની દૃષ્ટિએ નોંધપાત્ર છે. વ્યાપ્તિની વ્યાપકતા ઉતારતું 'નીંદ આવી ગઈ' કાવ્યનું રૂપક ભાવની અભિલાઈની અભિવ્યક્તિનું ઉત્તમ ઉદાહરણ છે. કુંજકુંજ અને ક્ષિતિજ વાડીની પુષ્પસૃષ્ટિના સુરેશ મજમુદાર કૃત 'ક્ષિતિજ વાડી' ના રૂપકો વિષાદ અને [illegible] કરુણની સઘન અભિવ્યક્તિ આપે છે.

રૂપકનું વિનિયોજન શોકોર્મિકવિતામાં બે સ્વરૂપે મળે છે. એકજ રૂપક દ્વારા અનેક કવિઓના અનેક અર્થઘટન અને (સમાન અર્થો માટે) એકાધિક

રૂપકાયોજનથી અર્થ સૌંદર્યનું સધાતું સામ્ય. શોકોર્મિકવિતામાં ભાવાભિવ્યક્તિની અનેક વિધ ક્ષમતા રૂપકનું ઉપકરણ સિદ્ધ કરે છે. દા.ત. દૃશ્ય માટે, ચિંતન માટે, ઊર્મિ પ્રાકટ્ય માટે, શબ્દ ચિત્ર કે પ્રાલંબન માટે, વિયોગ વિષાદ કરુણ નિષ્પત્તિ માટે રૂપકમાં સિદ્ધહસ્ત અભિવ્યક્તિઓ મળે છે. રૂપકના વિનિયોજન માટે ઉશનસ્ અને હરિશ્ચંદ્ર ભટ્ટ યાદ આવે પરંતુ હરિશ્ચંદ્ર ભટ્ટ માત્ર એક જ રૂપકથી કરુણ-વિષાદ સિદ્ધ કરે છે. હરિશ્ચંદ્રની કેટલીક નિવાપાંજલિઓમાં લાંબા સંમિશ્રિત ભાવપ્રબોધક રૂપક મળે છે. ગતિ-શીલતા, ક્રિયાશીલતા અને ચિત્રાત્મકતાના ગુણો રૂપકમાં હોય તો કાવ્યત્વ-જીવંત બની જાય છે. દા.ત. પન્ના નાયકના 'પ્રિયકાન્તને' કાવ્યમાં મોતનું રૂપક રૂપકો ક્યારેક પરંપરાગત અર્થસંદર્ભ આપે છે તો ક્યારે જુનાં રૂપકો નવો અર્થસંદર્ભ પણ આપે છે. ગ્લાનિ, વિષાદ અને વિયોગની ઉત્કટતા આલેખતાં કાન્તનાં 'રુપાની માંજરી' અને 'પ્રમાદી નાવિક' નાં રૂપકો ઉલ્લેખનીય છે. કાન્ત ગાયકમાં રૂપક અને અન્યોક્તિમાં અભિવ્યક્તિના સિદ્ધ-હસ્ત કવિ છે. સાંગોપાંગ સાદ્યંત રૂપક ધરાવતી ઉત્તમ શોકોર્મિકવિતા ઓ તરીકે 'નિસ્તેજ વાડી', 'પ્રમાદી નાવિક', 'એકાંત', 'ફૂલબાગ' 'વિધુર-કુરંગ' કાવ્યો પ્રથમ પંક્તિમાં મૂકી શકાય. મહદંશે વિનિયોજન માટે રૂપકોની પસંદગી પૌરાણિક, ધાર્મિક, સાંસારિક, સામાજિક, પ્રસંગો, પ્રાકૃતિક દૃશ્યો, અને વ્યવહારોમાંથી પસંદ કરી છે. મૃત્યુ વિષાદ, શોક અને કરુણની ઉત્તમ અભિવ્યક્તિ માટે ઘણાં રૂપકો સાર્થ નીવડ્યા છે. શોકોર્મિ-કવિતામાં જ્યાં રૂપકની સવિશેષ પ્રભા ઉપસી આવે છે. ત્યાં રૂપકનો વૈભવ સામર્થ્ય અને સાર્થકતા સ્પષ્ટ જણાઈ આવે છે. દા.ત. બબરદાસકૃત 'સ્વ. મહુભાઈને' કાવ્યમાં મહ્યાળીનું રૂપક- સ્વભાવદર્શન, અને પ્રાયશ્ચિત્તને સ્પષ્ટ રીતે રજૂ કરતાં 'આરતી' કાવ્યના બ.ક.ઠા. એ પ્રયોજેલાં રૂપકો પણ ઉલ્લેખનીય છે. શોકોર્મિકવિતામાં રૂપકો ઠેર ઠેર મળે છે. પરંપરાગત અર્થસંદર્ભ આપતા જુના રૂપકો, નવો અર્થ સંદર્ભ રચતાં જુના રૂપકો, રૂપકના તદ્દન નવા પ્રયોગો, વિનિયોજન એ સ્વરૂપે મળે છે. સમગ્ર કાવ્યત્વ-



kalpana's

માટે એકજ રૂપક દ્વારા પ્રલંબ અખિલાઈની અભિવ્યક્તિ અને નાના રૂપકો દ્વારા કડીબદ્ધ ક્રમબદ્ધ ભાવવિકાસ, વિવિધ પ્રકારનું સામર્થ્ય પૂરવાર કરતી રૂપકની અભિવ્યક્તિ નોંધપાત્ર છે. એ વિવિધતા રૂપકના વિનિયોજનની પ્રયોગશીલતાની સિદ્ધિરૂપ છે. મૃત્યુ, વિષાદ, વિલાપ, શોક, કરુણ, સ્વજન સંદર્ભ, અંજલિ જેવા શોકોર્મિના ઘણા કાવ્યતત્ત્વોની ઉત્તમ અભિવ્યક્તિ રૂપકમાં મળે છે. દીર્ઘકાવ્યોથી માંડી હાયકુ સુધી બધાજ કાવ્યપ્રકારોમાં વિવિધ પ્રકારોમાં રૂપક સર્વત્ર સફળ રીતે નીરૂપાયાં છે. આલેખનમાં કવિઓની સર્જાતી ચમત્કૃતિ કાવ્યનું ગૌરવ વધારે છે.

શોકોર્મિકવિતામાંથી - વિવિધ રૂપકોના અભ્યાસ પરથી ચાર તારણો વિશેષ તરી આવે છે. રૂપકની પસંદગી , વિનિયોજન અને ભાવાભિવ્યક્તિમાં વૈવિધ્ય, રૂપકાયોજનનું પ્રકારવૈવિધ્ય, ભાવાભિવ્યક્તિ અંગેની રૂપકોમાંથી મળતી ઉત્તમ ઉપલબ્ધિઓ આ ચારેય તારણો પરત્વે રૂપકની અભિવ્યક્તિ સમૃદ્ધ રહી છે.

શોકોર્મિકવિતામાં આલંકારિકતા ભાવાભિવ્યક્તિની સુરેખતા, સ્પષ્ટતા, સચોટતા, અને ચમત્કારકતાની સાર્થકતા સિદ્ધ કરે છે. શોકની વિવિધ ભાવચ્છાયાઓ, વ્યક્તિવિશેષ સદ્ગતના વ્યક્તિત્વના પરિચય માટે વિવિધ અલંકારો પ્રયોજાતા જોવા મળે છે. ખૂબ પ્રચલિત અલંકારોમાંથી ઉપમા, ઉત્પ્રેક્ષા, દ્રષ્ટાંત , અતિશયોક્તિ, વર્ણાનુપ્રાસ, સજીવારોપણ અને વર્ણસગાઈ ઘણી શોકોર્મિકવિતામાં પ્રયોજાયા છે. પણ શોકોર્મિકવિતામાં શ્લેષ, વિરોધાભાસ અને અન્યોક્તિથી અનુભવાતી ચમત્કૃતિ પણ સુલભ છે. ચિંતન, તત્ત્વજ્ઞાન અને વિષાદની સચોટ અભિવ્યક્તિ અલંકારો દ્વારા મળે છે. પ્રકૃતિના માધ્યમથી આલેખાયેલા અલંકારોની કાવ્યસૃષ્ટિ અને ભાવસૃષ્ટિ રમણીય છે. અનુભૂતિની તીવ્રતા, ઇન્દ્રિયવ્યત્યયનું કૌશલ, શ્લેષ અને અતિશયોક્તિના ઉત્તમ દૃષ્ટાંતો ખબરદારે રચેલી શોકોર્મિકવિતામાં મળી આવે છે. સ્નેહરશ્મિના 'અશ્રદ્ધા', 'સ્વપ્ન' અને 'અણદીઠ જાદુગર' માં



kalpana's

ચિંતન અને તત્વજ્ઞાન માટે અલંકારોનું વિનિયોજન થયું છે. કાન્તના 'પ્રમાદી નાવિક' અને સુરેશ મજમુંદાર કૃત 'નિસ્તેજ વાડી'માં પ્રાકૃતિક રમણીય ભાવ અને તેમાં ઘેરા વિષાદની ગ્લાનિની અભિવ્યક્તિ અલંકારો દ્વારા સિધ્ધ થઈ છે. બ.ક.ઠા.ના કાવ્યોમાં સ્વભાવોક્તિ અને તુલનાઓ ખાસ મળી આવે છે. સામાન્યતઃ શોકોર્મિકવિતામાં એકાદ અલંકાર મળી આવે પરંતુ એકાધિક અલંકારોની સૃષ્ટિ રચતાં શોકોર્મિ-કાવ્યો પણ છે. કે.હ.શેઠ કૃત 'સંસ્કાર મિત્ર' કાવ્યમાં વિરોધાભાસ, ઉપમા, વર્ણસગાઈ, ઉપરાંત પ્રાસચાતુરી પણ મળી આવે છે. પદાવલીના કૌશલ માટે તો કવિ કાન્ત 'લલિત કોમલ કાન્ત પદાવલી' માટે પ્રચલિત છે. કાન્ત અને બ.ક.ઠા.ના કાવ્યોમાં દૃષ્ટાંત, રૂપક અને અન્યોક્તિ સવિશેષ મળી આવે છે. અલંકારોમાં લાઘવયુક્ત અભિવ્યક્તિ સુરેખ, તાદૃશ અને સચોટ હોવાથી કાવ્યની સમગ્ર ભાવાભિવ્યક્તિને સઘન બનાવે છે.

છંદ તો ઊર્મિકવિતાનું મહત્વનું લક્ષણ છે. લઘુવિરહોર્મિ વર્ગની શોકોર્મિ-કવિતામાં પણ છંદવૈવિધ્ય વિપુલ પ્રમાણમાં મળે છે. લયમેળ, માત્રામેળ, અને અક્ષરમેળની વૃત્ત રચનામાં ઘણા કાવ્યો રચાયા છે. તો છંદની પ્રયોગ-શીલતાથી પણ શોકોર્મિકવિતા વંચિત નથી. મધ્યકાલિન લયમેળની કાવ્યરચનાઓ પછી અર્વાચીન કવિતામાં અક્ષરમેળ વૃત્ત રચનાની ઉપયોગીતાનો વ્યાપ જોતા તેનો વિકાસ નોંધપાત્ર રહ્યો છે. શોકોર્મિકવિતા ઐતિહાસિક વિકાસમાં અર્વાચીન કવિતાનોજ વિકસેલું કાવ્ય સ્વરૂપ છે. તેથી તેમાં અર્વાચીન કવિતાના છંદના પ્રભાવના પગલે છંદવૈવિધ્ય મળે એ આશ્ચર્યની વાત નથી. શોકોર્મિકવિતામાં સંખ્યાબંધ સફળ શોકોર્મિકાવ્યો મળે છે.

છંદોબધ્ધ રચનાઓમાં બધા વર્ગોમાં છંદ વૈવિધ્ય નજરે ચડે છે. ભાવ-છાયા પ્રમાણે બદલાતા છંદોવાળી ખંડકાવ્યો જેવી દીર્ઘરચનામાં વૃત્તવૈવિધ્ય, સોનેટ જેવી ચોકક્સ પંક્તિ મર્યાદાવાળી રચનાઓમાં ગમે તે એક છંદ અને અછાન્દસ કૃતિઓમાં વિવિધ છંદના ખંડસ્વરૂપો મળી આવેછે. પ્રયોગશીલતાની



kalpana's

દૃષ્ટિએ આ ખંડસ્વરૂપો તેમજ 'અંજની' જેવા પરમ્પરાની છંદના પ્રયોગો, ભાવાભિવ્યક્તિ માટે સફળ રહ્યાં છે. છાન્દસથી અછાન્દસ સુધીના વિકાસમાં, શોકોર્મિકવિતામાં સફળ છંદ રચના અને લયમાધુર્યને સાધી શકાયું છે. અછાન્દસ રચનાઓમાં ખંડ-સ્વરૂપો જેવાં કે ખંડ શિખરિણી, ખંડ હરિગીત આદી મળે છે અને ભાવનું લય સાતત્ય અને લય માધુર્ય પણ જાળવે છે. શોક અથવા વિષાદની, વિયોગની અભિવ્યક્તિ માટે મંદાક્રાન્તા અનુકૂળ છંદ છે પણ ન.ભો.દિ. 'એક બાળકીના મૃત્યુપર' કાવ્યમાં વસંત તિલકા, હરિણી, ઉપજાતિ, અનુષ્ટુપ પ્રયોજી વિષાદ અને કરુણ સિદ્ધ કરે છે. શોકોર્મિકવિતામાં 'મિશ્રજાતિ' છંદ સૌ પ્રથમ પૂજાલાલ 'દાદા' ના સ્મરણો નિમિત્તે પ્રયોજે છે. એ પ્રયોગશીલતાની ઐતિહાસિક ઘટના છે. પૃથ્વી છંદના સિધ્ધહસ્ત કવિ બ.ક.ઠા. 'ભણકાર' ના ગુચ્છ-૩ ના 'પૂર્વ યાત્રીઓને અંજલિ' માં પૃથ્વી ઉપરાંત વસંત જાતિ, પદ, ગુલબંકી, વસંતતિલક, શિખરિણી, સોરઠો, મિશ્રજાતિ, મંદાક્રાન્તા, શાર્દૂલવિક્રીડિત અને હરિણી છંદ પ્રયોજે છે.

કાન્તનું છંદપ્રભુત્વ પ્રસિદ્ધ છે. તેમણે પણ પૃથ્વીમાં ઘણાં કાવ્યો આપ્યાં છે. પરંતુ 'વિપ્રયોગ' નિમિત્તે તેમના થકી મરાઠીના ~~[illegible]~~ 'અંજની' છંદનો પ્રયોગ અને પ્રવેશ તેમજ આવકાર અર્વાચીન ગુજરાતીની કવિતાની અજોડ ઘટના છે. તેથી 'વિપ્રયોગ' અર્વાચીન ગુજરાતી કવિતા ઉપરાંત શોકોર્મિ-કવિતાનું પણ ગૌરવ છે એક મત એવો પ્રવર્તતો હતો કે શોકોર્મિકવિતા માટે 'શિખરિણી' ઊણો ઉતરે છે પરંતુ મંજુલાલ મજમુંદારના મતે 'કલાપીનો' કાવ્ય શિખરિણીની સિધ્ધિનું દૃષ્ટાંત છે. ખબરદારકૃત 'કવિ નર્મદ શતાબ્દિ' માં પ્રયોજાયેલો 'અગ્નિ શીખા' છંદ અને રમણ કોઠારીના 'સ્વ.આચાર્યને' કાવ્યમાં ઝૂલણા, ખંડઝૂલણા અને પ્રવાહી ઝૂલણાની સાર્થકતા સિધ્ધ થાય છે. હરિશંકરે 'નર્મદને વધાઈ' નામે અંજલિમાં લાવણી છંદ પ્રયોજ્યો છે. તો ઝવેરચંદ મેઘાણીના સોરઠા, દુહા, અને છંદમાં ગુજરાતી, હિન્દી અને મારવાડી ભાષાની અભિવ્યક્તિ મળી આવે છે.



kalpana's

શોકોર્મિકવિતામાં છંદ વૈવિધ્ય, છંદ પ્રભુત્વ અને પ્રયોગશીલતા પછી પ્રયોગખોરીતાના દૃષ્ટાંત પણ મળે છે. બ.ક.ઠા. પ્રયોગાત્મક રીતે 'અ.સૌ. નર્મદા વહુ' કાવ્યમાં અંજની છંદમાં ચોથી પાંચમી પંક્તિમાં ચાર ગુરુ રાખી સૂક્ષ્મ ફેરફાર કરી લય, હિલોળ, રંગ, રસ, રૂપ બદલી નાખે છે. પૂજાલાલના 'દાદા' કાવ્યમાં પંક્તિખંડમાં યોજાતું છંદવૈવિધ્ય-છંદરમણાનું વિશેષતત્વ બની જાય છે. પતિલકૃત 'તારી જીવતી સમાધિ' માં સોનેટ અને પૃથ્વીનું નવું બંધારણ મળે છે. [illegible] ચતુષ્કમાં પંક્તિ રચનાની બંધારણીય ગોઠવણ એ પતિલની પ્રયોગશીલતા અને પ્રયોગખોરતા છે. સુરેશ દલાલ કૃત 'બ.ક.ઠા.ને' ની કાવ્યબાની પણ પ્રયોગશીલતાનું ઉદાહરણ છે.

લાગણી પોતાનો લય સાથે રાખી અભિવ્યક્તિ [illegible] પામે છે તે અનુસાર ભાવાભિવ્યક્તિની ચોટદાર પુરસ્કાર થાય તેવી છંદ પસંદગી અને છંદરમણા શોકોર્મિકવિતામાં છંદ પરત્વેનું કૌશલ સિદ્ધ કરે છે.

કલાત્મક અભિવ્યક્તિની દૃષ્ટિએ કવિતા માટે વિષય કરતાં વિષયની રજૂઆતમાં કલાનું ગૌરવ વધુ સ્વીકારાયું છે. તેની પાછળ તેનો સર્જક અને સર્જક પ્રતિભા સંતાયેલી હોય છે. અનેકવિધ સામ્ય ધરાવતી એકજ વર્ગની કવિતામાં ઉત્કૃષ્ટતા તપાસવાનો એ માપદંડ બની જાય છે. શોકોર્મિકવિતા માટે આ વિધાન યથાર્થ સાચું છે. કારણ કે શોકોર્મિકવિતા અનેક વિધ લાક્ષણિકતાનું સામ્ય ધરાવતી એક જ વર્ગની કવિતા છે. તેમાંથી ઉત્તમ શોકોર્મિકાવ્યો અને ઉત્તમ વિષાદકાવ્યોની ઉત્કૃષ્ટતા આ પદ્ધતિ અનુસાર શક્ય બની છે. Art of presentation અથવા Art of expression-form of expression એ શોકોર્મિકવિતાનો માપદંડ છે. ભાષાશૈલી અને અભિવ્યક્તિ તેના મુખ્ય બે તત્વો છે.

ભાવાભિવ્યક્તિના વિવિધ અંગો તરીકે સર્જક પ્રતિભા, વિનિયોજનની કલા, ટેકનીક, પ્રયોગાત્મકતા, આલંકારિકતા, શોક અને વિષાદનું આલેખન, આદી કાવ્યતત્વો ગણાવી શકાય. આ ઉપરાંત કવિતામાંથી ઉપલબ્ધ



kalpana's

પરંપરા અને પ્રયોગશીલતા, પણ ઉલ્લેખનીય છે. પરંતુ ભાષાશૈલીના અંગો તરીકે, વિરામચિહ્નોની સાર્થકતા, કાવ્યેકાવ્યે બદલાતી જુદી જુદી શૈલી, વ્યંગ, વક્રોક્તિ, કટાક્ષ, મર્મ, પ્રતીકો, દૃષ્ટાંતો, રૂપકો ભાવાભિવ્યક્તિ અને રસનિષ્પત્તિને તાજગી બક્ષે છે.

શૈલીમાં વૈવિધ્ય તપાસતાં વર્ણનશૈલી, સંવાદશૈલી, પ્રશ્નસાંકળી, નાટ્યાત્મકતા, ચિંતન પ્રધાન ભાષાશૈલી, ચેકોક્ત, ઉદ્બોધનનું વૈવિધ્ય સાંપડે છે. ~~xxxx~~ કાલ વિનિમય, કાલવ્યુત્ક્રમ, ઇન્દ્રિયવ્યત્યય, અન્યોક્તિ, અભિધા, વ્યંજના, લક્ષણાની ગૂંથણી, વિવિધ ~~xxx~~ પ્રયુક્તિઓ, તત્સમ, તદ્ભવ અને પારિભાષિક શબ્દભંડોળ, અન્વયના પ્રયોગો શોકોર્મિકવિતાની શૈલીસૌંદર્ય વ્યક્ત કરે છે. લાઘવ શૈલીનો ઉત્તમ ગુણ છે. લાગણીના સહજોદ્ગાર સઘનતા અને સચોટતામાં તેનું કૌશલ પુરવાર થાય છે. શોકોર્મિ-કવિતામાં હાઇકુ, મુક્તકો તેના ઉત્તમ દૃષ્ટાંતો છે. ઊર્મિકવિતા સર્જકની કસોટી કરે છે તેથી શોકોર્મિકવિતા ~~xx~~ માટે પણ એ વિધાન તેટલું જ સાચું છે કારણ કે અભિવ્યક્તિ માટે તે સભાનતા, સજગતા અને ઊંડી કલાસૂઝ માગી લે છે. તેનું રચનાકૌશલ કવિપ્રતિભાને કસોટીએ ચડાવે છે. વૈવિધ્યની સમૃદ્ધિ રચનાકૌશલ અને કવિસૂઝની સિદ્ધિ બની જાય છે. સ્નેહરશ્મિ, ન.ભો.દિ.ના કાવ્યો વાંચતા એવી પ્રતીતિ થાય છે. જ્યારે 'સ્વ.મહૂબાઇને' 'ઓ ગયી હંત સુજાણ', રચનાકૌશલનું આકર્ષણ બતાવે છે. 'મૃત્યુનું માંગલ્ય' પણ રચનાકૌશલ અને શૈલીની જ ભેટ છે. એ શોકોર્મિકવિતાનું લઘુવિરહોર્મિ વર્ગની કવિતામાં ઉત્તમ પ્રદાન છે. ઉચિત શીર્ષકો પણ ક્યારેક કવિતાની ભાવસમજમાં મદદરૂપ બને છે. 'આંસુની ભેટ', 'શોકભાર શાને પોષવો', અથવા 'કાગડી ઊડ' જેવા શીર્ષકો તેના દૃષ્ટાંતો છે. પૌરાણિક દૃષ્ટાંતો, નવા સર્જ શબ્દો, નવા-જુના પ્રતીક રૂપકોમાં અર્થ-મર્મ શબ્દોની ગૂંથણી શોકોર્મિ-ના કાવ્યત્વને મૌલિકતાનો પાશ ચડાવે છે. દા.ત. ધીરુ પરીખની 'ક્યાં છે પ્રહ્લાદ' કૃતિ. બ.ક.ઠા.ના શોકોર્મિકાવ્યોમાં પ્રગટ થતા શોક કરુણ



kalpana's

અને વિષાદની આગવી તાસીર છે. શ્રેષ્ઠ રસાનુભૂતિ કરાવતા શોકોર્મિ-કાવ્યોમાં તેમની રચનાઓ મોખરે છે. વિષાદ માટેની અભિવ્યક્તિમાં સૌથી વધુ વૈવિધ્ય સાંપડે છે.

શૈલી લિખાવટથી કંઈક વિશેષ છે. તેથી જ દરેકની આગવી શૈલીનું નોખાપણું જોવા મળે છે. શૈલી અને અભિવ્યક્તિ પરસ્પર પૂરક-પ્રેરક-પોષક છે. તે અલગ નથી – અવિભાજ્ય છે. સામાન્ય લેખનથી શૈલી જુદે અને એ શૈલીથી અભિવ્યક્તિને ઊંચાઈ મળે શૈલી અભિવ્યક્તિનું એવું અંગ છે કે જેના વિના અભિવ્યક્તિ પાંગળી બની જાય છે. કારણ કે બયાનથી ચડિયાતી અભિવ્યક્તિ અને અનુભૂતિ ને ઝાઝુ છેટું નથી. શોકોર્મિના ઘણા સૉનેટમાં સારી અભિવ્યક્તિમાં તાદૃશતા, નાટ્યાત્મકતા, અને અભિનેયતાના ગુણો મળે છે. દા.ત. ઉશનસ્‌કૃત 'હું જ મુજ પિતા' 'પાઠક સાહેબને' કાવ્યમાં સાદી ભાષામાં સચોટ અભિવ્યક્તિ ગ્રામ્ય પ્રયોગો તળપદા શબ્દો દ્વારા વાસ્તવિકતા લાવવાનો પ્રયત્ન સારો થયો છે. તો પ્રહ્લાદ પારેખના 'દિવંગત ટાગોરને' માં શૈલીમાં લયની અસ્થિરતા પણ જણાય છે. 'કાગડી અબ' માં મળતી પ્રવાહીતા વિશેષ ધ્યાન ખેંચે છે.

ઉત્તમ અભિવ્યક્તિમાં કવિસૂઝ, કવિકર્મ પ્રસાર કરે છે. સઘન આલેખન લાઘવની પહેલી શરત છે. શોકોર્મિકવિતામાં લાઘવની કસોટીમાંથી પાર થનારની શૈલી પરિપક્વ રૂપે બહાર આવે. પતીલકૃત 'સાંઈને' કૃતિ શૈલી માટે નોંધપાત્ર છે. એમાં સીધી, સાદી, સરળ અભિવ્યક્તિ અનેક લક્ષ્યને સાંધતી, વીંધતી ક્યાંક ક્યાંક ગૂંથણી સર્જે છે. અભિવ્યક્તિનું કૌવત મનસુખલાલ ઝવેરીના 'આજ નથનો ? રહો?' અને ઉમાશંકરના 'રહો ન મુજ મૃત્યુને' વિશિષ્ટ રચનારીતિથી લખાયેલ કાવ્યો છે. કવિના વિષાદની એમાં સંયમિત છતાં તીવ્રતમ અભિવ્યક્તિ છે. તુલના અને રૂપક અભિવ્યક્તિના સબળ અંગો છે. સુરેશ મજમુદાર કૃત 'કલાપીને', 'ઓગષ્ટને' 'નિસ્તેજ વાડી' અને દલપત રામના 'ફાર્બસ વિરહ'માં તેની સફળ અભિવ્યક્તિમાંથી કરુણ વિષાદ પ્રાપ્ત થાય છે. અમૂર્તમાંથી મૂર્તિ પામવાની અભિવ્યક્તિ સુરેશ મજમુદારના



kalpana's

'કવિવર રવીન્દ્રનાથ ટાગોરને' કાવ્યમાં મળે છે. શૈલી અને અભિવ્યક્તિનું ઉત્તમ કાર્ય તો વિષાદ અને કરુણને કાવ્યત્વ બક્ષવામાં છે ? વિષાદ શોકોર્મિકવિતાનું પ્રાણતત્વ છે. અભિલાષને આંબવાનો પ્રયત્ન ન્હાનાલાલનાં 'વસંતાગમને' કાવ્યમાં છે. સુંદરજી બેટાના 'ફૂલ વિસર્જન' કાવ્યમાં ભાવ અને શબ્દનો ઉત્તમ સમન્વય છે. ચિંતનને પાછું પાડતી શોકની તીવ્ર અભિવ્યક્તિ આપતી 'સૂની સફર' અને 'ફૂલ ખર્યું' કૃતિઓ પણ શૈલીની દૃષ્ટિએ સવિશેષ છે. પન્ના નાયકના 'પ્રિયકાન્તને' માં, મેળાના રૂપકમાં ઘેરા વિષાદ અને કરુણવિસ્મયનો સમન્વય મળે છે. કાન્ત, બ.ક.ઠા. ન્હાનાલાલ, પિનાકીન ઠાકોર, પ્રજારામ રાવળ, સુરેશ દલાલે આપેલી સાહિત્યકાર અને કવિઓની અંજલિ કલાત્મક છે.

શોકોર્મિકવિતાની વિશેષતા(ઓ) અંજલિ, મૃત્યુનું માંગલ્ય છે. મૃત્યુનું માંગલ્ય ખબરદાર પછી રા. વિ. પાઠક, સુંદરજી બેટાઈ, ઝવેરચંદ મેઘાણી જેવા કવિઓમાં નવે નવે રૂપે અભિવ્યક્તિ પામતા લાગે પરંતુ આહ્લાદક કવિતામાં 'પૂ. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટને' કાવ્યમાં વિશેષરૂપે મળે છે.

વિવેચકોએ સાહિત્યમાં Form ની વિશદચર્ચા કરી છે. કવિતામાં પણ Form નું મહત્વ લેખાયું છે. શૈલીની દૃષ્ટિએ પણ Art of expression નું મૂલ્ય ઊંચું છે. શૈલીના વિવિધ તત્વોમાં મૃત્યુના માંગલ્યની અભિ-વ્યક્તિમાં Art of expressionનું કવિકૌશલ મળે છે. લાચારીમાંથી કરુણરસ નિષ્પન્ન કરતી સ્નેહરશ્મિની 'બાપુ જતાં' કવિતામાં રૂપકની કલાત્મક અભિવ્યક્તિ છે. એક સાંગોપાંગ સંપૂર્ણ કલાકૃતિ તરીકે ઉશનસની 'ફૂલખર્યું' કૃતિમાં અભિધા, વ્યંજના, લક્ષણા, શોક, કરુણ, રૂપક પ્રતિક, અંજલિનો સુભગ સમન્વય આહ્લાદક રૂપે છે. શોકોર્મિકવિતામાં શૈલીના વિવિધ સ્વરૂપોમાં શિષ્ટભાષા ઉપરાંત પ્રાદેશિક બોલીઓ, ગ્રામ્ય પ્રયોગો, તદ્ભવ શબ્દપ્રયોગોનું વૈવિધ્ય છે. ઝવેરચંદની કૃતિમાં પ્રાદેશિકતા સ્પષ્ટ ઉતરી આવે છે. જ્યારે પતીલના 'ટાગોરને' કાવ્યમાં બીલોરી ભાષાના પ્રયોગો પણ મળી

આવે છે. પ્રાસ, લય, અલંકાર અને પૌરાણિક મીથનો સમન્વય પતીલના 'એક ગીત' કાવ્યમાં મળે છે. સંસ્કૃત સાહિત્યના પ્રચલિત ઊર્મિ, સ્પંદન, કલ્પનની નવીજ ચમત્કૃતિ કાન્તના 'વત્સલના નયનો' માં મળે છે. સચોટ ભાવનિરૂપણ સર્જતી ઉશનસ્‌ની 'પૂ. બાપા જતાં', 'હું જ પુત્ર પિતા', પ્રજારામ રાવળ કૃત 'અરવિંદ', રા. વિ. પાઠકકૃત 'છેલ્લું દર્શન, પૂજાલાલકૃત 'દાદા', સુરેશ મજમુંદાર કૃત 'નિસ્તેજ વાડી', પ્રજારામ રાવળકૃત 'પૂ. બ્હેનને', અને 'સૂની સફર' ની અભિવ્યક્તિ સુંદર છે. શોકોર્મિકવિતામાં સ્મૃતિનું ઉપકરણ વિષાદની અભિવ્યક્તિનું એક નવું જ રૂપ લઈને આવે છે. ભાવની ગહનતાના તાગ માટે, તાદૃશતા અને રસ સિદ્ધિ માટે શોકોર્મિકવિતામાં ઉપકરણના વિનિયોજનનો ઉત્તમ ફાળો છે. સ્મૃતિના ઉપકરણનું કલાત્મક વિનિયોજન રાવજીના મૃત્યુ સંદર્ભે લખેલી છાન્દસ્ રચનાઓમાં છે. કરુણ વાસ્તવિકની કલાત્મક અભિવ્યક્તિ બ. ક. ઠા. ની 'જાગરણ' અને 'જ્યંતિ દલાલની પ્રથમ પુણ્યતિથિએ' કાવ્યમાં છવાતી વિશાળ સ્તબ્ધતા તેમજ સદ્ગત બા સાથેના અવિનાભાવી સંબંધની હૃદયંગમ અભિવ્યક્તિ 'બાનો સાલ્લો' માં મળે છે.

સ્મૃતિના ઉપકરણ જેવું જ શોકોર્મિકવિતામાં ખૂબ પસંદગી પામેલું બીજું સમર્થ ઉપકરણ એટલું જ અભિવ્યક્તિમાં સફળ રહ્યું છે. ચીનુ મોદી ના 'પિતાની પ્રથમ પુણ્યતિથિએ' અને જયંત પાઠકના 'પિતાશ્રીને' કાવ્યોમાં રૂંવે રૂંવે થી ઉભરાતો તીવ્ર વિષાદ તેમજ હસમુખ પાઠકના મુક્તકમાં વ્યક્ત થતો બાપુ માટેનો ઘેરો વિષાદ અને ઉત્તમ સાધન અભિવ્યક્તિ અને શૈલીની શોકોર્મિ-કવિતામાં મળેલી સિદ્ધિ છે. બે મુક્તકમાં ઉત્તમ અભિવ્યક્તિ, સાધન અને શૈલીનો સુંદર ગૂંથણી છે.

શોકોર્મિકવિતામાં શૈલીના વૈવિધ્યમાં સંવાદ શૈલી, જોશીલા ઉદ્બોધન, વર્ણન શૈલી, મિતાક્ષરી શૈલી, આરોહ અવરોહમાં હૃદયના ભાવ-લયને પકડતી પદ્યકવિતાની છાન્દસ્ કાવ્યબાની ડોલનશૈલી માં તેમજ અન્ય



kalpana's

કાવ્યોમાં પણ નાટયાત્મકતા, એકોક્તિ, આવેગ, આવેશ, બોલચાલની પદ્ધતિનું દીપ્તિ અને વિષાદ, સ્વગતોક્તિના વિવિધ તત્ત્વોથી સભર છે. એમાં શૈલીના નવતર પ્રયોગો 'પરલોકે પત્ર', 'રડો ન મુજ મૃત્યુને' 'આજ નયનો ?' રડો, જેવા કાવ્યોમાં ખાસ મળી આવે છે. શોકોર્મિકવિતાનું ભાષાકર્મ કાવ્યત્વને પ્રેરક પૂરક નીવડે તેવું ઉત્તમ ફળદાયી છે. ભાષાશૈલીનું વૈવિધ્ય અને પ્રયોગાત્મકતા તેમાં વધુ નૂતનતા બક્ષે છે. સ્નેહરશ્મિ અને ઉમાશંકર નાના રૂપકો યોજે છે. ક્યારેક પ્રતીક દ્વારા ભાવાભિવ્યક્તિ આપે છે. તો ઉશનસ્ 'પિતાના ફુલ'માં ફુલ દ્વારા શ્લેષ યોજે છે. ભાષા શૈલીમાં કાવ્યત્વના અનેક વિધ ગુણોનો સમન્વય થાય છે. ભાવવિકાસ માટે જરૂરી એવા દ્રષ્ટાંત, રૂપક, પ્રતીક, અલંકારનું ઉત્તમ વિવેકબદ્ધ વિનિયોજન થાય છે. 'પરલોકે પત્ર' માં હીરાબેન કહે છે કે 'તુજને વરીને હું વિરહે વરી' જેવી મર્મવિદારક પંક્તિઓ શૈલીની ચમત્કૃતિના દ્રષ્ટાંતો પૂરાં પાડે છે.

શોકોર્મિકવિતામાં ભાવાભિવ્યક્તિ અને ભાષાશૈલી મહત્વના કાવ્યતત્વો છે તેના ઉભય અવિભાજ્ય પ્રયત્ને જ શોકોર્મિકવિતા આસ્વાદની કક્ષા મેળવી શકે છે. ભાવાભિવ્યક્તિ કે કવિકર્મ કવિકૌશલ, વિવેક સૂઝ, કાવ્યત્વને પ્રગટાવવાની સભાનતા સાથે એ સંકળાયેલી છે જ્યારે કવિ દ્વારા જ તૈયાર થતા કૌશલમાં ભાષાકર્મ અંતર્ગત કાવ્યબાની, શૈલી, ઉક્તિવૈવિધ્ય, વિવિધ ઉપકરણો અને પ્રયુક્તિઓ, આલંકારિકતા, આદિ તત્વો સાથે સંકળાયેલી છે સુગંધને પવનનું વહન જોઈએ જેમાં ઓતપ્રોત સુગંધ થાય તેમ શૈલી અને સ્વરૂપ ભિન્ન છતાં અભિન્ન રૂપે ભળી શોકોર્મિનું કાવ્યત્વ પ્રગટાવે છે.

શોકોર્મિકવિતા અને શોકાંજલિ કવિતા કાવ્યસ્વરૂપને લાગે વળગે છે ત્યાં સુધી એક જ કવિતાના બે જુદા પર્યાયો છે. શોકાંજલિ કવિતામાં કાવ્યના અંતે અંજલિનો આકાર બંધાયો પરંતુ એના મૂળમાં તો શોકની જ ભાવાભિવ્યક્તિ છે. તેથી એમ કહેવું યથાર્થ છે કે શોકાંજલિ ખરેખર તો શોકોર્મિકવિતાનો જ વિકાસ છે. અને અન્ય અંજલિના પ્રકારોથી તે શોકના ભાવમાંથી આકાર પામતી



kalpana's

હોવાથી શોકાંજલિ છે. તેથી શોકોર્મિ કવિતામાં અંજલિનો આકાર તો શોકોર્મિના કાવ્ય સ્વરૂપનું વિશેષ તત્વ ગણવું જોઈએ. કાવ્યત્વ ઉપરાંત અંજલિ તેની વિશેષ દેન છે.

પ્રશસ્તિ કવિતામાં ચિંતન અને કરુણ રસ પછી કૃતિનું શમન, આશ્વાસન પછી શમાપન થાય છે. શોકોર્મિકવિતામાં કરુણ રસની નિષ્પત્તિ પછી કે તે દરમિયાન મૃત્યુના માંગલ્યનો અભિગમ રચાવા માંડે છે. તેનાથી શોકની અભિવ્યક્તિનું ગૌરવ પણ વધી જાય છે. શોકોર્મિકવિતાને નૂતનતા મળે છે. એટલે ખરેખર તો મૃત્યુનું માંગલ્ય અને અંજલિ શોકોર્મિ કવિતાના ઉત્તમ કલાતત્વો અથવા કાવ્યસ્વરૂપના બે મહત્વનાં સીમાચિહ્નો છે.

શોકોર્મિકવિતામાં અંજલિ પણ અભ્યાસનો સ્પષ્ટ મુદ્દો છે. અંજલિના અનેક સ્વરૂપો શોકોર્મિમાંથી તૈયાર થતા હોવાથી શોકોર્મિકવિતા શોકાંજલિ નામથી પણ ઓળખાઈ અહીં એક સ્પષ્ટતા અવશ્ય કરવી યથોચિત છે કે બધી શોકોર્મિકવિતામાં અંજલિ નહીં હોવાથી દરેક શોકોર્મિકવિતા શોકાંજલિ નથી પરંતુ અંજલિવાળી શોકોર્મિકવિતા જ શોકાંજલિ છે. 'શ્રદ્ધાનો અર્ઘ્ય' કાવ્યમાં પતીલ કહે છે કે શ્રદ્ધાનું અગદ રૂપે સ્મરણ એજ અંજલિ છે. શીર્ષકમાં જ્યારે 'બસ્મર ચાહું અંજલિ', કે પિતાશ્રીને, શ્રદ્ધાંજલિ', અથવા શ્રીઅંજલિને બદલે 'પિતૃવંદના' 'પિતૃતર્પણ' જેવા શીર્ષકમાં અંજલિનો સૂચિત અર્થ કલાત્મક લાગે છે. નિરંજન ભગત 'બાપુ કાકાને અંજલિ' બ.ક.ઠા. ની બોલીનો લહેકો એ કૃતિને અંજલિનું માધ્યમ બનાવે છે. વિવિધ ઉલ્લેખો પરથી બે તારણ મળી આવે છે કે અંજલિના પ્રકારો અને અંજલિની અભિવ્યક્તિના બે સ્વરૂપો, અંજલિના બે પ્રકારોમાં (૧) સીધી- સ્પષ્ટ, સરળ ભાષામાં અંજલિનું શીર્ષક, (૨) કલાત્મક સંદર્ભે રચાયાં શીર્ષકો દ્વારા અંજલિનો ઈશારો, એજ પ્રમાણે અંજલિ બે સ્વરૂપોમાં આલેખાય છે. (૧) વ્યક્તિવિશેષના શોક અને અભાવમાંથી અંજલિ ઊર્મિ વ્યક્ત થાય આવા . (૨) વ્યક્તિવિશેષના વ્યક્તિત્વ કે પ્રભાવમાંથી અંજલિ આલેખાય . દા.ત. 'એક અંજલિ' શીર્ષક હેઠળ પૂજાલાલ દલવાડીના



kalpana's

વ્યક્તિત્વને અંજલિ આપે છે. પરંતુ 'આંસુનું અંજલિ ફૂલ' આપતી ઉશનસ્‌ની 'ફૂલ ખર્યું' કવિતામાં અંજલિ કલાત્મક રીતે આકાર ધારણ કરે છે એમાં વિષાદની વ્યથા તો છે જ પણ અંજલિ પણ હૃદયગમ્ય બને છે. 'કાળનું વંદન' માં કાળને પણ લોકમાન્ય તિલકના દેહ અને વ્યક્તિત્વને અંજલિ આપે છે. તે કલાત્મક નિરૂપણ છે. લલિતે આપેલી 'મહાકવિ પ્રેમાનંદને પુષ્પાંજલિ' કરતાં સુરેશ મજમુંદારની 'બ.ક.ઠા.ને અંજલિ' કાવ્ય સાહિત્યનું સીમા-ચિહ્ન બની ગઈ છે.

પ્રચલિત અંજલિના પ્રકારોમાં શબ્દાંજલિ, શ્રધ્ધાંજલિ, ભાવાંજલિ, ભાવાંજલિ, નિવાપાંજલિ, પુષ્પાંજલિ, સ્નેહાંજલિ, માનાંજલિ, અર્ધ્યાંજલિ, વીરાંજલિ, કાવ્યાંજલિ આદી છે પરંતુ એ સૌથી શોકાંજલિમાં વિશેષ કાવ્યાત્મકતા અને કલાત્મકતા જોઈ શકાય છે. કલાતત્ત્વોનો વિકાસ શોકાંજલિમાં વિશેષ છે કારણે તેને શોકોર્મિ કવિતાનો સાહિત્યિક, સાંસ્કૃતિક વારસો મળ્યો છે. તેથી અન્ય અંજલિના પ્રકારોના મુકાબલે શોકાંજલિ કલાસ્વરૂપને પામી ગયેલી કવિતા છે. શોકોર્મિકવિતાના સ્વરૂપમાં અંજલિ વિશેષ સ્વરૂપ વિધાનનું અનુસંધાન આપે છે તે શોકોર્મિકવિતાનું ગૌરવ વધારે છે. વિષાદકાવ્યોની જેમ તેથી શોકાંજલિ પણ શોકોર્મિકવિતાના કુળની કવિતા છે.

<u>અંજલિ-ભાવવૈવિધ્ય:-</u>

અંજલિનું પ્રકારવૈવિધ્ય જોતાં એમ લાગે છે કે તેનો વ્યાપ નાનો સૂનો નથી. શ્રધ્ધાંજલિ, માનાંજલિ, શબ્દાંજલિ, ભાવાંજલિ, અર્ધ્યાંજલિ, સ્મરણાં-જલિ, જેવા વિવિધ પ્રકારોમાં ભાવાંજલિ, શ્રધ્ધાંજલિ અને સ્મરણાંજલિ વિશેષ મળે છે. પરંતુ નિવાપાંજલિમાં પણ કૃતિઓ ઘણી છે. ભાવ, શ્રધ્ધા કે સ્મરણના પ્રાધાન્યથી ભાવાંજલિ, શ્રધ્ધાંજલિ કે સ્મરણાંજલિ રચાય, નિવાપાંજલિમાં પણ આદરની અભિવ્યક્તિ કેન્દ્રસ્થાને મળે છે. પરંતુ ક્યારેક જીવંત વ્યક્તિના સન્માન નિમિત્તે પણ અંજલિ વ્યક્ત કરવામાં આવે છે. એ દ્રષ્ટિએ શોકાંજલિની



kalpana's

એ વિશેષતા છે કે મૃત્યુ સંદર્ભે જ લખાયેલી હોવાથી તેમાં શોકના ભાવનું પ્રાધાન્ય હોય છે અને કરુણ ગંભીર સ્વરે અંજલિની અભિવ્યક્તિ હોય છે. શોકોર્મિના ઘણાં કાવ્યતત્ત્વો એમાં સાકાર થતાં હોવાથી શોકાંજલિને શોકોર્મિનો જ વિકાસ ગણવામાં આવ્યો છે.

શોકાંજલિને અન્ય અંજલિ કાવ્ય પ્રકારોની જુદી પાડતી ભેદરેખા અથવા શોકાંજલિ માટે વિશેષતા ગણાવી શકાય તેવા સાત મુદ્દા સવિશેષ છે. (૧) મૃત્યુજન્ય વિષાદ (૨) મૃત્યુ પ્રસંગે શોક નિમિત્તે સ્વજન સંદર્ભ. (૩) શોક અને કરુણમાંથી અંજલિને આકાર. (૪) અભિવ્યક્તિમાં સચ્ચાઈનો રણકો. (૫) કરુણ ગંભીર શોક અને અંજલિની ભાવાભિવ્યક્તિ. (૬) શોક, કરુણ અને અંજલિનું સમતોલ આલેખન. (૭) શોકનિર્ઝર અંજલિ એટલે શોકાંજલિ.

શોકાંજલિ અને અંજલિના અન્ય પ્રકારવૈવિધ્યમાં લક્ષણ, રૂપ, દર્શન અને અભિગમનું વૈવિધ્ય સાંપડે છે ફળે નહીં તે વિશાળ વૃક્ષ એમ અંજલિ રૂપે સંપૂર્ણ કાવ્યત્વ પૂર્ણતા પછી મળે છે. તેથી તે કાવ્યની કલગી છે. વૃક્ષે વૃક્ષે નોખા ફળ મળે, નોખા રંગ અને નોખા સ્વાદ મળે કાવ્યે કાવ્યે અંજલિના પ્રકાર વૈવિધ્યમાં ભાવ, રંગ, રૂપ, લક્ષણ અને અભિગમની ભીન્નતા અને આસ્વાદ મળે છે. આ વૈવિધ્યમાં સાત વિચારધારાનું સામ્ય અથવા એમાંથી કોઈ એકાદનું વિશેષ પ્રાધાન્ય અંજલિ કાવ્યોમાં સાંપડે છે. (૧) સ્વજન સંબંધ અને સંદર્ભના વિવિધ રૂપો. (૨) વ્યક્તિના જીવનનો આધાર. (૩) સદ્‌ગત પાત્ર અને કવિના પરસ્પરના પ્રતિભાવો. (૪) સદ્‌ગત પાત્રનો જીવન સંદર્ભ અને સમગ્ર પરિવેશ. (૫) રચનાકૌશલ અને વિનિયોજનની ક્ષમતા. (૬) કાવ્ય સ્વરૂપ અને કવિસૂઝ. (૭) અભિગમની મૌલિક સૂઝ અને નૂતનતા. શોકાંજલિમાં મહત્ત્વના ગણાતા અંગોમાં શોક અને કરુણની અભિવ્યક્તિમાં કવિએ પસંદ કરેલા સ્થાયી, સંચારી ભાવો, રસપ્રક્રિયા, ઉપકરણો જેવા કેટલાક કલાતત્ત્વોનો મહત્ત્વનો ફાળો છે. ભાવ અંજલિનું વાતાવરણ સર્જે છે. રસ એને સજીવન કરે છે અને અંજલિનો આકાર બંધાય છે.



kalpana's

અંજલિને આકાર આપવામાં સૌથી વધારે અસરકારક સ્મૃતિ કે સ્મરણ રૂપે વાર્તાલાપો, સંબોધનો, મિલન સ્થાનો નોંધપાત્ર દૃશ્યો, ઋતુવર્ણનો, મિલનના પ્રસંગોના ખાસ સંદર્ભ વિયોગમાં શોકના નિમિત્ત રૂપે સંચારી ભાવ બની આવે છે. સંયોગે સુખનું વિયોગે (દુઃખનું) સ્મરણ વિરહ જગાવે છે. આ સર્વનો શોક નિષ્પન્ન કરવામાં મહત્વનો ફાળો છે. તેની સહાયથી જ સઘન અંજલિ રચાય છે. આ ઉપરથી એટલું સ્પષ્ટ થાય છે કે અન્ય અંજલિની સરખામણીમાં શોકાંજલિની અપેક્ષા કંઈક ચઢિયાતી, નોખી અને વિશેષ છે શોક અંગત સ્વજનમાં સંભવે અને તેની કૃતિ શોકોર્મિકવિતા અથવા શોકાંજલિ હોય એ [illegible] સ્વાભાવિક છે. પરંતુ શોકની સચ્ચાઈ માટે આત્મીયભાવ તેના મૂળમાં હોવાથી આત્મીયતા સિદ્ધ કરેલા કેટલાક જાહેર વ્યક્તિઓના ઘનિષ્ટ સંબંધમાં પણ, કલાત્મક અંજલિ, આત્મીયભાવ અને શોકની અનુભૂતિ પ્રગટ કરે છે. દા.ત. ખબરદાર કૃત 'ઓ ગાંધી સંત સુજાણ', કરસનદાસ માણેક કૃત 'એને સ્મારક શાં ને સમાધી શી ?', 'થંભો હવે નિષ્ફળ અશ્રુ મારાં', શોકાંજલિની કોટિએ પહોંચેલી કૃતિઓમાં અંજલિનો આકાર સુંદર છે મનસુખલાલ ઝવેરી કૃત 'શું હું તે કોને' માં કરુણ ભાવમાંથી વ્યક્ત થતી અંજલિ સુંદર છે. એજ રીતે વ્યક્તિવિશેષ (ના આલંબનમાંથી મનસુખલાલ અંજલિ આપે છે જ્યારે) રવીન્દ્રનાથ માટે લખાયેલી ઘણી કૃતિઓમાંથી ભાવ અને કરુણમાંથી ગુજરાતી કવિતાના વિકાસના સંદર્ભમાં 'રવીન્દ્રનાથ –૧' માં ઉમાશંકરે અને 'હે મહાકવિ' માં ડૉ. અનામીએ આપેલી અંજલિ વિશેષ છે.

કેટલીક અંજલિ કાવ્યોમાં એકાધિક અંજલિના પ્રકારોનો સમન્વય જોવા મળે છે તે પણ અંજલિ કાવ્યોની વિશેષતા, પ્રયોગ શીલતા છે એના ઉદાહરણ-સ્વરૂપે હરિતા ભૂખના 'સરદાર શ્રી' માં સ્મરણાંજલિ, ભાવાંજલિ આદિનો ભાવ ભાવ, આદરને કારણે માનાંજલિ અને શ્રદ્ધાંજલિના અંશોનો સમન્વય મળે છે શાબ્દિક શિષ્ટાચારને બદલે જ્યારે અંજલિમાં હૃદયની [illegible] સચ્ચાઈનો રણકો સંભળાય ત્યારે અંજલિ કલાત્મક બને છે. આલંબનમાંથી અનાયાસે અંજલિનો ભાવ



kalpana's

વ્યક્ત થાય તે કલાત્મક અંજલિ છે. દા.ત. સુરેશ ગાંધીએ આપેલી 'જોટાદકરને' અંજલિ તેનું ઉદાહરણ છે. 'ન.બ.દે. અંજલિ એક નમૂનેદાર શીલને' માં બ.ક.ઠા. ગુણો અને વ્યક્તિત્વને અંજલિ આપે છે તેની અભિવ્યક્તિ પણ સચોટ છે.

અંજલિની અભિવ્યક્તિમાં કાવ્યે કાવ્યે વિવિધતા જોવા મળે છે. 'ભર ભર છાંટું અંજલિ' માં મેઘાણી 'ફૂલ ખર્યું' ફોરમ રહી કહી વ્યક્તિત્વને અંજલિ આપે છે. 'હરિયાળી અસ્તી કરી હાલ્યા મેઘ મલ્હાર' કહી સદ્ગત મણીલાલના જીવન , વ્યક્તિત્વ અને કર્તૃત્વ બધાં ને મેઘાણી અંજલિ આપે છે. 'ભર ભર છાંટું અંજલિ, આજા હજો જુહાર' જેવી ઉક્તિમાં શોકમિશ્રિત શ્રદ્ધાંજલિ છે. વિવિધ સ્વરૂપે બંધાતા અંજલિના આકારમાં કાવ્યોમાં અંતિમ યુગ્મમાં સાર કથન સ્વરૂપે આયાસ પૂર્વક શિષ્ટાચાર જેવી દેખાતી અંજલિ કરતાં કાવ્યત્વ-ની સાથે વિકસતી ભાવની સાથે સાથે જ અનાયાસે અંજલિનો ભાવ આકાર લેતો થાય તે વધુ કાવ્યાત્મક લાગે છે. ઉમાશંકર, સુંદરમ્ ખબરદાર કવિઓએ આપેલી અંજલિની વિશેષતા એ છે કે અભાવના રંજમાંથી કરુણાભાવ સાથે અફસોસ, ગ્લાનિ, વ્યક્ત કરતી હૃદય સ્પર્શી અંજલિ તેઓ વર્ણવે છે કે 'રહ્યાં તંબૂર રે ગજબ કર તી અંગ અંગ અંગુલિ ગઈ!' આલેખનમાં વિરોધાભાસ રચી અસરકારક અંજલિ 'ન્હાનાલાલને' કાવ્યમાં આપે છે. કાળ પર વિજય સ્થાપતી અભિવ્યક્તિમાંથી વાત્સલ્યભાવપૂર્ણ અંજલિ 'દાદા' કાવ્યમાં મનસુખલાલ ઝવેરી આપે છે. આદર્શ વ્યક્તિત્વને અપાતી અંજલિનું દૃષ્ટાંત જયદેવ શુક્લની 'પૂ. પિતાજીનું સ્મરણ થતાં' કાવ્યમાં મળે છે. 'વીર જતીન્દ્રના સંભારણાંમાં મેઘાણી વીરતાને અંજલિ આપે છે. સઘન શોકની અભિવ્યક્તિમાંથી આકાર લેતી અંજલિ ક્યારેક બળવ બને છે. ન્હાનાલાલના કવિત્વને અતિ મહત્વનું ગણી અંજલિ આપી છે કે 'ગયો બુદ્ બુદ્ તો યે ? રંગો જેનાં ગયા રહી' ખબરદારે 'એક નર્મદ શતાબ્દી' માં ભાવગૂંથણીમાંથી અંજલિ આપે છે. કે નર્મદ પછી બધા નર્મદ જેવા સ્વમાનથી જીવો. કાવ્યમાંથી છટાથી આવતી અંજલિ 'મૌન અંજલિ' માં છે. ઉમાશંકર જોશી ગુર્જરગીરા અને તે દ્વારા નરસિંહરાવને તેમના દ્વારા થયેલી સાહિત્ય સેવા નિમિત્તે



kalpana's

અંજલિ આપે છે. ઉત્તમ કલાત્મક નિવાપાંજલિનું એક ઉદાહરણ છે. પૂ. બાપુના અવસાન પર ઉશનસે આપેલું 'અંજલિ ફૂલ' અંજલિની અર્થભૂમિ અર્થગંભીર ઉત્તમ અંજલિ છે. 'સિધ્ધો કવિ' માં આપેલી અંજલિ પણ ઉત્તમ છે.

અંજલિમાં પ્રગટ થતી વિવિધ ભાવોની અભિવ્યક્તિમાં પતિલ કૃત 'શબ્દાનો મલ્યો' કાવ્યોમાં હાર્દિક આત્મીયતાની અભિવ્યક્તિ છે. 'તારી જીવતી સમાધિ' માં પતિલ રામનારાયણ પાઠક માટે ઋણ અને અભાવ વ્યક્ત કરે છે. હરિન્દ્ર દવેની 'શ્રી અરવિંદને' કૃતિમાં અરવિંદના જીવનકાર્ય અને આનંદની આસ્વાદજનક અભિવ્યક્તિમાં અંજલિ આપે છે. એ અંજલિ લાઘવયુક્ત અંજલિનું પણ દૃષ્ટાંત છે. મીનુ દેસાઈ ગાંધીના મહાવ્યક્તિત્વના એકાદ અંશની ઝાંખી દ્વારા 'રાષ્ટ્રપિતાને' કાવ્યમાં અંજલિ આપે છે. પણ મીનુ દેસાઈના 'યુગ પ્રવર્તક તપસ્વીને' માં નર્મદને આપેલી અંજલિમાં મહાભાવના અંશ છે.

અંજલિની કેટલીક કલાત્મક અભિવ્યક્તિઓમાં પીનાકીન ઠાકોર કૃત 'પૂ. બહેનો' માં અંજલિનો પરસ્પર વિનિમય છે. એમાં ભાઈ બહેનના સ્મરણોની ગૂંથણીની ભાવાભિવ્યક્તિ આત્માનું ઐક્ય સાધે છે. અંજલિ માટેની ભાવવશતા અંજલિને તાદૃશ કરે છે. ભાવ અને રસને કવિ સમતુલા જાળવે છે તેથી અંજલિ રસપ્રદ બને છે. 'મહાત્માજીને' કાવ્યમાં સુરેશ ગાંધી અંજલિમાં સુંદર અન્વય ઊભો કરે છે કે કૃતિના આદરમાં જ કલાનો આદર અને અંજલિનો અર્થ સરે છે. એમાં કલાની ઉપાસનાનો આદર્શ અને અંજલિનો સુભગ સમન્વય છે. 'મહર્ષિ રવીન્દ્રનાથ ટાગોરને' કવિતામાં કે. કે. શાહ દીવડાના ઉપકરણથી અંજલિમાં ચિત્રાત્મકતા, ઓજસ ઉમેરે છે. રવીબાબુ સમસ્ત જગ હૃદયના રાજવી હતા માટે કવિ કહે છે કે 'ઘરઘરમાં ઝબકતા કવિ-રવિ' — એમાં વ્યક્તિત્વ અને કવિત્વને સંયુક્ત અંજલિ છે. તાદૃશતા, ચિત્રાત્મકતા અને કરુણાર્દ્ર અંજલિ છે. બદલાતી વિભાવનાઓને પગલે અર્વાચીન ગુજરાતીમાં મૃત્યુના સંદર્ભે આવતા આલેખનોમાં પણ જે વિભાવનાઓ અને અભિગમ બદલાયા તેમાં બે જ અભિગમ સવિશેષ છે. મૃત્યુથી નિર્ભય અભયની અભિવ્યક્તિ અને મૃત્યુના માંગલ્યની અભિવ્યક્તિ શોકોર્મિકવિતામાં મળતી અંજલિમાં પણ નવા



kalpana's

અભિગમથી કલાત્મકતાના અંશો ઉમેરાયા છે. કેટલાક મળી આવતા કલાત્મકતા અંશો ઉમેરાયા છે. કેટલાક મળી આવતા કલાત્મક અંશો માટે શોકાંજલિઓના દૃષ્ટાંત ઉલ્લેખનીય છે. શોકોર્મિકવિતાના સ્વરૂપમાં અભિવ્યક્તિની દૃષ્ટિએ કલાત્મક અંશોનો વિશેષ ફાળો છે. એમાં વિવિધ અર્થઘટનો, વિવિધ રૂપો, અને તુલનાનો વૈભવ છે.

મૃત્યુનો મંગલ અભિગમ અર્વાચીન ગુજરાતી કવિતામાં વિકસ્યો. પરંતુ ખબરદારકૃત 'સ્વ. મૃણાલિનીને' માં મધ્યાહ્નનું સુંદર વર્ણન મૃત્યુને દિવ્ય બનાવે છે. 'ઝળહળતા બપોરના ફૂલો, મ્હારા પંથ હજો ફૂલ વીસરાશે !!' માં અપાતી અંજલિનું અનેકવિધ મહત્વ છે. આલેખનમાં મધ્યાહ્નનું કાવ્યાત્મક વર્ણન, મૃત્યુનું દિવ્યરૂપ, મૃત્યુનું માંગલ્ય તેનું ઐતિહાસિક મૂલ્ય વધારી દે છે. 'દિવંગત ગુરુદેવને' માં કવિ કહે છે 'આપ્યું તેં જિંદગી લેતાં, આપી ગયું અમરત્વગો' નશ્વરદેહને માટે આવેલું મૃત્યુ હાર કબૂલે છે કે નશ્વરને મોત શું? જીવનનું? ટાગોરનો આત્મા તો પ્રકૃતિમાં ખીલી રહ્યો છે. પ્રકૃતિમાં તે અમર છે. એક ભાવસભર કાવ્યાત્મક અંજલિનું ઉત્તમ ઉદાહરણ છે. ''અમે ન રડીએ પિતા, મરણ આપનું પાવન' કહી ઉમાશંકર ગાંધીના અવસાનને પાવન ગણાવી અંજલિ-દ્વારા નવો અર્થ આપે છે કે ભારતીયજનોનું આત્મનિવેદન, આત્મનિરીક્ષણ અને નમ્રકબૂલાત એ જ ઉત્તમ અંજલિ છે. અંજલિના અંગનું વ્યક્તિગત ભાવમાં કવિ સમૂહને પણ અવિસ્મૃત કરે છે તે કલાત્મક છે. મનસુખલાલ ઝવેરી 'દાદા' કાવ્યમાં કહે છે કે.....

આપ તો જીવને જીવ્યા,
મૃત્યુ માંથી ય અંજલિ
અમરત્વ તણી પીને,
મૃત્યુંજય બની ગયા।''

જીવન જીવી લઈ, મૃત્યુમાંથી પણ અંજલિ પીનાર, અમૃતત્વની અંજલિ પોતે જ બની જઈ સાક્ષાત મૃત્યુંજય બની ગયા એવા દાદાને બિરદાવી કવિ ભાવભરી અંજલિ આપે છે.



kalpana's

કરુણતામાંથી શોક અને અંજલિને સંગતમય રીતે કંડારવાનો સફળ પ્રયત્ન 'ફૂલમાળ' માં ઝવેરચંદ મેઘાણીએ કર્યો છે. શહાદત પછી શહીદના ચહેરા પરના હાસ્યને એ જોઈ કવિ વીરત્વને અંજલિ આપે છે : પ્રસંગ શહાદતનો હોવાથી, વીરત્વ હોવા છતાં શોકના ભાવને કારણે, લય અને કરુણ સ્વર હોવાથી સુંદર શોકાંજલિ બની છે. આ ઉપરાંત બ.ક.ઠા. સદ્‌ગત 'ચંદ્રશીને' કલાત્મક અંજલિ અને અનોખી સૌંદર્ય અર્પે છે. 'ખૂની સફર' માં આ ભાવના, અને શોકના ઉગ્ર ભાવમાંથી કરુણ ગંભીર અંજલિ આપે છે. બાલમુકુંદ દવેએ 'વિભુક્ત મોહનદાસને' આપેલી અંજલિ પણ ઉલ્લેખનીય છે. પરંતુ એ 'દાદીમાની ઓરડી' કાવ્યમાં વિરહમન પછી દાદીમાના મમતાભર્યા સ્વરૂપના દર્શન કરવા માટે વિશ્વના કુટુંબત્વને ભાવભરી નજરે પ્રણામ કરે છે. સંતપ્ત અનુભૂતિનું નિરૂપિત રૂપાંતરે આપતી આ અંજલિ કલાત્મક છે કવિ કહે છે કે '' એ સુકલંકપ્તામાં વિલસતાં દીવો બા તમે''. બાલમુકુંદ દવે એ ન્હાનાલાલને આપેલી અંજલિ પણ ઉલ્લેખનીય છે. મૃત્યુ વિશે જેવું ગંભીર ચિંતન આપ્યું છે. એની કવિતા,ભાવનાઓનો અખંડ દીપ હૃદયમાં જલાવતો રાખીએ, કોઈ રોઈને એનાં મૃત્યુને ઝાંખ, ના લજાવીએ એના આશ્વાસનમાં પણ 'વીરાંજલિ ' કહીને કવિનું કરુણ-મધુર જેવું શબ્દે શબ્દે હૃદયમાં ભીંજાતી જાય છે. 'પરિક્રમા' માં મૂકેલી અંજલિઓમાં ગુણદર્શન, સ્વભાવદર્શન , વ્યક્તિત્વ, ભાવનાઓને કવિ અંજલિમાં ઉતારે છે. એમાં 'સજીવન શબ્દો' કાવ્યમાં મેઘાણીના અક્ષરદેહમાં વ્યાપ્ત અમરત્વને અંજલિ આપે છે નમન કરે છે.

શોકોર્મિકવિતાની કેટલીક નોંધપાત્ર વિશેષતાઓ તેના કાવ્યસ્વરૂપની સિદ્ધિ ગણી શકાય. અન્ય કાવ્ય પ્રકારોથી ભિન્ન સ્વરૂપે મળતો સ્વજન-સૌંદર્ય અને વ્યક્તિવિશેષ તરીકેનો કાવ્યમાં મળતો શોકોર્મિ કાવ્યસ્વરૂપ માટે કાવ્યવિશેષ બની જાય છે. વિભિન્ન કાવ્ય તત્વો માંથી સદ્‌ગત વ્યક્તિવિશેષનો સ્વજનસૌંદર્ય શોકોર્મિ કવિતાનું અનિવાર્ય અને સર્વસામાન્ય તત્વ છે. પરોક્ષ અભિવ્યક્તિ હોવા છતાં ઓછેવત્તા સ્વરૂપને બદલે સ્વજન સૌંદર્ય પ્રાધાન્ય મેળવે છે. આંશિક અથવા સંપૂર્ણ વ્યક્તિત્વ રૂપે



kalpana's

નિરૂપાતા સ્વજન સંદર્ભનો શુદ્ધ આલેખન રીતિના વૈવિધ્યના પ્રભાવે વધુ સુરેખ ચિત્ર ઉપસાવે છે. અંત અંશથી અભિજાઈ પદ્ધતિથી પાત્રનિર્માણ અને વ્યક્તિત્વ વિકાસના પ્રયોગો સ્વજન સંદર્ભના નિરૂપણમાં મળી આવે છે.

મૃત્યુના મૌલિક અને વિવિધ સંદર્ભોમાંથી રચના સંઘટનમાં શોકોર્મિ-કવિતામાંથી સૌથી ઉત્તમ મૃત્યુનું માંગલ્ય દર્શન છે. મૃત્યુ અંગે પ્રવર્તતી ઓછા ગેરસમજો, અંધમાન્યતા જેટલું મૃત્યુ ભય ઉપજાવનારું નથી. મૃત્યુ સહજ બનતી પ્રક્રિયા હોવાથી તેનાથી નિર્ભય થવાની શક્તિ મૃત્યુના માંગલ્યમાંથી પ્રાપ્ત થાય છે. મૃત્યુના માંગલ્યનું નિરૂપણ શોકોર્મિકવિતા ઉપરાંત અર્વાચીન લઘુવિરહોર્મિકવિતાનું ગૌરવ પણ વધારે છે. કરુણ પ્રશસ્તિમાં સમાધાન ઉલ્લાસ તરફ વળી જતાં કરુણ પછી શોકોર્મિકવિતામાં મૃત્યુનું માંગલ્ય તે આપે છે તેથી અન્ય વિરહોર્મિકવિતા કરતાં એ કાવ્ય વિશેષ બની રહે છે.

અભિવ્યક્તિનું કૌશલ ઘણા શોકોર્મિકાવ્યોમાં મળે છે પરંતુ રચનારીતિ અને કાવ્યત્વની દ્રષ્ટિએ વિવેચકોની નજરમાં વસેલું ઉમાશંકરનું 'રહો ન મુજ મૃત્યુને' તેમજ મનસુખલાલ ઝવેરીનું 'આજ નયનો ?' રહો અભિવ્યક્તિ અને રચનારીતિના ઉત્તમ દ્રષ્ટાંતો છે. બન્ને કાવ્યોમાં કવિકર્મ અને ભાષાકર્મનો કલાત્મક સમન્વય થયો છે.

કેટલાક શોકોર્મિકાવ્યોનું ઐતિહાસિક મૂલ્ય, સીમાચિહ્ન તરીકે અદ્વિતીય છે. સોનેટનો પ્રયોગ ગુજરાતીમાં ક્યારથી થયો હશે એના સમર્થનમાં ખબરદાર ખુલાસો કરે છે કે ઈ.સ. ૧૯૦૩ માં લખાયેલું સોનેટ 'કવિ નર્મદનું મંદિર' વિશ્વમાનું પહેલું સોનેટ છે શોકોર્મિ કવિતાના વિકાસમાં પ્રકારવૈવિધ્ય તો મોરના પીંછાની જેમ ભાતપૂરે છે. પણ શોકની અભિવ્યક્તિ માટે વધુમાં વધુ સોનેટ મળી આવતાં એમ કહેવાનું યથાર્થ લાગે કે સોનેટ શોકોર્મિની અભિવ્યક્તિને ઝીલનારું સ્વરૂપ છે પેટ્રાર્કન અને શેક્સપીરિયન સોનેટમાં તબક્કાવાર થતો ભાવવિકાસ અને ભાવની ચરમ સીમા સ્વરૂપે અનુભવાતી કાવ્યાંતે ચાટક કે સુઘડની ચોટ (કવિતા માટે ખૂબ અભિવ્યક્તિ માટે ખૂબ



kalpana's

અનુકૂળ નીવડ્યા છે. શોકોર્મિનું કાવ્યસ્વરૂપ કંડારવાનું સિદ્ધહસ્ત કવિઓને સોનેટમાં વધુ ફાવ્યું છે. ઉમાશંકર, સુંદરમ્, બ.ક.ઠા. કાન્ત, બાલમુકુંદ, સ્નેહરશ્મિ અને અન્ય ઘણા કવિઓએ ગણનાપાત્ર સોનેટો શોકોર્મિકવિતા તરીકે આપ્યાં છે.

xxx રસાસ્વાદ, રચનાકૌશલ, પ્રતીક-રૂપકનાં આયોજન, ઉપકરણોનું વિનિયોજન, ભાવાભિવ્યક્તિ અને રસાનુભૂતિ, કરુણની નિષ્પત્તિ અને રસ સંક્રાંતિ જેવાં કલાંશોને પ્રગટાવતી ઉત્તમ શોકોર્મિકવિતાઓમાં 'નિર્દોષ નિર્મળ આંખ તારી', 'તું જતાં', 'વિરહનું આંસુ', 'વિખૂટાને', 'તું ગઈ' પ્રમાદી નાવિક, ભગ્ન સ્વપ્નની નાવ જેવી સુંદર કલાકૃતિઓ મળે છે. ગાંધી વિચારસરણી પ્રભાવે સાહિત્યમાં વિષયો બદલાયા અને આલેખનની રીતિ પણ પરિવર્તન પામી હતી. પણ ખબરદારે તો 'સ્વ. નટુભાઈને' કાવ્યોમાં ઝળહળતા બપોરની મૃત્યુ માટેની મંગલમય અભિવ્યક્તિ તે પૂર્વે આપી દીધી હતી તે શોકોર્મિકવિતાનું ગૌરવ ગણી શકાય. વારંવાર ઉભરાઈને ઘૂંટાતા વિષાદ તેમજ અભિધા, વ્યંજના અને લક્ષણાનો ત્રિવેણી સંગમ સાધતું ચિંતનની સર-સાઈમાં શોકને અડિયાનું વ્યક્ત કરતું ઉશનસ્નું 'ફૂલ ખર્યું' કાવ્ય શોક અને સંજીવની અભિવ્યક્તિ આપતું પ્રથમ પંક્તિનું શોકોર્મિકાવ્ય છે.

રચનાકૌશલ, શોકોર્મિકવિતાનું એવું આકર્ષણ છે તેમાં ઈન્દ્રિય-વ્યત્યય, પ્રાસચાતુરી, છંદકૌશલ, અભિવ્યક્તિ માટે પ્રયોજાતી યુક્તિ-પ્રયુક્તિઓ ઉપકરણોની ઉપયોગીતાની સૂઝ, પ્રયોગાત્મકતા વિભિન્ન સ્વરૂપ અને આલેખનમાં મળતી નૂતનતા, શૈલીમાં મળતું વૈવિધ્ય શોકોર્મિકવિતાની ઉત્તમ દેન છે, 'ઓ આંધી સંત શું રૂંજાણ', 'એ સ્મારક શા, ને સમાધિ ય શી ?' કવિ કાન્તને, 'ક્યાં છે પ્રહ્લાદ,' 'રાવજી' આદી કાવ્યો તેનાં ઉત્તમ દ્રષ્ટાંત છે.

શોકોર્મિકવિતા અર્વાચીન કવિતાનું સ્વરૂપ હોવાથી રવીન્દ્રનાથ ટાગોરની એ ઋણી છે. રવીન્દ્રનાથ ટાગોરે આપેલા સંસ્કાર પ્રમાણે શોકોર્મિ-કવિતાને પણ નવા દિશાદોર, કલેવરમાં રૂપાંતર અને કાવ્યત્વ તેમજ ભાવ-વિશ્વની



kalpana's

ક્ષિતિજના વિસ્તારનો વિકાસ શોકોર્મિકવિતાને પણ મળ્યો છે. દા.ત. કવિવર ટાગોરને અર્પેલી અંજલિ 'રવીન્દ્રનાથ -૧'.

એક જ વિષય, ભાવાભિવ્યક્તિ અને એકજ રસવાળી શોકોર્મિકવિતાનો ઉચ્ચતાનો માપદંડ અભિવ્યક્તિના કૌશલ સિવાય બીજો કયો હોઈ શકે? માટે જ શોકોર્મિકવિતામાં આલેખનનું વૈવિધ્ય મહત્વનું છે. form અને Art of expression ના કૌશલને કારણે કાવ્યને નૂતનતા મળે છે. દા.ત. 'વસંતાગમને' 'નીંદ આવી ગઈ', 'જાગૃતિ ભંગ' આદી કાવ્યોમાં ભાવાભિવ્યક્તિ અને આલેખનનું કૌશલનો પરિચય મળે છે. શોકોર્મિકવિતામાં તેથી કલાકૃતિની પરખ માટે આલેખન અને અભિવ્યક્તિની કલા(વાળી કૃતિ, કૃતિને અને કવિને યશ અપાવે છે.

વિનિયોજનની પ્રક્રિયા, કાલવ્યુત્ક્રમ, અલંકારો, રૂપક પ્રતીકો, ક્યારેક ભાવાભિવ્યક્તિની સઘનતા માટે પ્રયોજાતો કવિ સમય, વાસ્તવિક સમયનું કવિ સમયમાં રૂપાંતર, શબ્દચિત્રાંકન શક્તિ, નાટ્યાત્મકતા, ચિત્રાત્મકતા સ્મૃતિ, વિસ્મૃતિની ગૂંથણ, વિભાવાનુભાવનું વૈવિધ્યસભર આલેખન, કલાતત્વો છે. 'એક સ્મરણ ધ્વનિત' માં ખબરદાર વાસ્તવિક સમયને કવિ સમયમાં રૂપાંતર કરે છે. શોકની સઘન અભિવ્યક્તિ માટે ચીલું મોટી સમયનું ઉપકરણ પસંદ કરી 'પિતાશ્રીની પ્રથમ પુણ્યતિથિએ' માં સમય પિતાને કવિથી દૂર કરી રહ્યો છે તેનો શોકાઘાત કવિ અનુભવે છે. કવિ સમયની જેમ કાવ્યોમાં વાસ્તવિક સત્ય કરતાં 'કલાનું સત્ય' મહિમાવંતુ રહ્યું છે. દા.ત. 'ગુર્જરીનો મધુમાસ' માં વસંત અને વર્ષાનું સાથે આલેખન હોવા છતાં બન્ને પોતાનું મૂલ્ય સાચવી લે છે. સ્નેહરશ્મિ અને કાન્તના કાવ્યોમાં ઇન્દ્રિય વ્યત્યય અને વ્યુત્ક્રમનું વિનિયોજન નોંધપાત્ર છે. દા.ત. 'સુરતાની વાડીના મીઠા મોરલા' કાવ્યમાં અનુભવ જન્ય હેત અને શ્રુતિગમ્ય સૂરનો વ્યત્યય કવિ મૂકે છે.

પ્રકાર વૈવિધ્યના વિસ્તારમાં વિસ્તરેલી શોકોર્મિકવિતાનું સ્વરૂપ શોકની ભાવાભિવ્યક્તિને કેન્દ્રમાં રાખે છે. શોકના વિવિધ વિભાવાનુભાવની

ભિખારી, વાત્સલ્યયુક્ત અભિવ્યક્તિ શોકોર્મિકવિતામાં મળે છે. પરંતુ શોકની પણ એક આગવી વિશેષતા છે કે તે હૃદયંગમ કલારૂપે કાવ્યમાં આલેખાય : આમ તો ઇષ્ટજન કે સ્વજનનો મૃત્યુજન્ય શોક શોકોર્મિકાવ્યમાં હોય છે પરંતુ એમાં પણ શોકની કલાત્મક અભિવ્યક્તિના અપવાદરૂપ કાવ્યો મળે છે જે શોકોર્મિકવિતા માટે ગૌરવરૂપ ગણી શકાય : સ્વજન ન હોય છતાં સ્વજન સમી આત્મીયતા તેના શોકની અભિવ્યક્તિમાં તરી આવે છે. દા.ત. ઝવેરચંદ મેઘાણી કૃત 'નદરે તહકિડે' અંગ્રેજી કાવ્યનો અનુવાદ હોવા છતાં શોકની ગહનતા કાવ્યત્વને છોડતી નથી. 'મૃત્યુનો ગર્વો' ન.ભો.દિ. એ લખ્યું છે એમાં ચિંતનના અંશો હોવા છતાં તે સ્પષ્ટ રીતે શોકોર્મિકવિતા જ બની રહે છે. એની ખાસ વિશેષતા એ છે કે ચોક્કસ વ્યક્તિના સંદર્ભમાં લખાયું હોવા છતાં કાવ્યમાં ક્યાંય વ્યક્તિનિર્દેશ નથી છતાં તે શોકોર્મિ-કાવ્ય જ છે એની ખાતરી તેમાં આલેખાતો શોક આપે છે.

શોકોર્મિકવિતાની બે અભિવ્યક્તિ બે જુદી દિશામાં મળે છે. વિભાવાનુ-ભાવ શોકના ઉદ્દીપનસ્થાનો તરીકે કાવ્યમાં આવે છે પણ શોકની અભિવ્યક્તિ-માં, મૃત્યુજન્ય શોકની અસર રૂપે સન્નાટો, અજંપો, સ્તબ્ધતા, જડતા આદી શોકના આલેખનમાંથી ઉદ્ભવતી સ્થિતિઓ છે. આશ્વાસન, ઉપા-ધારણને આપણે શોકમાંથી મુક્ત થતી સ્થિતિ તરીકે સ્વીકારીએ તો એવી સ્થિતિઓમાં સ્નેહરશ્મિ, બ.ક.ઠા. આદીની કવિતામાં તેની ઉત્તમ અભિ-વ્યક્તિ મળે છે. એમાં મૌલિકતા, નૂતનતા અને કાવ્યાત્મકતા પણ છે. એક એક માણસને મારવું કે મર્યાદિત જથ્થામાં માણસને મારવાની ખરેખરતો મૃત્યુની મર્યાદા જ છે. કારણ કે મૃત્યુથી ગભરાતો માટીપગો માનવી મૃત્યુ આગળ દીન લાગે પણ મૃત્યુ ન થઈ શકે તેમ તેની સામે ઝઝૂમતો આ લોક-સાગર શું મૃત્યુ સામે માણસે લીધેલી ટક્કર, કે વિજય નથી ? મૃત્યુ ક્યાં માણસજાતને નામશેષ કરી શક્યો છે ?

રચનાકૌશલ, શૈલી અને આલેખનરીતિ શોકોર્મિકવિતાનો પ્રાણ છે.



kalpana's

ઉક્તિ વૈચિત્ર્ય, શબ્દ પ્રયોગોનું વૈવિધ્ય, પૌરાણિક સંદર્ભોનો નવો ઉપક્રમ, મૌલિક શબ્દ પ્રયોગો, સુંદરજી બેટાઈની 'અટીક સવારી' માં મળે છે. એક જ ઉપકરણ અને અનેક ઉપકરણમાંથી હેતુ સિધ્ધ કરી લેવાનું કૌશલ સ્નેહરશ્મિ હરિલાલ કાપડિયાના અવસાન પર લખાયેલા સોનેટમાં વ્યક્ત કરે છે. ''ઓ જ્યારે આભમાં પશ્ચિમે સૂર્ય ઉદયાચ્યો'' કહી 'જાગૃતિકા'' - માં વ્યંજના, અનુભૂતિ, કલાનું સત્ય સમજાવે છે. કાન્તનો 'રજાની માંગણી' કાવ્યમાં વ્યુત્ક્રમ અને ઉત્ક્રમ વિશે ઉક્તિ વૈચિત્ર્ય મળે છે. આત્મલક્ષી ભાવની પરલક્ષી રજૂઆત આપતા કાન્તનું - 'વિધુર કુરંગ', 'અભાગી નાવિક', અને રજાની માંગણી' કાવ્યોમાં છે.

લાઘવ શોકોર્મિકવિતામાં કાવ્ય પ્રકારની પ્રૌઢી અને અભિવ્યક્તિમાં જુદે સ્વરૂપે મળે છે. હરિશ્ચંદ્ર, જયન્ત પાઠકના મુક્તિ મુક્તક, સ્નેહરશ્મિના હાયકુ પ્રકાર વિભાવક લાઘવનો નિર્દેશ કરે છે. કવિતામાં લાઘવની અનુભૂતિ પ્રિયકાન્ત મણિયારના 'ગાંધીજીને' કાવ્યમાં મળે છે. કવિ ગાંધીજીનું અતિદીર્ઘ શબ્દ લાઘવયુક્ત રીતે આપે છે. બળવંતરાયના કાવ્યોમાં દેખાતી સ્થૂલ પ્રાસશાહુરી સુરેશ દલાલ આદી કાવ્યોમાં શબ્દ લાલિત્ય, ભાવમાધુર્ય, અને વ્યંજનાની કલાત્મક સિધ્ધિ સર કરે છે. સુરેશ દલાલના 'કવિકાન્તને' બ.ક.ઠા. ને' કાવ્યો નોંધપાત્ર છે.

ભાષાકૌશલની દ્રષ્ટિએ તત્સમ, તદ્ભવ, દેશ્ય, પરભાષાના શબ્દો, પ્રાદેશિક લહેકા, લોક બોલીની અસરો લોક અને મુગ્ધની તત્કાલિન અસર ઊભી કરે છે. દા.ત. 'અરધર છાંદ અંજલિ' માં પિતા અને તેના સ્મરણને સચોટ રીતે વ્યક્ત કરતું લંગર અને ચૂસણું દ્રષ્ટાંત 'મૃત્યુ માટે જૂઠ્યા તાર' કહી સાર્થકતા બતાવે છે. [illegible] ત્યારે તેની કલાત્મકની પ્રતીતિ કરાવે છે. રચનાકૌશલ અને કવિ કલ્પનો કોઈવાર જ્યારે સાથે મળે ત્યારે કૃતિ કલાકૃતિ બની જાય છે. તેની નકશીકામગીરી, ઊર્મિના પાસાદાર નમૂના જેવી



kalpana's

શોકોર્મિકવિતાઓ અર્વાચીન ગુજરાતી કવિતામાં મળી આવે છે. અછાન્દસ શોકોર્મિકવિતાઓ વર્ષોમાં ઘણી નાટ્યાત્મક અભિવ્યક્તિઓ ભાવને જીવંત અભિવ્યક્તિ આપે છે. દા.ત. પન્ના નાયકના આલેખનો 'પ્રિયકાન્તને' માં મળતી અભિવ્યક્તિ. તરુણભાની શક્તિનું કાવ્યકૌશલ હરિશ્ચંદ્રના મુક્તકો આપે છે. ઈજાના ઉલ્લેખ સાથે પ્લેટોને આપેલી અંજલિ તેનું ઉત્તમ દૃષ્ટાંત છે. ચમત્કૃતિ, ક્ષણાત્મક અર્થગંભીર સંદર્ભ મૃત્યુના સ્વરૂપનું નિરૂપણ, નવીન ટેકનીકવાળું સુંદર કાવ્યશિલ્પ યોગેશ જોશીની 'અનિરુદ્ધ બ્રહ્મભટ્ટને' કવિતામાં મળે છે. ભગવદાસકૃત 'સદ્‌ગત શ્રી બરકાને અંજલિ' ના દૃષ્ટાંત અર્થગંભીર છે. એકાર પુનરાવર્તનનો ભ્રમ ઉભો કરતા દૃષ્ટાંતો ખરેખર તો એકાર થતા તેમના પ્રયોજનમાં અર્થ સંદર્ભની નૂતનતા પ્રગટાવે છે.

૪ છંદ, લય અને પદકૌશલમાં શોકોર્મિકવિતા સતત વિકસતી રહી છે. ખબરદાર પછી જુના લયમાં નવા અર્થસંદર્ભ ઉભા કરવાનું શ્રેય ન્હાનાલાલને જાય છે. અર્વાચીન શોકોર્મિકવિતામાં કાન્તના સદ્‌ગત પત્નીને લખેલાં કાવ્યો તાજગી, નવું પ્રદાન આપે છે. ખંડકાવ્યોમાં સંસ્કૃતવૃત્તોનું કૌશલ પુરસ્કાર કરનાર 'લલિત કોમલ કાન્ત પદાવલી' ના કવિ કાન્ત પત્નીનો વિયોગ પરબ્રહ્માના અંજની છંદમાં વહેતો મૂકે છે. કાવ્યમાં નિશ્વાસ, લાચારી સહ પ્રગટ થતી નિઃસહાયતા અને ઘોર નિરાશાની ભાવના તેમનું દુઃખ વ્યક્ત કરતી તેમની 'વિપ્રયોગ' કવિતા અર્વાચીન ગુજરાતી શોકોર્મિ-કવિતાને ઉત્તમ ભેટ છે. ગેયતા, પંક્તિરચના અને શબ્દલયાસ ભાવાભિવ્યક્તિ-ની ગંભીરતા સાર્થક જાળવે છે. આ ઉપરાંત, પૃથ્વી, તોટક, અનુષ્ટુપ અને મંદાક્રાન્તાના સંખ્યાબંધ ઉત્તમ કાવ્યો મળે છે.

શોકોર્મિકવિતામાં આલંકારિકતા સંદર્ભે કહી શકાય કે વિવિધ પ્રકારના અલંકારોના વિનિયોજનમાં રૂપક, પ્રતીક, દૃષ્ટાંત, સજીવારોપણ, વર્ણસગાઈ, ઉપમા, ઉત્પ્રેક્ષા, અતિશયોક્તિ, શ્લેષ, જેવાં અલંકારો વિશેષ મળે છે. પણ એક અદ્‌ભુત આશ્ચર્ય મળે છે કે સામ્ય ધરાવતા અર્થ માટે વપરાતા



kalpana's

દૃષ્ટાંત કરતાં પરસ્પર વિરોધો સર્જી દેતો વિરોધાભાસ અલંકાર, દૃષ્ટાંતથી વિરુદ્ધ ગ્રાહ્ય પરંતુ શોકોર્મિની અભિવ્યક્તિ માટે આ બન્ને પરસ્પર વિરોધી અલંકાર હોવા છતાં સબળ અને સફળ રહ્યા છે. પ્રતીક અને રૂપક અર્થસંદર્ભની અભિવ્યક્તિ માટે ઉત્તમ નીવડ્યાં છે.

શોકોર્મિની અભિવ્યક્તિ નિમિત્તે પ્રયોજાતાં અનુભાવોમાંથી સ્મૃતિનું વિનિયોજન કાન્ત, બ.ક.ઠા. આદિ કવિઓએ કર્યું છે પરંતુ વાત્સલ્ય ઉપરાંત હૃદયંગમ શોકના આલેખન માટે ન.ભો.દિ. એ સ્મરણનો ઉલ્લેખ કર્યો છે. વળી કલ્પાંત કક્ષાએ થતાં વિલાપ માટેની અભિવ્યક્તિ માટે સ્મૃતિનું વિનિયોજન 'એક બાળકીને સ્મશાને લઈ જતાં' કાવ્યમાં થયું છે તે શોકોર્મિ-કવિતાને ગૌરવ અપાવે છે.

શોકોર્મિકવિતામાં પ્રયોગશીલતા અને નૂતનતા અનેક તબક્કે મળે છે. શોકોર્મિની અભિવ્યક્તિ માટે સ્વજનસંદર્ભના અપવાદ છતાં કૌશલરૂપે ઝવેરચંદ મેઘાણી કૃત 'તદ્દૂરે તદ્વન્તિકે' અને 'મૃત્યુનો મરવો', શોકોર્મિ-કાવ્યના સ્વરૂપમાં વિશેષ છે. 'જૂના ક્લેવરે નવું ક્લેવર' આપવાનું કામ ખબરદારે કર્યું તે અર્વાચીન ગુજરાતી કવિતામાં ન્હાનાલાલ લય પરત્વે જાળવે છે. જૂના રૂપક દૃષ્ટાંતમાં અર્થસંદર્ભની નવીનતા કાન્ત અજમાવે છે આત્મા તરીકે હંસની ઓળખ પ્રાચીન તુલના છે પણ કાન્ત 'રજા આ હંસ માનસને' કહી નૂતનતા બક્ષે છે. કાન્ત આ પંક્તિમાં [illegible] વ્યુત્ક્રમ પણ ગોઠવે છે. અન્યોક્તિના ઉત્તમ ઉદાહરણ આપણી કવિતામાં ખબરદાર, કાન્ત અને હરિશ્ચંદ્ર પૂરાં પાડે છે. જ્યારે છંદ પ્રભુત્વ, છંદ કૌશલ અને છંદના પ્રયોગો કાન્ત અને બ.ક.ઠા. સફળ રીતે પ્રયોજે છે.

તાદૃશ શબ્દચિત્રો શોકોર્મિકવિતાનું કાવ્યવિશેષ છે. સ્વભાવ, પાત્ર પરિસ્થિતિ અને મનોવેદના વ્યક્ત કરતાં [illegible] ચિત્રપટસમા તાદૃશ ચિત્રો 'ઓ આંધી શૈલ સુજાણ', 'થંભો' અને 'નિષ્ફળ મનુમારા', દ્યુતિકણી, હું જ



kalpana's

પુત્ર પિતા', ગ્રહ "ભ્રાંતિ હૃદયની પ્રથમ પુણ્યતિથિએ" વિધુર મુંઝવણ," છેલ્લું દર્શન," "ક્યાં છે [illegible] અવસાદ" અને નિષ્કાન્તને કાવ્યોમાં મળે છે.

શોકોર્મિકવિતામાં વિવિધ કાવ્યોમાં ઉપલબ્ધ સ્મૃતિનું આલેખન ભિન્ન સ્વરૂપે મળે છે. સ્મૃતિ શોકોર્મિની આબોહવા સર્જી દે છે. બ.ક.ઠા.ની 'વિસ્મૃતિ' દ્વારા સ્મૃતિનું સ્વરૂપ, સ્મૃતિ વિનાશક બળ, સ્મૃતિનો સ્વભાવ અને મહિમા આપી એક વાસ્તવિક સત્ય આપી દે છે કે મૃત્યુ આગળ ક્યારેક મન નાસી પાસ થઈ હારી જાય છે. ત્યારે તેની સાથે સ્મૃતિ ટક્કર લે છે. મૃત્યુ સાથે સ્પર્ધા કરી તે તેને હરાવી શકે છે. હારીને ફરીથી વળી એવા માણસને સ્મૃતિ બેઠો કરી દે છે ત્યારે અહીં સ્મૃતિનો જય થાય છે. સ્મૃતિને મૃત્યુ મારી શક્યું નથી.

શોકોર્મિકવિતાના અભ્યાસ માટે શોકોર્મિકવિતાની કૃતિ ઉપરાંત તે વિષેનાં વિવરણ, ઉપોદ્ઘાતની માહિતી નોંધપાત્ર ફાળો આપે છે. ઘણી ખૂટતી વિગતોના સ્પષ્ટીકરણ એમાંથી મળે છે. ઝવેરચંદ મેઘાણીના 'મૃત્યુનો ગરબો' અને 'નહતરે નહતી [illegible]'નો [illegible] વિશિષ્ટ સ્વજનસંદર્ભ એ રીતે મળે છે.

કવિતાની ભાષા કઈ? એના ઉત્તરમાં શોકોર્મિકવિતા માટે સ્પષ્ટ રીતે સિદ્ધ થાય છે કે લાગણીના તન્મય સ્વરૂપ, શોકને યથાવત્ કાવ્યમાં ઉતારે તેવી ભાષા કવિતાની ભાષા હોય, એમાં લાઘવ અને લાગણીનો ભાવોદ્ગાર જળવાય એ સિવાય અલંકરણનો અતિરેક કે આયાસ હાનિકારક છે. ઊર્મિનું ઓજસ ઉતરે, સંવેદનાની માત્રા જળવાય અને ઊર્મિના કાવ્યત્વને ઝાંખું ન બનાવી દે તે અનિવાર્ય છે માટે શોકોર્મિની ઉત્તમ અભિવ્યક્તિ જળવાય એ જ સરસ શોકોર્મિકવિતાની પહેલી અને મુખ્ય ફરજ છે.

લાઘવયુક્ત લાગણીના ભાવોદ્ગારની વેધકતાની અભિવ્યક્તિ, શોકની સઘન અભિવ્યક્તિ, કરુણની સહાનુભૂતિ, સંવેદનો આકાર—શોકોર્મિ-કવિતાના મુખ્ય અનિવાર્ય લક્ષણો છે. તે ઉપરાંત સ્વજન સંદર્ભ, વ્યક્તિ-

વિશેષનું મૂલ્યનું આલેખન, અંગત શોકનું વૈશ્વિક સ્તરે વિસ્તરણ શોકોર્મિકવિતાના અતિ મહત્વનાં લક્ષણ છે. કવિકર્મ અને ભાષાકર્મના કૌશલનું મહત્વ પણ ખૂબ છે. કારણ કે શોકોર્મિકવિતા Art of Expression – એ અભિવ્યક્તિના કૌશલનું કાવ્યસ્વરૂપ છે. કવિકર્મ અને ભાષાકર્મ પર તેનો આધાર છે. પ્રકારવૈવિધ્ય, શોકના વિભાવાનુભાવનું વૈવિધ્ય, [illegible] વૈવિધ્ય અને અંજલિનું વૈવિધ્ય શોકોર્મિકવિતાના સ્વરૂપનો વૈભવ છે. શોકોર્મિના સમુચ્ચ સ્વરૂપની પ્રતીતિ તેમાંથી થાય છે. સોનેટ, મુક્તક, વિષાદ-કાવ્યો, હાયકુ અને શોકાંજલિઓમાં આની ઉત્તમ અભિવ્યક્તિ, તેમજ ગુચ્છક કાવ્યોની ચોક્કસ સ્વરૂપે વિકસતી અભિવ્યક્તિ શોકોર્મિકવિતાના વિશેષ ઉપલબ્ધિ છે. પ્રકારવૈવિધ્યના વિશાળ પટમાં વિસ્તરેલી શોકોર્મિકવિતા સ્પષ્ટ [illegible] વિકસી છે. એમ કાળ સાથે દીર્ઘકાવ્યોમાં, ગુચ્છ, સોનેટ અને મુક્તકમાં, આધુનિક પ્રવાહો સાથે અછાન્દસ કૃતિઓમાં સ્વરૂપબદ્ધ શોકોર્મિકવિતાનો વિકાસ એ રીતે સોનેટ કાવ્યપ્રકારમાં વધુ [illegible] છે. ઉશનસ્, સુંદરમ્, સ્નેહરશ્મિ, ઉમાશંકર, રા. વિ. પાઠક, પીનાકીન ઠાકોર, કાન્ત, બ. ક. ઠા. ઉપરાંત ઘણાં કવિઓએ સોનેટ પ્રકારમાં શોકોર્મિકવિતા આપી છે. નવા કવિઓમાં બાલમુકુંદ દવે પછી રાવજી સુધી સોનેટમાં કૃતિઓ મળે છે. લાભશંકર, ચીનુ મોદી, નલિન રાવળ, મણીલાલ દેસાઈ, ચંદ્રકાન્ત શેઠ, ધીરુ પરીખ, પન્ના નાયક અને અન્ય અછાન્દસ શોકોર્મિકવિતા આપે છે. આ તમામ કાવ્યપ્રકારોમાં શોકોર્મિની અભિવ્યક્તિને ક્યાંય આંચ આવી નથી એ ઉપરથી કહી શકાય કે શોકોર્મિકવિતાનું સ્વરૂપ અભિવ્યક્તિના કૌશલને વરેલું કાવ્યસ્વરૂપ છે.

અંજલિ નામે શોકાંજલિ, એક શોકોર્મિકવિતાનું જ નવું વિકસિત પૂર્ણતા પ્રાપ્ત કરેલું સ્વરૂપ છે. છાન્દસ અને અછાન્દસ કાવ્યપ્રકારોમાં ગુજરાતી કવિતા ગૌરવ લઈ શકે તેવી કલાત્મક શોકાંજલિઓ, શોકોર્મિકવિતાના પ્રવાહમાં ઉપર તરી આવતી કવિતા છે. ચીનુ દેસાઈનું



kalpana's

'રાષ્ટ્રપિતાને' અને 'ઠક્કરબાપાને અંજલિ', ઉશનસ્કૃત 'ફુલ્યું' તેમાં નોંધપાત્ર કૃતિઓ છે. હરિશ્ચંદ્ર ભટ્ટની 'પ્લેટોનો આત્મા' સુંદર લાઘવપૂર્ણ સચોટ અંજલિ છે. ઉત્તમ રૂપાંતર શક્તિનો પરિચય કરાવતું 'પ્લેટોનો આત્મા' સ્વરૂપની દૃષ્ટિએ પણ ગુરુતા ધરાવતું કાવ્ય છે. કેટલાંક કાવ્યોમાં એકજ અંજલિની અભિવ્યક્તિ મળે છે. જ્યારે અનેક પાંખડીઓમાં ખીલતું અંજલિનું ફૂલ વધુ કલાત્મક લાગે છે. ભાવના ભિન્નરૂપો-માંથી બંધાતી અંજલિનું સૌંદર્ય 'પ્રસિદ્ધ સ્વજનો'માં મળે છે. મૃત્યુ નિમિત્તે વિવિધ સ્વરૂપે લખાતી અંજલિઓમાં શોકોર્મિના કેન્દ્રમાં છે તેવો જ ભાવ-વિકાસ અંજલિ સુધી થવાથી તે શોકાંજલિ બને છે તેથી અન્ય અંજલિઓની તુલનામાં વધુ આસ્વાદ્ય, કાવ્યાત્મક અને કલાત્મક છે. ભાવ, રસ, અને અંજલિ પરસ્પર એકરૂપ થઈ ગયાં હોવાથી શોકોર્મિકવિતાના વર્ગમાં સ્વરૂપ-બદ્ધ 'શોકાંજલિઓ' પણ મળે છે. અન્ય અંજલિ સ્વરૂપોમાં તેમજ અર્વાચીન ગુજરાતી શોકોર્મિકવિતામાં તે સ્વરૂપની દૃષ્ટિએ ગંભીર છે. શોકની સઘન અભિવ્યક્તિમાંથી અંજલિ આપતાં કાવ્યો તેથી શોકોર્મિકવિતાનો પર્યાય બની જાય છે તે અર્થમાં શોકોર્મિકવિતા અને શોકાંજલિ એકજ ભાવની સમાનતા ટકાવી બે સ્વરૂપો અભિવ્યક્તિ આપતાં કાવ્યો છે.

અભિવ્યક્તિના કૌશલ પર આધારિત શોકોર્મિકવિતામાં કવિકર્મ લાગે વળગે છે ત્યાં સુધી ઔચિત્યવિચારનો સતત ખ્યાલ રહેવો જોઈએ. જ્યારે સરખા ઉપકરણોના એકજ આશયથી થયેલા વિનિયોજનની ફલશ્રુતિમાં ઉચ્ચાશયતા ભળી જાય ત્યારે સ્પષ્ટ થાય છે કે એમાં કવિકર્મ અને કવિકૌશલ કારણભૂત છે. સમાન ઉપકરણોના આલંબનથી મળતા સામ્યમાં બે સ્વરૂપે દર્શન મળે છે. આલંબનનું સામ્ય અને ઉપલબ્ધિનું સામ્ય. આ સામ્યમાં કવિ-સૂઝના પ્રતાપે કાવ્યવિશેષની શક્યતા છે. કાવ્યે કાવ્યે પ્રકાર-વૈવિધ્યમાં પાત્રાલેખન અને વ્યક્તિવિશેષના આલેખનનો ઘણો સામ્ય ધરાવે છે. તેનું કારણ સદ્ગત મહાનુભાવની લોકમાનસમાં પડેલી વ્યક્તિત્વની છાપ હોઈ



kalpana's

શકે. પારિવારિક સંબંધોના સામ્ય ધરાવતી શોકોર્મિકવિતામાં પ્રયોગ અને ભાવાભિવ્યક્તિનું સામ્ય હોવા છતાં માત્રા ફેર જો છે તેનું કારણ અંગત આત્મીયભાવમાં અનુભવાતી ઘનીષ્ટતા કે ગાઢપ છે. સંબંધોની ગાઢતા એવી કૃતિઓમાં શોકોર્મિકવિતાનું ગૌરવ વધારે છે. પરંતુ એવી કૃતિઓમાં પણ મર્યાદિતતાથી પરી જઈ, સંબંધની આત્મીય એકરૂપસ્થિતિનો અનુભવ વાચકોને જે પ્ર-તીતિ કરાવે છે તે ઉત્તમ આસ્વાદ્ય બની જાય છે. અંગત અનુભૂતિના મૈત્રી-કાવ્યો, દાંપત્યકાવ્યો અને સાહિત્યકારોને અપાયેલી અંજલિ એનાં દૃષ્ટાંત છે.

અર્વાચીન ગુજરાતી કવિતાના વર્ગની શોકોર્મિકવિતા આપણને બે સ્વરૂપમાં ઉપલબ્ધ છે. અર્વાચીન કવિઓની કૃતિઓ અને આધુનિક નવી પેઢીના કવિઓની કૃતિઓ અર્વાચીન કવિતા કરતાં આધુનિક કવિતા પ્રવાહમાં પ્રયોગશીલતા આગે કદમ છે. દા.ત. મૃત્યુનું માંગલ્ય, શોકની અભિવ્યક્તિની કલાત્મકતા, લાઘવનું નિયમન, અને અંજલિનો આકાર તેની વિશેષતા છે બે પ્રવાહમાં વિકસેલી શોકોર્મિકવિતા ત્રણ નિમિત્તે, ત્રણ સ્વરૂપે જો છે. ભાવાભિવ્યક્તિ નિમિત્તે શોકોર્મિકવિતા, ચિંતન સમાધાન નિમિત્તે શોકોર્મિકવિતા, અને અંજલિની તાદૃશતા નિમિત્તે શોકોર્મિકવિતા. ભાવાભિવ્યક્તિ જ્યાં પ્રકૃતિના માધ્યમથી થાય છે ત્યાં શોકોર્મિકવિતા ઉત્તમ અભિવ્યક્તિ આપે છે.

દીર્ઘકવિતાનું કલેવર જોતાં લઘુવિરહોર્મિકાવ્યોની તુલનાએ તપાસતાં એટલું સ્પષ્ટ થાય છે કે ઉત્તમ શોકોર્મિકવિતા લાઘવને પાળીને અભિવ્યક્તિ આપે છે. કારણ કે લાગણીનો ઉદ્ગાર જેટલો શબ્દ સંભાળે તે ક્ષણે સાધવ પળાય ત્યારે તેની લાગણીની અભિવ્યક્તિ સઘન સચોટ સ્વરૂપે અને તે સિવાયનો પંક્તિવિસ્તાર પાન વિઘ્ન બની જાય છે. એમાં કાવ્યત્વ પાતળું પડી જાય છે. લાગણીનો ઉદ્ગાર ઊર્મિકવિતાનું લક્ષણ છે. અને તેના અનુસંધાનમાં લાઘવનું લક્ષણ ઊર્મિકવિતામાં અગ્રિમ સ્થાને છે. શોકોર્મિકવિતા પણ લઘુવિરહોર્મિકવિતાના વર્ગની કવિતા છે તેથી



kalpana's

લાઘવને કારણે તેની અભિવ્યક્તિ દીર્ઘકાવ્યોમાં નહીં પણ ટૂંકા ઊર્મિ-કાવ્ય રૂપે જ ઉચિત છે. ઊર્મિકવિતાના લક્ષણોના વારસાનું જતન શોકોર્મિ-કવિતામાં સ્વભાવિક છે. કારણ કે તે ઊર્મિકવિતાના વર્ગની કવિતા છે.

મરણ નિમિત્તે લખાતાં અન્ય અંજલિ કાવ્યોની જેમ શોકોર્મિકવિતા મરણ પ્રસંગે લખાતી કવિતા છે પણ એ તેનાં સ્વરૂપનું મુખ્ય લક્ષણ કેન્દ્રસ્થ શોકની ભાવાભિવ્યક્તિ અને તેમાંથી ફલિત કરુણની રસાનુભૂતિ છે. અંજલિ તો શોકની ભાવાભિવ્યક્તિનો એક ઘણું આગળ વિકાસ છે. તેથી શોકાંજલિ શોકોર્મિ-કવિતા હોઈ શકે વળી મરણ નિમિત્તે લખાયેલી હોવાથી તે મરણ નિમિત્તક શોકોર્મિ કવિતા કહી શકાય પણ મરણનિમિત્તે લખાયેલી દરેક કવિતા (મરણ નિમિત્તક) શોકોર્મિકવિતા ના કહી શકાય કારણ કે કેન્દ્રસ્થ શોકનો તેમાં અભાવ ન ચાલી લેવાય શોકોર્મિની અભિવ્યક્તિના સાહિત્યિક ગુણથી જ મરણ પ્રસંગે લખાયેલા અન્ય કાવ્યોમાં શોકોર્મિકવિતાનું સ્થાન ઊંચું છે.

ભાવને અનુરૂપ છંદ, લય, અલંકાર, રૂપક, દૃષ્ટાંતાદિ ગુણોનો કાવ્યમાં પ્રમાણસર વિવેકથી વિકાસ હોવો જોઈએ. એ પ્રકાર પધ્ધતિ પ્રમાણે કાવ્યારંભે શરૂ થતો શોક કાવ્યાંતે ચરમસીમા પર પહોંચે તેમાં શોકોર્મિ કવિતાનું ગૌરવ છે. ન.ભો.દિ.નાં 'એક બાળકીના મરણ વિશે' માં કાવ્યમાં શોકની xxxxxxx ચઢિયાતી અભિવ્યક્તિ તેનું દૃષ્ટાંત છે. કરુણ પ્રશસ્તિ-કવિતામાં અભિવ્યક્તિ માટે વિશાળ પટ છે શોકોર્મિકવિતામાં મર્યાદિત પંક્તિ-સંખ્યા છે. તેથી કવિની કસોટી તો છે જ પરંતુ સૉનેટના ગુચ્છ કાવ્યોમાં થોડી વધુ મોકળાશ મળતાં અભિવ્યક્તિ રૂંધાતી નથી. ક્યારેક કરુણ-પ્રશસ્તિની સરહદે અભિવ્યક્તિ વિકસે છે તે શોકોર્મિ કવિતાનું ગૌરવ છે. શોકની અભિવ્યક્તિ અન્ય કાવ્યતત્વોને ખીલવવામાં સબળ અને સફળ નીવડે ત્યારે ઉત્તમ શોકોર્મિકવિતા સર્જાય છે દા.ત. 'છેલ્લું દર્શન' ની માવજત જુઓ.



kalpana's

નવા જુના ઉપકરણનાં વિનિયોજનને બે વર્ગમાં વહેંચી શકાય. સમાન ઉપકરણના આલેખનમાંથી મળતું વૈવિધ્ય અને વિવિધ ઉપકરણોના આલેખનમાંથી મળતું સામ્ય, પહેલું તારણ શોકોર્મિકવિતાના તુલનાત્મક અભ્યાસ તરફ અંગુલી નિર્દેશ કરે છે. બીજું તારણ કવિકૌશલ અને ઉપકરણની યથાર્થતા સૂચવે છે.

શોકોર્મિકવિતાની ઉચ્ચતા અને સર્વોત્તમ પસંદગી માટે શોકોર્મિ-કવિતામાં મળતું સામ્ય ખૂબ સહાયરૂપ નીવડે છે. સ્વજન કે પાત્રનિરૂપણ માટે તે સહાયરૂપ છે. વિવિધ સંબંધોના આદર્શરૂપ-લક્ષણો સામ્યમાંથી મળે છે. આત્મીયભાવની વિવિધરંગી અભિવ્યક્તિ સામ્યમાંથી મળે છે. બહુ સમાજે સ્વીકારેલા સંસ્કૃતિના માપદંડ એમાંથી મૂલ્યાત્મક રીતે મળે છે. અંજલિની વિવિધ છટાઓનો અભ્યાસ એમાંથી મળે છે. એકજ સમયના ગાળાના કવિઓની કૃતિઓ-માંથી સમકાલિનતાનો પ્રભાવ પામી શકાય છે. રચનારીતિનું સામ્યપણ તેમાંથી જાણી શકાય છે. મૃત્યુનું માંગલ્ય અને બીજા નવા અભિગમો, મૃત્યુથી નિર્ભય બનવાની વિચારધારા સામ્યમાંથી મળે છે.

વ્યક્તિ પરિચય માટે આલેખનમાં વિરામચિહ્નો, અને વિશેષણો ઉત્તમ અભિવ્યક્તિ આપે છે. લાઘવ પામવાથી અનેક દોષોમાંથી કાવ્યત્વ ઉગરી જાય છે. ભાવ, લય અને અભિવ્યક્તિમાં કવિકૌશલથી સમતુલા જળવાય ત્યારે શોકોર્મિકવિતા કલાત્મક રૂપ ધારણ કરે છે. ક્યારેક વૈકલ્પિક થયેલો શબ્દ-પ્રયોગ અર્થની સઘનતા પૂરવાર કરે છે. દા.ત. બ.ક.ઠા.ની 'વિસ્મૃતિ' કવિતામાં '.....' અહીં 'પુનરોક્તિ નહીં, પણ અર્થની સઘનતા આપે છે. અનેક કલાતત્વોનો સમન્વય શોકોર્મિકવિતાની અભિવ્યક્તિને કાવ્યાત્મકતા અને કલાત્મકતા બક્ષે છે.

<u>શોકોર્મિકવિતામાં મળતું દાંપત્યનું સ્વરૂપઃ-</u>

ઊર્મિકવિતાના લાગણીના સહજોદ્ગારસું લક્ષણ શોકોર્મિકવિતામાં ઉત્તમ આલેખન પામ્યું છે. લાગણીના અન્ય ભાવોની તુલનામાં પ્રેમ અને શોક લાગણીના



kalpana's

સહજોદ્ગારની હૃદયની અભિવ્યક્તિ આપે છે. શોકોર્મિકવિતામાં આ બન્ને સ્વરૂપો નિરૂપાયાં છે. મૃત્યુજન્ય શોકની અભિવ્યક્તિ નિમિત્તે દાંપત્યની વિવિધ ભાવછાયાઓની તેજછાયા શોકોર્મિકવિતામાં મળે છે. ટૂંકમાં પ્રેમ અને શોકની લાગણીનો સહજોદ્ગાર જ શોકોર્મિકવિતાનું કાવ્ય-વિશેષ છે. મૃત્યુજન્ય શોકની અભિવ્યક્તિ શોકોર્મિકવિતાની કેન્દ્રવર્તી લાગણી ખરી, પણ દાંપત્ય અને સાહચર્યનાં મધમીઠાં સંસ્મરણો શોકને દર્દનો પાસ ચડાવી ઘેરા વિષાદનાં રંગે રંગી કરુણબોધક બનાવે છે. દાંપત્યપ્રેમના કાવ્યોમાં મિલન, સાહચર્યના વર્ણનોથી તદ્દન જુદાં જ રૂપે શોકોર્મિકવિતામાં દાંપત્ય ગ્લાનિ-વિષાદ કે આંસુના ઓઝલ પડદામાંથી ચિત્રપટની જેમ રજૂ થાય છે. શોકોર્મિકવિતામાંથી દાંપત્યની ઝાંખી જે સ્વરૂપે મળે છે. તેમાં આદર્શ દાંપત્ય, મધમીઠાં સંસ્મરણો, આત્માનું ઐક્ય, સંસારમાંથી કરુણમાં સંક્રાંતિ, મૃત્યુનું માંગલ્ય, આધ્યાત્મિક દર્શન, નિયતિ સ્વીકાર, જેવાં તત્ત્વો સ્પષ્ટ તરી આવે છે.

શોકોર્મિકવિતા અંતર્ગત દાંપત્યપ્રેમની અભિવ્યક્તિને એક નિશ્ચિત આકાર છે. કાચી વયના ઉચ્છૃંખલ તલસાટને બદલે આત્માની ઉન્નત ભાવના, પરિપક્વ સ્નેહ, અને પ્રેમનું ઐક્ય સાતત્ય, સનાતન રૂપના અંશો ધરાવતું આલેખન મળે છે. એમાં ગાંભીર્ય, સચ્ચાઈ, નેકદિલી, નિખાલસ સ્વીકાર અને ભીનાશના તાણે તાણી શુદ્ધ સ્વરૂપે હૃદયની કબૂલાત મળે છે. મૃત્યુ સચ્ચાઈને પ્રગટ કરવાની ઉત્તમ તક છે. ક્યારેક એમાં સાહચર્યના લેખાંજોખાંનો સ્પષ્ટ એકરાર નિખાલસ વિલાપમાં વ્યક્ત થઈ જાય છે. અને લાગે છે કે દાંપત્યનું સ્વચ્છ, સ્પષ્ટ પ્રતિબિંબ શોકોર્મિકવિતાના આઈનામાં ઝીલાય છે. મૃત્યુ ગાંભીર્ય સર્જી દઈ શોકને ઘેરો બનાવે ત્યારે કવિતા મૃત્યુ પહેલાં કે પછી હોય પણ તેમાં અવસાનનો જ સંદર્ભ આપવાથી એમાં શોક નિમિત્તે દાંપત્ય આલેખાય છે. અવસાન પહેલાં શોક-વિરહના ભણકારા અને અંજપો, અને આત્માના ઐક્યના અનુભવની ઉત્તમ ક્ષણનો એકરાર વ્યક્ત થાય છે. જ્યારે અવસાન થતાં ઐક્ય તૂટ્યા પછીનો અફસોસ રૂપે દાંપત્ય આલેખાય છે. બ.ક.ઠા.



kalpana's

નવ પ્રકારના ગુચ્છ- ૩ માં વિરહ-પૂર્વાર્ધ ગુચ્છ અને વિરહ-ઉત્તરાર્ધ ગુચ્છ શીર્ષકોમાં આપી પ્રતીતિ થશે તેથી બ.ક.ઠાકોરના કાવ્યો, સુંદરજી બેટાઇની 'ચઢીઠ સવારી', બ.ક.ઠાકોરના કાવ્યોમાં 'જાગતું', 'ઘૂલિકણી' વિરહનું ચહેરું, ચકલું, આરતી, હીરાબેનનું 'પરલોકે પત્ર' બાલમુકુંદ દવેનું 'હું જાઉં' માં કવિ કબૂલી લે છે કે 'ચાર સંસારનો એક પત્ની', પતિ-પત્નીનું સગળ સંસારમાં અને પરિવારમાં પરસ્પર માટે સ્વજનોમાં શિરમોર - ઉત્તમ સ્વજન સ્વીકારી લે છે. અવસાન પછી દાંપત્ય તૂટતાં જ કબૂલી લે છે કે 'તમને વરીને વિરહને વરી', આ દાંપત્ય તૂટતાં તરફડી ઉઠેલો કવિનો જીવનતિરસ્કાર કરી ઉઠે છે કે 'પત્ની વિના જીવવું 'જીવવું મૃત્યુ તુલ્ય એ' પ્રસન્ન દાંપત્યના એક હશે દરેકનો અનુભવ આ ભાવનામાં સમ્મત થાય છે.

દાંપત્ય નિમિત્તે મિલન જીવનની પેલેપારની દિશામાં આગેકૂચ કરે છે. ભવોભવના આત્માના ઐક્ય જુદા જુદા ખોળીયા બદલીને અખંડ સાહચર્યમાં જ હોય છે. મૃત્યુનો આઘાતો વિક્ષેપ છે. મૃત્યુ એ સાહચર્યની યાત્રાનો અંત નથી એક વિરામ કે વળાંક છે.

દાંપત્યની લોકોક્તિકવિતામાં આવતી અભિવ્યક્તિની બીજી વિશેષતા એ છે કે પતિ-પત્નીનું પરસ્પરના જીવનમાં સ્થાન કાયમ માટે અચળ-અવિચળ - નિશ્ચલ રહે છે. તેથી જ તે ઉત્તમ સ્વજન છે. તેના વિના ઝૂરી- સંતાપી, જીવન ગુમાવી લઈ સ્વજનના શોભાને ટકાવી રાખવું તેજ આદર્શ દાંપત્ય છે. સંસારચક્રમાં ઈશ્વરનિર્મિત દાંપત્ય શું જગતનું આશ્ચર્ય નથી ? સ્વજનનું એક મીઠું ઝરણું ખારા સંસારમાં મીઠા જળની વીરડી છે. ખોઈને પામવાનું સત્ય દાંપત્ય શીખવે છે. તેના સાહચર્યમાં સંસાર સુખી અને એજ સંસાર માત્ર તે એક જવાથી દુઃખી બની જાય ત્યારે કવિ કહે છે કે " સહશયન શય્યામાં હૃદયની પથારી બની. " કાન્તના 'વિધુર હૃદય', 'પ્રમાદી નાવિક', 'નિષ્ફળ લોચન', 'હું ગઈ અને તે, વદાય' આ ભાવથી ગુંજી ઉઠેલાં કાવ્યો છે.

દાંપત્યના આલેખનમાંથી મૃત્યુ, આત્માનું ઐક્ય, મગજ-મતિનાં વિચાર



kalpana's

અદ્ભુત, હિન્દુધર્મ, આર્ય સન્નારીત્વ, સ્નેહ મિમાંસા, પ્રણય મિમાંસા, નિયતિ, સાચું સુખ, ઉત્તમ સ્વજન, પતિ-પત્નીના આદર્શ -ઉમદા દૃષ્ટાંતો, વ્યવહારો તેમાં આદર્શ રૂપો , આત્માના શુધ્ધ વિયોગ-વ્યથામાં પાવન થવાનું ગમે તેવી ઉન્નત વિચારધારાઓ- શોકોર્મિકવિતામાં ઓજસ પૂરે આલેખાતા દાંપત્યનું વિશેષત્વ છે.

હૃદયના રુદનની સચ્ચાઈમાં વિષાદ અને કરુણનું રહસ્ય છે. એમાં જ ઉત્તમ કાવ્યત્વ છે. એ વિષાદ, કરુણ અને શોકનો સહજોદ્ગાર એજ શોકોર્મિ-કવિતા છે. ભાવને પ્રગટ થવા શબ્દનો આકાર, બોલીનું જોઈએ તેવી રીતે જ શોકની અભિવ્યક્તિ [illegible] બની જાય છે. માટે સચ્ચાઈ ભરેલી હોતા હૃદયની વાચા એ શોકોર્મિકવિતા છે. એનો ઉદ્ભવ અને અભિવ્યક્તિ અતુલનીય છે માટે જ ભવભૂતિનું વિધાન સાચું લાગે કે 'એકો રસ એવ કરુણ નિમિત્ત ભેદાત્' પણ ક્યાંતા તૂટતા દાંપત્યના તરફડાટમાં વ્યક્ત થતો શોક-વિયોગ-વિષાદ સનાતન રૂપે રામાયણના ઉદ્ભવના કારણભૂત ક્રૌંચપક્ષીના યુગલ - વિચ્છેદની વેદનાને આજે પણ એવા જ તાર સ્વરે પ્રગટ કરે છે. હૃદયવિચ્છેદની વેદના કાલાતીત, સનાતન છે. એની અભિવ્યક્તિનું ઉત્તમ અને એકમાત્ર સ્વરૂપ તે દાંપત્ય છે. [illegible] તેથી શોકોર્મિકવિતામાં દાંપત્ય અનુપમ સ્વરૂપે પ્રગટ થયું છે. ક્રૌંચવધથી ટપકતી વેદના જ બ.ક.ઠા. પણ વ્યક્ત કરે છે કે સ્વજન વિના જીવવું એટલે જીવતું મોત, અને જીવતું મોત, મોત કરતાં પણ વસમું લાગે છે. એ તરફડાટ ક્રૌંચવધથી ક્યાં ઉતરતો છે કે 'કેમ જીવશે હાઉં રે... ક્યાંય ઉરના ઠરશે આઉં રે...' શોકોર્મિકવિતામાં સ્વજન[illegible] નિમિત્તે હોઠ નહીં, હૈયું રુવે છે.' એમાં વિવિધ [illegible] સ્વરૂપોવાળી શોકોર્મિકવિતામાં અભિવ્યક્તિ પામતું દાંપત્ય જાણે કે ભાગીરથીનો પ્રવાહ છે.

<u>નિષ્કર્ષ</u>-

અનેરું વિશેષત્વ ધરાવતી શોકની અભિવ્યક્તિ આપતી કવિતા જ



kalpana's

શોકાંજલિ હોવાથી એટલું સ્પષ્ટ છે કે શોકાંજલિ કવિતા શોકોર્મિકવિતા છે જ. પણ પ્રત્યેક શોકોર્મિકવિતા શોકાંજલિ નથી. વધુ એક સ્પષ્ટતા એ જરૂરી બને છે કે સામાન્યતઃ સદ્ગતને અંજલિ મૃત્યુ પ્રસંગે જ હોય તેથી મૃત્યુના સંદર્ભે આપેલી અંજલિમાં વ્યક્ત થતો ભાવ મહત્વનો છે. શ્રદ્ધા, આદર, માન, અર્ઘ્ય જેવાં ભાવોમાંથી કોઈપણ સ્વરૂપે ભાવાંજલિ રચાઈ હોય પણ એમાં જો શોકની ભાવાભિવ્યક્તિ, વિષાદ કે કરુણની સ્વાનુભૂતિ ના હોય તો તે શોકાંજલિ તરીકે ઓળખાવી શકાય નહીં. શોકાનુભૂતિમાંથી અંજલિ શોકાંજલિની પહેલી શરત છે. તે સિવાયની અંજલિનો વર્ગ બદલાઈ જાય છે. ટૂંકમાં મૃત્યુ નિમિત્તે આપેલી અંજલિઓ બે વર્ગમાં ઉપલબ્ધ છે. શોકાંજલિ અને ભિન્નાંજલિ શોક સિવાયની અભિવ્યક્તિ આપતી અંજલિમાં સ્મરણાંજલિ, ભાવાંજલિ, માનાંજલિ, શ્રદ્ધાંજલિ, પુષ્પાંજલિ, અર્ઘ્યાંજલિ વગેરે ભિન્નાંજલિના વર્ગની ગણાતી અંજલિઓ છે. શોકાંજલિના શોકોર્મિકાવ્યસ્વરૂપના કાવ્ય - વિકાસની સાથે ભિન્નાંજલિ પર એક નજર કરવી રહી.

કોઈપણ અંજલિની જેમ ભિન્નાંજલિમાં પણ વ્યક્તિ, વ્યક્તિત્વ, સ્વભાવ, પ્રભાવ, જીવનકાર્ય, ગુણાનુવાદમાંથી કોઈ એકાદ વિશેષ ઉલ્લેખનીય બની રહે છે. કાવ્યમાં તે આડકતરી અથવા ગહન - ગમે તે એક રૂપે હોય છે એ નિમિત્તે ભિન્નાંજલિમાં ચિંતન નકારી શકાતું નથી. પણ એમાં મર્યાદિત પ્રમાણ અપેક્ષિત છે. દા.ત. ચિંતન જ અરવિંદનું જીવનકાર્ય હોય તો 'અરવિંદ' ક કાવ્યમાં ચિંતન સ્વાભાવિક જ હોય. વ્યક્તિવિશેષ તરીકેનો પરિચય પણ ભિન્નાંજલિમાં આલેખાય છે. દા.ત. જયંત પાઠક કૃત 'લીલાબોરી' માં સ્વભાવનું સ્મરણ અને અંજલિ છે. વ્યક્તિત્વ બે સ્વરૂપે મળે છે. વ્યક્તિત્વના એકાદ વિશિષ્ટ ગુણનો વિશદ પરિચય અથવા સમગ્ર વ્યક્તિત્વનું આલેખન. દા.ત. ગાંધીના તેજસ્વી વ્યક્તિત્વમાંથી મૃદુતા માટે 'બીજે ક્યાંય મૃદુતા' કાવ્યમાં વર્ણન છે. માતૃવંદના વ્યક્ત કરતી ભિન્નાંજલિમાં માતૃવાત્સલ્ય કે મહિમા સ્વભાવ અને વ્યક્તિત્વના ગુણોનું આલેખન થયું છે. સમાજમાં વિશિષ્ટ સ્થાને



kalpana's

રહેલા વ્યક્તિવિશેષના આલેખનમાં પણ ગુણાનુવાદ અને વ્યક્તિત્વ પ્રત્યે આદરભાવ વ્યક્ત કરવામાં આવે છે. દા.ત. બ.ક.ઠા. કૃત 'પ્રભાશંકર પટ્ટણીને અંજલિ'.

સતત આકાર પામતા નિવાપાંજલિના રચનાકૌશલમાં સ્વજન સૌહાર્દ, વ્યક્તિ વિશેષનું વ્યક્તિત્વ, જીવન, કાર્ય અને અંજલિની અભિવ્યક્તિને મૌલિકતાનો સ્પર્શ સંસ્કાર તો રહે છે. નિવાપાંજલિના કાવ્યોમાં અંજલિ, સર્જન દ્વારા સર્જકના વ્યક્તિત્વની પરિરેખા, અને સદ્ગત વ્યક્તિવિશેષના મુખ્ય ભાવને રૂપાંતર કરી અંજલિનું માધ્યમ બનાવી તે રીતે આલેખન- એમ ત્રણ સ્વરૂપમાં નિવાપાંજલિ મળે છે.

નિવાપાંજલિઓમાં આવતી કેટલીક વિશેષતાઓમાં સ્વરૂપ પછી, કાવ્યપ્રકારનું વૈવિધ્ય અને તેમાં પણ વિશેષ સોનેટ સ્વરૂપમાં અને તે કરતાં મુક્તકમાં આવતી નિવાપાંજલિ વિશેષ સાહિત્યિક બની રહે છે. હરિશ્ચંદ્ર ભટ્ટની નિવાપાંજલિઓનું સાહિત્યિક મૂલ્ય ઊંચુ છે. કારણ કે (૧) ગુજરાતી સર્જકો અને પાશ્ચાત્ય સર્જકો પર લખેલી અંજલિઓ, (૨) મુક્તક સ્વરૂપની નિવાપાંજલિઓમાં સુશ્લિષ્ટ, લાઘવયુક્ત સઘન અભિવ્યક્તિ આપે છે (૩) શિષ્ટાચાર અને લાગણીવેડાથી પર એમની નિવાપાંજલિઓમાં ઊંડી કાવ્યાત્મક સૂઝ હોવાથી તે હરિશ્ચંદ્રનું ઉત્તમ સર્જન છે. અર્વાચીન કવિઓમાં સુરેશ દલાલ, હરીન્દ્ર આદીની નિવાપાંજલિઓ ભાવાભિવ્યક્તિની દ્રષ્ટિએ શોકોર્મિકવિતાની , ઝરણ સુધી પહોંચી જાય છે. દા.ત. સુરેશ દલાલની 'ગાંધી', 'નક્ષીબોને' અને 'કલાપીને' તેના દ્રષ્ટાંત છે. લલિતની નિવાપાંજલિઓ કરતાં અર્વાચીન કવિઓની રચનામાં કાવ્યતત્વ, મૌલિક અન્વય, ચમત્કૃતિ અને પ્રયોગશીલતા વધુ છે. હરિશ્ચંદ્રને બાદ કરતાં બાકી બધાજ સાહિત્યકારો ગુજરાતી સર્જકો અને મહાનુભાવો પર નિવાપાંજલિ આપે છે એમાં સર્વત્ર પ્રણામ, સ્વભાવ, સ્વીકાર અને સદ્ભાવ યુક્ત અંજલિ વિશેષ જોવા મળે છે. પણ કાવ્યત્વ અને કલાતત્વની દ્રષ્ટિએ હરિશ્ચંદ્રના મુક્તકો

મળે



kalpana's

ઘણી ઊંચી કવિતા છે.

કોઈપણ કાવ્યસ્વરૂપ માટે યથાર્થ એવું વિધાન નિવાપાંજલિ માટે પણ તેટલું જ યોગ્ય છે કે જથ્થા કરતાં કે સંખ્યા કરતાં ગુણવત્તાની દૃષ્ટિએ કોના કયા મુક્તકોમાં ઊંચું સાહિત્યિક મૂલ્ય આંકી શકાય ? અભિવ્યક્તિની અજમાયશનું વૈવિધ્ય અને પ્રયોગશીલતાનો પ્રભાવ સુરેશ મજમુદાર કૃત 'કલાપીને રવીન્દ્રનાથ' અથવા હરિવલ્લભ ભાયાણીના 'પ્રપા'માં અભિવ્યક્તિના વિકાસનો અણસાર મળી રહે છે. હરિશંકર જોષીના મુક્તકો પણ કાવ્યત્વ અને કલાતત્ત્વની નૂતનતા 'પ્રપા' માં છે. શ્રદ્ધાંજલિનો ભાવ પ્રગટ કરતું 'પ્રપા'નું કાવ્યમાં શબ્દોની અંજલિથી વિશેષ પ્રકૃતિમાં અંજલિનો અર્થ પરોવી ભાવને વધારે ચેતનાવાળી અંજલિનું નવું રૂપ, મૌલિકતાથી મઢીને આપે છે.

વ્યક્તિત્વ, પ્રતિભા, શબ્દચિત્ર શોકોર્મિ કવિતાની જેમ નિવાપાંજલિની સહિયારી ઉપજ છે. નિવાપાંજલિમાં પણ મળે છે. શક્તિપુંજની કુહાડી હાથમાં લઈને ઊભેલા અરવિંદનું શબ્દચિત્ર, સૌના અંતરથી એશિયામાં છવાયેલો અંધકાર રવીન્દ્રનું વ્યક્તિત્વ અને 'નમન' કાવ્યમાં દુશ્મનની આંખમાં પણ વસતા ગાંધીને નમનમાં પ્રતિભાનો પરિચય છે. તે છતાં નિવાપાંજલિમાં વ્યક્તિત્વને ઉપસાવનારાં તત્ત્વો મળી આવે છે. 'વીર વિઠ્ઠલભાઈ' માં અંશોમાં વ્યક્ત થતી દેશદાઝ, વીરોના લક્ષણોનો ઉલ્લેખ, એ નિવાપાંજલિના વિશેષ તત્ત્વો છે.

નિવાપાંજલિના અભ્યાસ પછી તત્ત્વની શક્તિ, અનુવાદનું સાહિત્યને પ્રદાન, ભાવાનુવાદ, મૌલિક અભિવ્યક્તિના અણસાર, અને પ્રયોગશીલતાને આધારે કહી શકાય કે શોકોર્મિકવિતા અને શોકાંજલિની પડખે વિકસતી જતી આ નિવાપાંજલિ કાવ્યત્વથી વંચિત નથી ક્યાંક ક્યાંક લાઘવ, કાવ્યત્વ અને કવિપ્રતિભાના અંશો પ્રગટ છે. તે ઉપરથી આશા અસ્થાને નથી કે નિવાપાંજલિ કાવ્યત્વનું કાઠું કાઢશે.



kalpana's

શોકોર્મિકવિતાના 'સ્વરૂપ વિચાર' ના ઉપલક્ષમાં કાવ્યત્વ અંતર્ગત વિવિધ તત્વોના અભ્યાસમાંથી સ્વરૂપના આધાર સ્તંભરૂપ ખાસ કાવ્યવિશેષ

(૧) <u>સ્વજન સંદર્ભ:-</u>

શોકોર્મિકવિતા સ્વજન સંદર્ભે, પ્રિયજન કે ઈષ્ટજનના મૃત્યુ પ્રસંગે લખાતી કવિતા છે. તેમાંથી પ્રગટતી શોકની ભાવાભિવ્યક્તિ રસસિદ્ધાંત અનુસાર ઈષ્ટમરણ અને સ્વજનનાશ વિભાવે આલેખાય છે. તેથી પ્રિયજનના અવસાન પર વ્યક્ત થતો શોક- મૃત્યુજન્ય શોક છે. પ્રિયજનના અવસાનથી વ્યાપેલો શોક રસશાસ્ત્રના મતાનુસાર કાયમી વિરહ કે શોકરૂપે પ્રગટ થાય છે. શોકની ભાવાભિવ્યક્તિ રૂપે શોકોર્મિકવિતામાં શોકના વિવિધ વિભાવાનુભાવ શોકના ઉદ્ગમ તરીકે પ્રયોજાય છે. એ સર્વમાં વિષાદ શોકનો વિભાવ હોવાથી તેની ઉત્તમ ઉપલબ્ધિ પ્રાપ્ત છે. સ્વજન સંદર્ભ શોકોર્મિકવિતાના પ્રાણસમો ઘટક છે. જેમાં (૧) સ્વજનનો અર્થ (૨) આત્મીયતા (૩) વ્યક્તિ વિશેષ મુખ્ય ઘટકો છે.

(૧) સ્વજન - બે સ્વરૂપે શોકોર્મિકવિતામાં ઉલ્લેખ પામે છે.

(અ) પરિવારજનો, મૈત્રી સંબંધો, આત્મીય સંબંધો ધરાવતી વ્યક્તિઓ પ્રિયજન, ઈષ્ટજન કે સ્વજન રૂપે.

(બ) આદરવંત મહાનુભાવો - પ્રેરણામૂર્તિઓ, વડીલો, જાહેરકાર્યોમાંથી અમર કરી ગયેલા વ્યક્તિત્વ.

(૨) <u>આત્મીય ભાવ-</u> વ્યક્તિ ગમે તે હોય પણ તેની સાથે આત્મીય ભાવ એ જ શોકોર્મિનું નિમિત્ત છે. આત્મીયભાવ વિના શોકોદ્ગાર શક્ય નથી. પારિવારિક સંબંધો ઉપરાંત સમાજના શિષ્ટ સંબંધોનો સમાવેશ તેમાં થાય છે. દા.ત. મૈત્રી, ગુરુ શિષ્યના સંબંધો.

(૩) <u>વ્યક્તિવિશેષ</u> :- સદ્ગત સ્વજન કાવ્યમાં અન્યની સરખામણીમાં વ્યક્તિવિશેષ છે. કાવ્ય તેના સંદર્ભમાં છે. તેથી કાવ્યમાં અન્ય ઉલ્લેખો કરતાં



kalpana's

વ્યક્તિ વિશેષનો ઉલ્લેખ વિશેષ હોય. આમ શોકોર્મિના ઘટકો મૃત્યુ, મંથન, ચિંતન અને સમાધાન અનુક્રમે આવતા તત્વો છે.

## (૨) શોકોર્મિકવિતામાં મૃત્યુનું આલેખન–

કાવ્યમાં મૃત્યુજન્ય શોકનું આલેખન હોય છે. મૃત્યુ જીવનનું નિશ્ચિત અનિવાર્ય દુઃખદ સત્ય છે. શોકોર્મિકવિતાની એ ઘટના છે. શોકની અભિવ્યક્તિમાં આત્મીયભાવ અને મૃત્યુ સહિયારો ભાગ ભજવે છે. મૃત્યુ સનાતન વૈશ્વિક ઘટના છે. પણ સ્વજનના અવસાનની અંગત અનુભૂતિનું બિન-અંગત રીતે વૈશ્વિક ફલક સુધી સંવેદનશીલ કલાત્મક આલેખન શોકોર્મિકવિતાનું વિશેષ તત્વ છે.

– મૃત્યુના દર્શનનો નવો દૃષ્ટિકોણ–મૃત્યુની વિભાવનાનો સ્વીકાર, સુધાર અને વિસ્તાર તથા સ્વીકારને પરિણામે ભય અને આતંકને બદલે મૃત્યુને સ્વીકારી, ધાર્મિક ઓપ આપી, દાર્શનિક બનાવી તેનો અર્થ સાચી દિશામાં ઉકેલવાનો પ્રયત્ન શોકોર્મિકવિતામાં મળે છે.

– શોકોર્મિકવિતામાં મૃત્યુનું વિશેષસ્વરૂપ –ચિંતનમાં વર્તાતી સૂક્ષ્મતા ટાળી લાગણી સંવેદનશીલતા વધારી દે તે રીતે મૃત્યુનું આલેખન શોકોર્મિકવિતામાં છે.

– આલેખનકૌશલ્ય પ્રદાન– મૃત્યુ વિશેની વિવિધ અભિવ્યક્તિઓ, પૃથક્કરણ, વિશ્લેષણ, બૌદ્ધિક તર્ક, સ્વરૂપગત પરિચય અને મૃત્યુની સમજ જેવા વિવિધ મુદ્દાઓ નોંધપાત્ર છે. પરંતુ મૃત્યુના માંગલ્યનો વિચાર અને બૌદ્ધિક અભિવ્યક્તિઓ અર્વાચીન લઘુશોકોર્મિકવિતાના કેન્દ્રે શોકોર્મિકવિતાની ઉત્તમ સિદ્ધિ છે.

મૃત્યુના અંગત અનુભવની પાંગરેલી અભિવ્યક્તિઓનાં પગલે સાહિત્યકારે અર્વાચીન ગુજરાતી કવિતામાં પણ મૃત્યુના માંગલ્યની વિવિધ અભિવ્યક્તિઓ



kalpana's

મળે છે. અભિવ્યક્તિમાં પરંપરાથી જુદી પડી પ્રયોગશીલતાના પરિણામે શોકોર્મિકવિતામાંથી મૃત્યુની સંસ્કારજ્ઞ પામેલી વિભાવનાઓ અને મંગલ અભિગમ નિમિત્તે મળતી ઉપલબ્ધિમાં મૃત્યુનું સ્વરૂપ, ઊર્મિકવિતા અને શોકોર્મિકવિતામાં xxxxx આલેખિત મૃત્યુની છણાવટમાં વર્તાતી ભેદરેખા, બદલાયેલી વિભાવનાના પ્રભાવે મળતા નવા સંદર્ભ અને અર્થઘટનો, મૃત્યુના વિવિધ દર્શનો વિશેષ છે.

(૧) મૃત્યુના સ્વરૂપનું આલેખન – બે સ્વરૂપે શોકોર્મિકવિતામાં મળે છે: પરંપરાગત અને પ્રયોગશીલતાના સ્વરૂપે : (અ) પરંપરાગત પદ્ધતિ- શોકના વિવિધ અનુભાવો અને લોકરીવાજ, શિષ્ટાચાર, ધર્મ- પુરાણકથિત માન્યતાઓ, રુદન-વિલાપની પ્રચલિત અભિવ્યક્તિઓ, આત્માનું દેહમાંથી ઉર્ધ્વગમન, પરમાત્મામાં એકરૂપ સ્થિતિ, સૃષ્ટિના સંચાલન- નિયમમાં નિષ્ઠા, આદર, સ્વીકાર, શ્રદ્ધા સાથે The call of unseen = ની માન્યતાનું વૈવિધ્ય મળે છે. (બ) પ્રયોગ- શીલતામાંથી ઉપલબ્ધ સ્વરૂપ –

(૧) મૃત્યુવિષયક મૌલિક ચિંતન, વિચારધારા.

(૨) અન્ય નિમિત્તે – અ. મૃત્યુને મંગલ અભિગમ.

બ. મૃત્યુની હાર અને માનવતા

મૃત્યુપર વિજયના પ્રતીતિકર આલેખનો.

(૩) બૌદ્ધિક ક્લૃપ્તિઓ. (૪) નવા દર્શનો.

(૫) નવીન અર્થસંદર્ભ, અન્વય, વિભાવનાઓ.

(૬) વિવિધ કાવ્યોમાંથી ઉપલબ્ધ મૃત્યુનું સ્વરૂપ.

(૨) મૃત્યુના આલેખનની ભેદરેખા :

(૧) ઊર્મિકવિતામાં – સ્વજન ઉલ્લેખ વિના મૃત્યુ વિષય -મૃત્યુ નિમિત્તે ચિંતન- બૌદ્ધિકતાના સ્તરે છણાવટ. મૃત્યુમાંથી ચિંતનથી ચિંતનોર્મિ અને શોકોદ્ગારથી શોકોર્મિકવિતા.



kalpana's

(૨) શોકોર્મિકવિતામાં– મૃત્યુ સ્વતંત્રવિષય નથી – મૃત્યુની સ્વજનસંદર્ભે પ્રમાણિત ઉદ્ભવ – મૃત્યુ શોકનું નિમિત્ત અથવા ભૂમિકા – ઉત્તેજિત, બાહ્યજગત રહે છે. શોકોર્મિકવિતામાં સ્વજનસંદર્ભમાંથી અનુક્રમે ચાર કાવ્યતત્વો શાખા– પ્રશાખા સ્વરૂપે ઉદ્ભવે છે.

(૧) મૃત્યુ, (૨) મંથન (૩) ચિંતન (૪) સમાધાન ચારેય તત્વોનો સ્વતંત્ર વિકાસ હોવા છતાં પરસ્પર પણ સંગાઢિનો સંબંધ કાવ્યમાં જોવા મળે છે. એમાંથી મૃત્યુ વિશે મુદ્દાવાર ઉપલબ્ધિ જાણ્યા પછી અનુક્રમે મંથન અને ચિંતન પરસ્પર પૂરક પ્રેરક સ્વરૂપે મળતા હોવાથી બન્નેની સંયુક્ત ચર્ચા અને ઉપલબ્ધિનો વિચાર અહીં મૂક્યો છે.

- મંથન – મૃત્યુમાંથી [illegible] દિશામાં કવિતા ગતિ કરે છે. ક્યારેક કોઈ એક જ સીધી દિશામાં ગતિ જોવા મળે છે. તો ક્યારેક બે દિશામાં સાથે વિકાસ મળે છે. બંને દિશામાં કવિતા ગતિ કરે પણ શોકની અભિવ્યક્તિ કાવ્યમાં અનિવાર્ય સ્થાને છે. મૃત્યુથી જાગતી આઘાત અથવા મૃત્યુની વિચારોથી ઘેરાયેલી તંગ માનસિક સ્થિતિ મંથન છે. મૃત્યુથી વ્યાપેલો ઉદ્વેગ, ઉત્કટ મનોસ્થિતિ તેમાં કારણભૂત છે. કવિચિત્તની ઉત્કટતા અને અસ્વસ્થતા તેમાં સ્પષ્ટ તરી આવે છે. સ્વજનના મૃત્યુથી લાચાર બનેલો અને મૂંઝવણની મનની એ સ્થિતિ મંથન છે. ક્યારેક સ્વસ્થતાની શોધ માટેનો તરફડાટ પણ વ્યક્ત થાય છે.

- ચિંતન–શોકોર્મિકવિતામાં મળતા અનેકવિધ ચિંતનોમાં મૃત્યુવિષયક ચિંતન વધતાઓછા અંશે [illegible] અવશ્ય વર્તાય છે. કવિતા અને માનવજીવનને લગતા વિવિધ મુદ્દાઓ પર વિશદ અથવા મુદ્દાસર ચિંતન, તુલનાત્મક રૂપે અથવા સહજ રૂપે, પૃથક્કરણ અને સમાન રૂપે અથવા મૌલિક



kalpana's

ચર્ચારૂપે મળે છે. વિભાવોના વિસ્તૃત વ્યાપને આવરી લેતું બહુરૂપી ચિંતન લાઘવયુક્ત, મુદ્દાસર અને સંક્ષેપમાં છે. છતાં કવિ તે વિભાવના મૂળને સ્પર્શી સુંદર વિશ્લેષણ પણ કરે છે.

- જીવન અને ચિંતન સ્વતંત્રરૂપે રહેવા પરસ્પર પૂરક પ્રેરક રૂપે, છતાં મર્યાદામાં લાઘવજન્ય લક્ષ્યવેધી સમાનતા સાથે વિયોગ, વિષાદ કે શોકના ઉપક્રમે જ ગાવે છે.

૪. <u>સમાધાન</u> :-

કવિચિંતનમાં જાગેલો ઉદ્વેગ, શોક અને તેની ભીતરમાં સ્વજનનું મૃત્યુ- કવિ માટે કાવ્યમાં સમસ્યા છે. સ્વજનના મૃત્યુનો વિકલ્પ નથી એ સમસ્યાની જડ છે. એમાંથી જાગેલી અસ્વસ્થતા, લાચારી, હૈયાવરાળ, શોક, વ્યથા, જીવન-ચિંતનનો પટ છે. પણ સમાધાન શોકોર્મિકવિતા માટે નવો વળાંક છે. એમાં ઉદ્વેગના શમન પછી એક કવિચિત્તની સ્વસ્થતા જોવા મળે છે.

- સનાતન સત્ય શોધન - ઉદ્વેગમાંથી જાગતા ઉકેલો છે. તેનો સ્વીકાર એક માત્ર શોકમુક્તિનો ઉપાય છે. એમાં શાંતિ, સ્વસ્થતાની શક્યતા છે. એનો સ્વીકાર એ જ સમાધાન છે.

- શોકોર્મિકવિતાને પૂર્ણતા -

શોકની ભાવાભિવ્યક્તિ પછી શોકોર્મિકવિતાને પોતાની પૂર્ણતાનો માર્ગ નિશ્ચિત કરી લેવાનો છે. ઘણી શોકોર્મિકવિતા ચિંતન-મનન પછી સમાધાન તરફ વળે છે. તો ઘણાં કાવ્યો શોકની તીવ્ર ભાવાભિવ્યક્તિ પછી કરુણ નિષ્પત્તિના માર્ગે આગળ વધે છે. કવિતા એમ તે એક માર્ગે આગળ વધે પણ કેટલા રસ્તામાં મૂળ શોકની ભાવાભિવ્યક્તિ છે. શોકોર્મિકવિતામાં તેનું સ્થાન કેન્દ્રસ્થાને છે. તેમાંથી જ સમાધાન કે કરુણનિષ્પત્તિ તરફ કવિતા વળે છે.



kalpana's

- શોકોર્મિકવિતાની બે ઉત્તમ ઉપલબ્ધિઓ.
  (૧) મૃત્યુનું માંગલ્ય – કાવ્યાંતે કવિ સ્વસ્થચિત્તે મૃત્યુનું માંગલ્ય સ્થાપે.
  (૨) અંજલિ – સમાધાન પછી સદ્ગત સ્વજનને સુંદર અંજલિ આપે.

અર્વાચીન ગુજરાતી કવિતામાં ઉપરોક્ત લક્ષણોમાંથી વિકસેલી – સ્વરૂપ સંપન્ની, લક્ષણ બધ્ધ શોકોર્મિ કવિતાના ઉત્તમ ઉદાહરણો મળ્યા છે.

૫. <u>શોકની ભાવાભિવ્યક્તિની ક્રિકમુખી વિકાસ</u> :–

શોકની ભાવાભિવ્યક્તિ શોકોર્મિકવિતા માટે અનિવાર્ય અને એક માત્ર ઉત્તમ લક્ષણ છે. શોકોર્મિકવિતા તેનું પ્રાધાન્ય કેન્દ્રસ્થાને સ્વીકારે છે. પણ વિવિધ કાવ્યો તપાસતાં શોકની ભાવાભિવ્યક્તિ બે મુખ્ય પ્રવાહોમાં વિકસતી જોવા મળે છે. નવી શોકની અભિવ્યક્તિના પ્રાધાન્યને કારણે એ બન્ને પ્રકારે વિકસતી કવિતા શોકોર્મિકવિતા તરીકે સક્ષમ બને તેવી છે.

- શોકની ભાવાભિવ્યક્તિ ચિંતન– ચિંતનના સંદર્ભે ઘણા કાવ્યોમાં શોક અને ચિંતનની સમાંતરી જોવા મળે છે. સમાપ્તિમાં ઉતરેલા ચિંતનને હરાવી શોક સર્વોપરીતા સિધ્ધ કરી કાવ્યને શોકોર્મિકવિતાનું ગૌરવ અપાવે છે.
- શોકની ભાવાભિવ્યક્તિ કરુણ નિષ્પત્તિના સંદર્ભે શોકની તીવ્ર ભાવાભિવ્યક્તિ પછી સમાધાન તરફ ન વળતાં કવિતા કરુણ નિષ્પત્તિ તરફ વળે છે. અને તે સમાનુભૂતિ કરાવી એક કરુણ–વિષાદની આસ્વાદ્ય ઉત્તમ શોકોર્મિકવિતા બને છે.

ઉપરોક્ત બન્ને પ્રવાહોમાં શોક મૂળમાં, મુખ્ય છે. તે ચિંતન સાથે હોય કે તેમાંથી કરુણ નિષ્પન્ન થતો હોય પણ એ સત્ય છે કે તે બન્ને સ્થિતિ પહેલાની શોકની ભાવાભિવ્યક્તિ વિષાદમય, ઉત્કટ, તીવ્ર, ઘેરા વિષાદ



kalpana's

વધી, ગહન હોય છે. અને શોકની ભાવાભિવ્યક્તિનો આદર્શ તે અનુસરે છે. માટે શોકોર્મિકવિતા માટે તે અવિચળ પ્રતિભા ઉપજાવી જાય છે. એ બે માંથી એકે તે સ્વરૂપે પૂર્ણતા સિદ્ધ કરતી કૃતિને શોકોર્મિકવિતા તરીકે સ્થાપે છે. છતાં કરુણની જ રસાનુભૂતિ કરાવતી શોકોર્મિકવિતા આપણી ઉત્તમ શોકોર્મિકવિતા છે. એમ સ્વીકારવું પડે કારણ કે રસાસ્વાદ કવિતાનું પરમ ધ્યેય છે.

- સ્વરૂપલક્ષી કાવ્યપ્રકાર 'શોકોર્મિકવિતા'

(૧) ઊર્મિકવિતાના લઘુવિસ્તારોર્મિ વર્ગની શોકોર્મિકવિતાના હાર્દમાં કેન્દ્રસ્થાને શોક અને એમાંથી ફલિત થતા કરુણની રસાનુભૂતિ હોવાથી શોકોર્મિકવિતા નામ ઉચિત છે. ક્યારેક કાવ્યાને આકાર આપતી અંજલિને કારણે તેનો પર્યાય શોકાંજલિ પણ બને છે.

(૨) ઉદ્ગમ, વિકાસ અને ઐતિહાસિક વ્યાપ ઉપરાંત તેમાં આવી આવતાં પ્રકાર-વૈવિધ્યને કારણે સ્પષ્ટ થાય છે કે શોકોર્મિકવિતા કાવ્યપ્રકાર નથી પણ કાવ્યસ્વરૂપ છે. પ્રકારાંતે પ્રકારલક્ષી કવિતા નહીં પણ સ્વરૂપલક્ષી કવિતા છે.

(૩) મૃત્યુ વૈશ્વિક અનુભૂતિ હોવા છતાં શોકોર્મિકવિતામાં તેના અંગતમાંથી બિનઅંગત કરવા સુધીનો વિકાસ અને તેની કલાત્મક અભિવ્યક્તિ શોકોર્મિકવિતાના કાવ્યસ્વરૂપનું મહત્ત્વનું લક્ષણ બને છે.

(૪) કરુણપ્રશસ્તિકવિતાના તમામ લક્ષણો ઉપરાંત અંજલિને આકારતી શોકોર્મિકવિતાની બે ઉત્તમ વિશેષતાઓ એ છે કે તે સંયમયુક્ત અભિવ્યક્તિ આપતી લઘુવિસ્તારોર્મિકવિતા છે. છતાં રચનાકૌશલ, અને પ્રકાર-વૈવિધ્યની દૃષ્ટિએ સમૃદ્ધ કાવ્યરૂપ છે. કરુણપ્રશસ્તિકવિતા દીર્ઘવિસ્તારોર્મિની એક માત્ર કવિતા છે. અને તે પાશ્ચાત્ય Elegy ની લગે



kalpana's

પ્રગિરેલી કવિતા છે તેના કાવ્યો આંગળીને વેઢે ગણી શકાય તેટલા મર્યાદિત છે. જ્યારે શોકોર્મિકવિતા અન્ય લઘુ ઊર્મિકવિતાઓ સાથેની તુલનાથી તરી આવેલી સાહિત્યિક ગુણવત્તા ધરાવતી કવિતા છે. વળી શોકોર્મિકવિતા તો ગુજરાતના સંસ્કાર અને અસ્મિતા પ્રગટાવતી આપણી ગુજરાતી કવિતા છે. વળી શોકની ભાવાભિ-વ્યક્તિ અને કરુણની સ્વાનુભૂતિની દૃષ્ટિએ કરુણપ્રશસ્તિથી ઓછી ઊતરતી નથી.

(૫) સ્વજનના મૃત્યુજન્ય શોકની કવિ મિત્રની વ્યક્તિગત અનુભૂતિની લાગણીનો સહજોદ્ગાર શોકોર્મિકવિતામાં હોવાથી તે આત્મલક્ષી ઊર્મિકવિતા છે.

(૬) જાહેર વ્યક્તિના આદર્શ કરતાં સ્વજનના વિયોગમાં લખાયેલી શોકોર્મિ-કવિતા ચઢિયાતી શોકની અભિવ્યક્તિ આપે છે. કારણ કે Art of Expression ને વરેલી શોકોર્મિકવિતા છે. સમગ્ર વ્યક્તિત્વ કરતાં આત્મીય ભાવના પ્રભાવે વ્યક્તિત્વની કોઈ એકાદ અસર કરી ગયેલો અંશ શોકની સઘન અભિવ્યક્તિનું બીજ છે. ભાવાભિવ્યક્તિ, સ્વાનુભૂતિ અને અન્ય કાવ્યતત્ત્વોના આલેખનમાં કવિકર્મ, બાહ્યાકૃતિ કવિની કાબેલિયત જ ઉત્કૃષ્ટતાની ભેદરેખા સ્પષ્ટ કરી શકે છે.

(૭) અંજલિઓમાં શોકાંજલિ – મૃત્યુ પ્રસંગે લખાતી વિવિધ અંજલિઓમાં શોકની અભિવ્યક્તિમાંથી સાકાર પામતી અંજલિ જ શોકાંજલિ બને છે. કવિ શોકાંજલિમાં ભાવ સાથે વધુ તદ્રૂપ બને છે. અન્ય અંજલિઓમાં કદાચ મૂકદ્રષ્ટા બની રહેવાની સંભાવના છે પણ શોકાંજલિમાં કવિ શોકને અનુભવી અભિવ્યક્તિ આપવાનું કાર્ય કરે છે. તેથી સ્વરૂપના નિયમબદ્ધ રચાતી શોકોર્મિકવિતા કાવ્યતત્ત્વસભર સ્વરૂપબદ્ધ પ્રશસ્ય કવિતા છે.

શોકોર્મિકવિતામાંથી ઉપલબ્ધ શોકનું સ્વરૂપ :-



kalpana's

(૧) શોકોર્મિકવિતામાં વિવિધ પાસાંઓમાં અભિવ્યક્તિ પામતો શોકનું આસ્વાદન પમાણે શોકના મૂળ આદર્શ સ્વરૂપ સાથે સામ્યવૈષમ્ય કે ઉપમાનભાવો સંભવ છે. તે અભ્યાસને આધારે શોકોર્મિકવિતા અંતર્ગત જોવા મળતાં શોકનો સ્વરૂપ વિચાર યોગ્ય ગણાય એ દૃષ્ટિએ કહી શકાય કે કાવ્યોમાં મળતાં શોકના વિભાવાનુભાવ કવિતામાં શોકના ઉદ્ગમ સ્થાનો છે. શોકોર્મિકવિતાના શોકનું એ જ બીજ છે.

(૨) લગભગ કોઈપણ શોકોર્મિકવિતામાં સામાન્યતઃ સદ્ગતના અવસાન નિમિત્તે સ્વજનવિરહ, સ્મરણનો પ્રકોપ, મૃત્યુજન્ય શોકની ભાવાભિવ્યક્તિ, કરુણની નિષ્પત્તિ અથવા શાંતિ, રુદન, ચિંતન, સમાધાન, શોકની સર્વોપરીતા, અને સંભવિતક્રમે ઉપરોક્ત તત્ત્વોનો વિકાસ જોવા મળે.

(૩) અંજલિ શોકોર્મિકવિતાને શોકાંજલિ બનાવે છે. અહીં શોકાંજલિ એક પ્રશસ્તિકાવ્ય ગણી શકાય પણ એમાં આવતી અંજલિ કાવ્યના મુખ્યભાવ-શોકમાંથી આકાર પામતી હોય છે.

(૪) શિષ્ટાચાર કે મૃતકના તરીકે કવિનું કવિકર્મ શોકજન્ય હોતું નથી પણ કવિના ભાવમાં તે સંવેદનશીલ રહી પ્રફુલ્લ થાય છે. કોઈ એકાદ અનુભાવ વેદક કૃતિને શોકમગ્ન બનાવે છે. વળી સંવેદનની ઊંડી માત્રાની કૃતિ અનુભવ એ રીતે કરાવે છે કે સ્વજનના શોકની ઊર્મિ વ્યક્તિગત - અંગત હોવા છતાં તેની અભિવ્યક્તિ અંગત સુધી, વૈશ્વિક વિસ્તાર સુધી વિસ્તારી કૃતિ ને સર્વાનુભાવી બનાવે છે. મૃત્યુ અને શોક વૈશ્વિક અને સનાતન છે તેથી શોકોર્મિકવિતા આકાર અને સ્વરૂપ બદ્ધ બની જઈ કાવ્યત્વની દૃષ્ટિએ કરુણ પ્રશસ્તિની ટોચ સુધી પહોંચી જાય છે. ભાવ સમૃદ્ધિ અને સહાનુભૂતિની અસીમતા કરુણ-પ્રશસ્તિ અને ઉત્તમ શોકોર્મિકવિતામાં જોવા મળે ત્યારે આ બન્ને કવિતાની, કાવ્યત્વ અને સહાનુભૂતિ સિવાય માત્ર દીર્ઘશોકોર્મિ અને લઘુશોકોર્મિકવિતાનું પ્રકાર વિભાજન જ ભેદરેખા ઊભી કરે છે.



kalpana's

થી શોકોર્મિકવિતાના સ્વરૂપની સિદ્ધિ બની જાય છે.

(૫) શોકોર્મિકવિતાના શોકની ભાવાભિવ્યક્તિ અને કરુણની આસ્વાદ્યતામાં મુખ્ય તત્ત્વો ઉપરાંત શોકોર્મિમાં સંક્ષિપ્તિ અનિવાર્ય બની જાય છે. આધુનિકતાના જ વળાંકો સાથે સતત સુધરતી આવતી શોકોર્મિકવિતાના વિકાસમાં વિવિધ તબક્કે પ્રયોગશીલતા અને શૈલીની વિવિધતાનો ફાળો નાનો સૂનો નથી શોક – સમાનતત્ત્વ હોવા છતાં શોકોર્મિમાં જોવા મળતી તેની અભિવ્યક્તિની વિવિધતા શોકોર્મિમાં જોવા મળતી તેની અભિવ્યક્તિની વિવિધતા શોકોર્મિનો વૈભવ છે. આ વૈભવના મૂળમાં શોકના ભાવનો કોઈને કોઈ વિભાવાનુભાવ બીજ રૂપે ધરબાયેલો છે અને કાવ્યકૃતિ તેનો જ વિસ્તાર છે. વિનિયોજનની વિવિધ પ્રક્રિયાઓ, વિવિધ પ્રયુક્તિઓ ઉપરાંત કાવ્યતત્ત્વોનું સમ્મોલ આસ્વાદ્ય શોક નામે તૈયાર થાય છે.

(૬) શોકોર્મિકવિતામાં શોકના ભાવ ઉપરાંત, દાંપત્ય, મૈત્રી, ગુરુ- શિષ્ય, ભ્રાતૃભાવ, પૂજ્યભાવ, સ્નેહ જેવા અન્ય ભાવોમાંથી શોકની અનુભૂતિ તીવ્ર બને છે. તે પ્રકારે વાત્સલ્ય, શૃંગાર, સદ્ભાવ, વીર રસમાંથી કરુણમાં થતી સંક્રાંતિ પરથી અવશ્ય કહી શકાય કે શોકોર્મિકવિતામાં ભાવસંક્રમણ અને રસ સંક્રમણના વિપુલ પ્રયોગો થયા છે. અને તે શોકોર્મિકવિતાના સ્વરૂપ માટે ફળદાયી નીવડ્યા છે. તમામ પ્રકારનું વૈવિધ્ય હોવા છતાં, શોકોર્મિકવિતા શોકના પ્રાધાન્યને મૂકતી નથી કે કરુણને ભૂલતી નથી એ પરથી શોક અને કરુણ બાબતે એકંદરે શોકોર્મિકવિતાનો મુદ્રાલેખ બની ગયાં છે. આ વિધાનની ખાતરી ઉત્તમ વિષાદ કાવ્યો અને શોકોર્મિકવિતા પરથી થશે.

(૭) વ્યક્તિવિશેષના શોકોર્મિકવિતાના સદ્ગત સ્વજનના શોકનિમિત્તે કાવ્યમાં વિશેષ સ્થાને છે. પાત્ર પરોક્ષ છતાં મુખ્ય સ્થાને છે. અર્થ ધર્મ, સંસ્કૃતિ, લોકરીવાજ, વ્યક્તિગત જીવન, સેવા, કાર્યો,



kalpana's

પ્રભાવ પછી તેમનું પાત્ર નિર્માણ થતું હોય છે. પણ આ સર્વ શોકની સઘન અભિવ્યક્તિના નિમિત્ત માત્ર છે. શોકોર્મિકવિતામાં વ્યક્તિ-વિશેષનું આલેખન બે સ્વરૂપે મળે છે. પ્રિયજન હોવાના નાતે મૃત્યુ-જન્ય શોકના અભાવમાંથી અથવા સદ્ગત મહાનુભાવના જીવન, કાર્ય-સ્વભાવ કે પ્રભાવની અસર રૂપે શોકની ભાવાભિવ્યક્તિ મળે છે. આ અસર પણ બે પેટા સ્વરૂપોમાં વહેંચી શકાય મોટાભાગના કાવ્યોમાં સદ્ગતનો પ્રભાવ વ્યક્ત થાય છે. પણ તેવી કૃતિઓ કૃતિ તરીકે સારી કદર પામે છે. પણ સદ્ગતના આદર્શોનો પ્રાસ અને તેમાંથી જાગતો શોક કાવ્યને શોકોર્મિની ઓળખ અપાવે છે.

(૮) અનુભાવના ઉદ્ગમમાંથી વિસ્તરતો શોક સમષ્ટિની સ્તરમાં વ્યાપી, કાવ્યાંતે પાછો કેન્દ્રમાં આવતો અને કેન્દ્રમાંથી વેરાતો, વિસ્તરતો લાગે છે. શોકની અભિવ્યક્તિની આ રચના (સંઘટન) કલાત્મક અને રસસભર છે. શોકની અકળામણે અભાવ અને આત્મીયભાવ આત્મીયભાવ છે. જ્યારે મૃત્યુ ચિંતનના સ્તરે ચડે ત્યારે શોકની અભિવ્યક્તિ તેની સરસાઈ કરી તેને નામશેષ કરે શોકની જ સર્વોપરીતા સ્થાપે છે. ત્યાં શોકની સઘન અભિવ્યક્તિ કાવ્યત્વની ઊંચી માત્રા વધારે છે. તેવી કૃત્રિમ કૃતિઓમાં શોકોર્મિનું પ્રકારસ્વરૂપ - કાવ્યસ્વરૂપ સાંગોપાંગ સચવાયું લાગે છે.

(૯) શોકની અભિવ્યક્તિ માટે લય રુદનને રાગ શોધવો પડતો નથી તે સાથે લયને લઈને પ્રગટે છે તે રીતે શોકોર્મિકવિતાને પોતાનો આગવો લય છે. શોકોર્મિકવિતામાં આના પ્રકાર વૈવિધ્યને તપાસતાં લાગે છે કે લય, કાળજાળી કૃતિઓમાં [illegible] વિલાપ, વિષાદ, હોય એ [illegible] સ્વાભાવિક છે પણ અન્ય કૃતિઓમાં પણ પંક્તિઓમાં, પંક્તિખંડોમાં લય આવતો છે.



kalpana's

(૧૦) લાઘવને વરેલી લઘુકવિતા આત્મલક્ષી ઊર્મિ કાવ્યરૂપે શોકોર્મિકવિતા છે. સોનેટ પછી આઠ, દસ પંક્તિઓથી પણ ઓછી પંક્તિ, ચતુષ્ક, યુગ્મ અને હાયકુ સુધી લાઘવને પામતી, જન્માવતી કવિતાના સંખ્યાબંધ દૃષ્ટાંતો ઉત્તમ, વેધક ભાવાભિવ્યક્તિનો અનુભવ કરે છે. તેનો અભ્યાસ કરતાં જાણે લઘુવિરહોર્મિની કવિતા તરીકે શોકોર્મિકવિતા પૂર્ણ થવાનો પુરસ્કાર કરે છે. એટલે તે લઘુવિરહોર્મિની, લાઘવયુક્ત આત્મલક્ષી ઊર્મિકવિતાનું ઉત્તમ લક્ષણ ચરિતાર્થ કરે છે.

(૧૧) લાગણીના અણોદ્ગાર રૂપે પ્રગટ થતી હૃદયના ઉદ્ગારની સંવેદનની અભિવ્યક્તિ તરીકે શોકની અભિવ્યક્તિને સ્વીકારણ કરતાં નીજી લય, સરળ શબ્દોમાં આવતી વેધકતાનું અને ઘેરા વિષાદનું રૂપ હોય છે. એના શોકને વ્યક્ત થવા માટે ઊંચા શબ્દોની પસંદગી નિમિત્તે સમાનો વ્યથના પાળે કારણ કે ઉદ્ભવ સાથે જ ઉદ્ગારને પોતીકો લય હોય છે. તેની સહજતા, સરળતા, સઘનતા એકરસતા આયાસથી જોખમાય છે. તેને બદલે રૂઢ શબ્દોમાં નવીન અર્થો, વ્યંજના અને નવા અભિગમ, આલંકારિકતા, ઊંડા તાગ પામી અનુભવ કરાવતા અર્થના ઊંડાણ અને અન્વયનું કૌશલ શોકની અભિવ્યક્તિને ઘણે વધુ ધારદાર બનાવે છે.

(૧૨) શોકની સઘન અભિવ્યક્તિ ઉત્તમ રસાનુભૂતિ કરાવે છે. કાવ્યનું અંતિમ ધ્યેય તો રસાસ્વાદ જ છે ને? અન્ય ભાવમાંથી ભાવસંક્રમણ થે પછી રસનિષ્પત્તિ યોજાતી ઊંડી કાવ્યની રસાત્મકતા પણ વધારી દે છે શોકોર્મિકવિતામાં રહી કરુણની રસાનુભૂતિ શોકની સઘન અભિવ્યક્તિમાંથી મળે છે. અર્થાત્ શોકોર્મિકવિતાની ભાવાભિવ્યક્તિ અને રસાનુભૂતિ રસસિદ્ધાંત અને રસશાસ્ત્રના નિયમ પ્રમાણેની હોવાથી શાસ્ત્રોક્ત હોવાથી શોકોર્મિકવિતાનું સ્વરૂપ-નિયમબદ્ધ છે અને

શોકોર્મિકવિતા પણ સ્વરૂપબદ્ધ કવિતા છે. સંચારીભાવ વિવિધ
વિભાવાનુભાવના ઉદ્ગમ સ્થાનોનું વૈવિધ્ય શોકોર્મિ કવિતાની
ભાવાભિવ્યક્તિનો વ્યાપ (અને સમૃદ્ધિ) છે. પરંતુ અભ્યાસને આધારે
સ્પષ્ટ થાય છે કે એક પણ શોકોર્મિકવિતામાં રુદનને શોકના ઉદ્ગમ-
સ્થાન તરીકે પ્રાધાન્ય નથી અપાયું અને રુદનના ઉલ્લેખ ગૌણ છે.
કારણ કે બ.ક.ઠા. ના મતાનુસાર રુદન શોકની ઉતરતી કક્ષાની
અભિવ્યક્તિ છે. તેમાં કલાત્મકતાનો અભાવની અને અનુભૂતિની સચ્ચાઈના
અભાવની શક્યતા છે. આ બાબત સિદ્ધ કરી દે છે કે શોકોર્મિ-
કવિતાનું સ્વરૂપ કલાસંપન્ન છે.

(૧૩) અહીં એક બીજી સ્પષ્ટતા પણ થાય છે કે પ્રસ્તુત શોકની ભાવાભિ-
વ્યક્તિનું સ્વરૂપ અને શોકોર્મિકવિતાનું સ્વરૂપ વિવિધ શોકોર્મિકવિતામાં
માર્મિક છે. સમગ્ર અભ્યાસને આધારે સ્વરૂપની ચકાસણી થાય છે. પ્રત્યેક
શોકોર્મિકવિતામાં નવીનતા કે મહદંશે ઉપલબ્ધ થતો શોક શોકોર્મિ-
કવિતાનું સામર્થ્ય અને પ્રાણતત્ત્વ છે. તે વિવિધ કાવ્યતત્ત્વો, કાવ્ય-
ગુણો અને કવિકૌશલ -કવિકર્મ, ભાષાકર્મના સહીયારા પ્રયત્ન
પ્રયત્નોએ શોકોર્મિકવિતામાં સાંપડે છે. શોકનિર્મિતિ માટે કાવ્યતત્ત્વોની
સહીયારા પ્રયત્ને કેળવણી એજ શોકોર્મિ કવિતાના સ્વરૂપની ઉપલબ્ધિ
છે.

(૧૪) સ્વજન માટેનો આત્મીયભાવ, એકરૂપતા, વિયોગની તીવ્રવેદના,
મિલન આદિના વલણોમાંથી શોક તીવ્ર અભિવ્યક્તિ પામી કરુણ
હૃદયદ્રાવક બનાવે છે. આયાસ વિના બીજી રૂપે પ્રગટતો શોક જ તેનું
એક સાહજિક રૂપ છે. લાગણીના ઉદ્ગાર નો અર્થ પણ એ સ્વરૂપે
બહાર આવતા શોકમાં જ છે. રસશાસ્ત્રના નિયમાનુસાર સુખ દુઃખને
વેઠું બનાવે એ સિદ્ધાંત પ્રમાણે સુખના સ્મરણો શોકોર્મિમાં દુઃખદ નીવડે
છે શોકની ગહન અનુભૂતિ જ્યારે અભિવ્યક્તિ સ્વરૂપે નિરંતરી વૈદિક



kalpana's

અનુભૂતિ બને અને કાવ્યગત અન્ય તમામ તત્ત્વોની તુલનામાં શોકની અભિવ્યક્તિ સર્વોપરી બને ત્યારે કૃતિ અંત મરી જઈ સત્ત્વશાળી કલાકૃતિ — શોકોર્મિકવિતા બની જાય છે.

શોકોર્મિકવિતામાં કાવ્યે કાવ્યે જુદી જુદી આવતી શૈલી પણ સાધનની જેમ ઊર્મિકવિતાનું મહત્ત્વનું લક્ષણ છે. નિરૂપણ, નાટ્યાત્મકતા, એકોક્તિ, વર્ણનશૈલી જેવી વિવિધ શૈલીઓ શોકોર્મિકવિતામાં મળે છે. શૈલી કાવ્યનું પોત છે, અને એમાં શોકનો ભાવ સહજ છવાઈ જાય છે. આત્મવેદના, કવિહૃદયની ચોટ, મૃત્યુની આકસ્મિકતા, આઘાત અને લાગણીઓ એને શોક જ ઘોળે છે. વેદનાસભર શોકની અભિવ્યક્તિ જ શોકોર્મિકવિતાની એક માત્ર ઓળખ છે. શોક ક્યારેક રુદન રૂપે પણ પ્રગટ થાય છે. કરુણા, વિષાદ અને આઘાત પણ તેના જ રૂપો છે. શોકોર્મિકવિતામાં વિવિધ અલંકારો દ્વારા xxxxxx અવસાનનો ઘેરો વિષાદ કવિ કાવ્યે અભિવ્યક્તિ પામે છે. શૈલીમાં આવી આવતી વક્રોક્તિ, આલંકારિકતા, કટાક્ષ, વિરોધાભાસ, અને અન્ય શૈલીના જ રૂપો છે. જુદા જુદા પરિપ્રેક્ષ્યમાં જોતા છતાં શોકોર્મિકવિતાના કેન્દ્રમાં શોકની અભિવ્યક્તિનું પ્રસ્તાર થાય છે. એમાંથી સ્પષ્ટ થાય છે કે શોકની અભિવ્યક્તિ વિનાની શોકોર્મિકવિતા અશક્ય છે.

શોકોર્મિકવિતામાં કેન્દ્રસ્થ રહેલા કરુણરસનો સ્થાયીભાવ શોક છે. તેથી જ કાવ્યમાં શોકની ઊર્મિના પ્રાધાન્યને કારણે તેવી કવિતાને 'શોકોર્મિકવિતા' તરીકે ઓળખવાનું ઉચિત લાગે. શોકનો વ્યભિચારી ભાવ વિષાદ —શોકોર્મિકવિતામાં મૃત્યુ નિમિત્તે ઉદ્ભવેલા તીવ્ર વિરહ- વિયોગ સ્વરૂપે આલેખાયો હોવાથી બહુ વિષાદકાવ્યો આપણા પ્રથમ હરોળના શોકોર્મિકાવ્યો છે. વિષાદકાવ્યોમાં ઊંડી માત્રામાં આલેખાયેલા વિષાદને તો જોતાં એવું લાગે છે કે વિષાદકાવ્ય એટલે શોકનું જ એક રૂપાંતર...

બહુ વિષાદકાવ્યોમાં પારિવારિક સભ્યોની આત્મીય ભાવના સમાજમાં અપેક્ષિત ભિન્ન સ્વરૂપોમાં સ્વજન તરીકેના સંબંધોમાંથી ઘેરા વિષાદની



kalpana's

અભિવ્યક્તિવાળાં કાવ્યો મળે છે પણ તેમાં શોકોર્મિકવિતાઓમાં મહદ્‌અંશે જોવા મળતા સ્વજન સંદર્ભ, આત્મીયભાવ મૃત્યુજન્ય શોકવિષાદ, અંજલિનો ભાવ, મૃત્યુનું માંગલ્ય અને રચનાકૌશલની વિશેષતાનું સામ્ય જોવા મળે છે. કેટલાંક વિષાદ કાવ્યો કાવ્યત્વમાં ઉચ્ચ શિખર સમાં છે.

## કરુણની રસાનુભૂતિ :-

શોકોર્મિકવિતાનું ઉત્તમ અને અનિવાર્ય લક્ષણ છે. તીવ્ર શોકની સઘન ભાવાભિવ્યક્તિમાંથી કે ઘેરા વિષાદની અભિવ્યક્તિમાંથી કરુણની રસાનુભૂતિ પ્રાપ્ત થાય ત્યારે શોકોર્મિકવિતામાં કાવ્યત્વની પૂર્ણતા પ્રગટે છે. રસાનુભૂતિ બે સ્વરૂપે મળે છે. (

(૧) શોકની અભિવ્યક્તિમાંથી સીધી કરુણની રસનિષ્પત્તિ શોકનાં જ વિવિધ વિભાવાનુભાવ, વ્યભિચારી ભાવ શોકના ઉદ્‌ગમ સ્વરૂપે શોકની સઘન અભિવ્યક્તિ આપે છે.

(૨) કાવ્ય અંતર્ગત વિવિધ અન્ય ભાવો અને તેના વિભાવાનુભાવો દ્વારા એ ભાવાભિવ્યક્તિ અનુસાર રસાનુભૂતિ મળે છે. દા.ત. વાત્સલ્ય રસ, શૃંગાર-રસ, વીર રસ, આ રસમાંથી અંતે તો કરુણમાં જ રસ સંક્રાંતિ થતી હોય છે.

(૩) રસ સંક્રાંતિના સંદર્ભમાં હાસ્ય અને કરુણ, પરસ્પર વિરોધી ચિત્ત-વૃત્તિ - દશામાંથી ઉદ્‌ભવતાં હોવાથી સાથે ના સંભવે છતાં કરુણાભાસ રૂપે હાસ્ય અને કરુણની સહસ્થિતિ કાવ્યમાં આશ્ચર્ય આપે છે. કારણ કે કરુણની હાસ્યાસ્પદ સ્થિતિ જ હાસ્ય સર્જે છે. પણ ઊંડાણમાં કરુણ જ હોય છે.

(૪) શોકોર્મિકવિતામાં મળતાં હાસ્ય અને કરુણના સમન્વયનું વિશેષ તત્વ.

૧. સ્મિત, હાસ્ય અને અટ્ટહાસ્ય જેવાં વિવિધ સ્વરૂપોમાં મળે.
૨. કરુણ નિમિત્તે મળે છે. (હાસ્ય)
૩. કાવ્યોમાં કરુણની હાસ્યાસ્પદ સ્થિતિ જ કરુણ સર્જે છે.
૪. હાસ્યમાંથી ગંભીર સંદર્ભ રચાતાં કાવ્ય કરુણ ગંભીર બને છે.



kalpana's

૫. હાસ્યનો ઉલ્લેખ અથવા વિસ્તારથી હાસ્યનું આલેખન મળે છે.

૬. કરુણ વિડંબન અથવા કરુણાભાસ ને કારણે હાસ્ય અને કરુણની સહસ્થિતિ સંભવે છે.

૭. વાત્સલ્યમાંથી હાસ્ય અને હાસ્યમાંથી કરુણની રસસંક્રાંતી મળે છે જેથી રસ છે.

૮. શોકના સંચારી ભાવ અને અનુભાવોના અનુકરણમાંથી હાસ્ય નિષ્પન્ન થાય છે.

શોકોર્મિકવિતામાં મળતો કરુણ રસ :-

શોકોર્મિકવિતામાં મળતો કરુણ રસ શુધ્ધ સ્વરૂપે થતી રસાનુભૂતિ છે. કવિચિત્તમાંથી અભિવ્યક્તિ પામતો તીવ્ર શોક જ ભાવક માટે રસનિષ્પત્તિ બની જાય છે. ભાવકના ચિત્તમાં શોક જ રસ નિષ્પત્તિરૂપે અનુભવાય છે. પ્રત્યેક રસ મૂળભૂત આનંદમય જ હોવાથી શોકજન્ય હોવા છતાં તેમાંથી નિષ્પન્ન થતો કરુણ રસ અંતે આસ્વાદ માટે આનંદમય બની રહે છે. એમાં કલા સૌષ્ઠવ પણ સચવાઈ જાય છે. રસ નિષ્પત્તિ અને રસ સંક્રાંતિની અન્ય મહત્વની વિશેષતાઓ પણ નોંધી શકાય.

૧. શોકોર્મિકવિતામાં કરુણની રસાનુભૂતિ બે સ્વરૂપે મળે છે. કરુણની રસનિષ્પત્તિ અને રસ સંક્રાંતી.

૨. એક રસમાંથી બીજા રસની સંક્રાંતી રૂપે રૌદ્રરસમાંથી કરુણરસ મળે છે. રૌદ્રના અનુભાવ શોકના વિભાવ છે.

૩. એક રસના ફલ સ્વરૂપે બીજા રસ રૂપે વીર રસમાંથી કરુણ રસ મળે છે.

૪. રૌદ્રમાંથી કરુણ તેમજ કરુણરસમાંથી શાંતરસમાં કાર્ય-કારણનો સંબંધે રસ પ્રક્રિયા થાય છે.

૫. હાસ્યમાંથી કરુણ રસાભાસ રૂપે મળે છે.

૬. શાંત રસ અને કરુણ રસની ગૂંથણી વિશેષ એ રીતે છે કે અન્ય રસમાંથી કરુણરસ સંક્રાંત થાય છે પણ કરુણરસમાંથી શાંત રસની સંક્રાંતી થાય છે.



kalpana's

કરુણ અને શાંતરસની સંક્રાંતિના કાવ્યોમાં અંતે શાંતરસ મળે જ્યારે શાંતરસ સિવાયના અન્યરસમાંથી અંતે કરુણરસ મળે સંક્રાંતિ પછી પણ કરુણ નામશેષ થતો નથી. શોકોર્મિકવિતા – કાવ્ય પ્રકાર નહીં કાવ્ય સ્વરૂપ – શા માટે ?

શોકની સંવેદના અને કરુણની રસાનુભૂતિ જ તેનું પ્રાણતત્વ છે. અનેક પ્રકારના કાવ્યોનું પ્રકારવૈવિધ્ય જોતાં સ્પષ્ટ થાય છે કે શોકોર્મિકવિતા કાવ્યપ્રકાર નથી પણ કાવ્યસ્વરૂપ છે. અને એ સ્વરૂપ કોઈપણ પ્રકારમાં લખાયેલી કવિતામાં સર્વવ્યાપી છે. કરુણપ્રશસ્તિના શબ્દો તેની વિશેષતા લાઘવને કારણે લઘુવિરહોર્મિકવિતા નહીં કે છે.

કરુણપ્રશસ્તિમાં મોટાભાગના લક્ષણોનું સામ્ય ધરાવતી શોકોર્મિકવિતાને, કરુણપ્રશસ્તિથી જુદા પાડતાં થોડાંક લક્ષણોમાં લાઘવ, મૃત્યુનું માંગલ્ય, અને અંજલિ વિશેષતત્વો છે. તેનું કાવ્યબીજ અને શોકની અભિવ્યક્તિનું કારણ વિશ્વવ્યાપી સનાતન ઘટનાના (મૃત્યુના) વણઉકલ્યા રહસ્યમાં છે. તેથી જ અંગત અનુભૂતિ બિનઅંગત સ્થિતિ કક્ષા સુધી વિસ્તરી શકે છે. તેમાં થતી રસપ્રક્રિયા પણ રસસિદ્ધાંત અનુસાર થાય છે. તેથી શોકોર્મિકવિતાનું સાહિત્યિક મૂલ્ય ઊંચું છે. કોઈપણ કાવ્યપ્રકારમાં અંજલિનું નિરૂપણ થાય તેના કરતાં વધુ યોગ્ય રીતે અંજલિ શોકોર્મિકવિતામાં મળે છે. શોકોર્મિકવિતાના સ્વરૂપની અંજલિ ની ખાસ વિશેષતા છે. કોઈપણ પ્રકારમાં લખાયેલી પરંતુ તે શોકોર્મિકવિતા હશે તો તેમાં શોકોર્મિકવિતાના લક્ષણો અવશ્ય મળશે. સંખ્યાબંધ શોકોર્મિકવિતામાં મળતી સમાનતાઓમાંથી શોકોર્મિકવિતાના લક્ષણો નક્કી કરાયા છે. કોઈપણ કવિતામાં કાવ્યત્વનું અંતિમ ધ્યેય રસનિષ્પત્તિ અને રસાસ્વાદનું હોય છે. તે સિદ્ધાંત પ્રમાણે કરુણની રસાનુભૂતિમાં શોકોર્મિકવિતાનું કલાસૌષ્ઠવ પૂર્ણતા પામે છે. મૃત્યુનો પ્રસંગ, શોકની જ અભિવ્યક્તિ અને કરુણની રસાનુભૂતિનું બધા જ કાવ્યોમાં સામ્ય હોવા છતાં વિવિધ અનુભાવોમાંથી ઉદ્ભવતી અભિવ્યક્તિનો



kalpana's

વૈભવ અને રસનો કાવ્યે કાવ્યે માત્રાફેર શોકોર્મિકવિતાની કલાત્મકતા અને કલા સૌષ્ઠવનું વાઈ છે. શોકોર્મિકવિતામાંથી સર્જક અભ્યાસમાંથી મળતી તારવણી રૂપ સમાનતાઓ જ શોકોર્મિકવિતાને ઓળખાવનારાં તત્ત્વો છે તેથી તેને આપણે શોકોર્મિકવિતાના લક્ષણો કહીએ તો અસ્થાને નથી. બદલાતા પાત્ર, પ્રસંગ, પરિસ્થિતિ, વિભાવાનુભાવો, રસનિષ્પત્તિ-વગેરેની રચના, તેના વૈવિધ્યનો વૈભવ છે. એમાંથી ઉપસી આવતા કાવ્યતત્ત્વો તેના નોંધપાત્ર કલાંશો છે. એ ઉપરાંત શોકોર્મિકવિતાના ગુચ્છકાવ્યો એ કલાત્મકતાની વિશેષ વાત છે. શોકની સઘન અભિવ્યક્તિ અને ઘેરા વિષાદનું નિરૂપણ શોકોર્મિકવિતાનો પ્રાણ છે. શોકોર્મિકવિતા તેથી શોક અને કરુણને વરેલી કવિતા છે. એમ કહેવું યથાર્થ લાગે છે.

શોકોર્મિકવિતામાં આલેખાતો વિષાદ બે સ્વરૂપે આવે છે. મૃત્યુને જાણ્યાની ગડમથલ, અગમ્ય નિષ્ફળતા અને લાચારીમાંથી જન્મતો વિષાદ અને પ્રિયજનના મૃત્યુને કારણે કાયમી વિયોગના દર્દરૂપે પ્રગટતો વિષાદ, પણ વિષાદની એકધાર સ્વાનુભૂતિ છે. અને તે કરુણની સ્વાનુભૂતિ આપણા શોકોર્મિકાવ્યોમાં ઘેરા વિષાદને વ્યક્ત કરતી કવિતાઓને તેથી જ બ.ક.ઠા. 'બહુવિષાદ કાવ્યો' તરીકે ઓળખાવે છે. એ દૃષ્ટિએ વિષાદ શોકોર્મિકવિતાનું લક્ષણ જ છે.

શોકોર્મિકવિતામાં ઉપલબ્ધ વિશેષ તત્ત્વો :-

૧. શોકોર્મિકવિતામાં સુખદ ભૂતકાળના સ્મરણો દુઃખદ વર્તમાન તરીકે વિષાદ જગાવે છે.

૨. કાવ્યોમાં વળતુ ચિંતન, ગદ્ય કરતાં વિશેષ ભાવવાહી સંવેદન અને આસ્વાદ્ય હોય છે.

૩. શોકોર્મિકવિતાના કાવ્યત્વ માટે કવિકૌશલ જ મોટો ભાગ ભજવે છે.

૪. શોક અને કરુણના ભાવ માટે છંદકૌશલ પણ એને કવિ(કથ્યનું) કૌશલ જ પુરવાર કરે છે. ગમે તે છંદમાં કવિ પ્રતાપે કરુણ નિષ્પન્ન થઈ શકે છે.



kalpana's

૫. મૂળ તત્ત્વોની માવજત જળવાય તો શોકોર્મિકવિતા એક સારી કલાકૃતિ બને.

૬. શોકોર્મિકવિતાનું સ્વરૂપ Art of Expression ના સિદ્ધાંતને વરેલું કાવ્ય સ્વરૂપ છે.

તારવણી પછીની શોકોર્મિકવિતામાં મળી આવતા લક્ષણરૂપ સમાન તત્ત્વો:

૧. ઇષ્ટજન વધ, પ્રિયજનના મૃત્યુનો કાવ્યથી શોકનું આલેખન.
૨. ઉત્તમ અભિવ્યક્તિ માટે આત્મીયભાવ અનિવાર્ય.
૩. એક જ ભાવ શોક અથવા અન્યભાવોની અભિવ્યક્તિ.
૪. મૃત્યુનિર્દેશ અને મૃત્યુજન્ય શોક.
૫. મૃત્યુજન્ય શોકમાંથી ઘેરા વિષાદની અભિવ્યક્તિ.
૬. શોક અને વિષાદમાંથી કરુણની અભિવ્યક્તિ
૭. અન્ય ભાવ અને રસમાંથી રસસિદ્ધાંત પ્રમાણે રસસંક્રાંતિ.
૮. રસાનુભૂતિથી આસ્વાદ અને આનંદની પ્રાપ્તિ.
૯. મૃત્યુનું માંગલ્ય.
૧૦. અંજલિ.
૧૧. મૃત્યુજ કાવ્યની ઘટના.
૧૨. કાવ્યમાં સદ્ગતના કાવ્યની વિયોગની તીવ્રતા , દૈન્ય.
૧૩. છંદવૈવિધ્ય અને કૌશલ્ય.
૧૪. કલાસૌષ્ઠવની પૂર્ણતાની પ્રતીતિ.

શોકોર્મિકવિતાની સમૃદ્ધ ભાવાભિવ્યક્તિ – શોકોર્મિકાવ્યોમાં વિવિધ કલાતત્ત્વોનો ઉચિત સમન્વય અને અલંકારો સફળ પ્રયત્ન કૃતિમાંથી કલાકૃતિ સર્જે છે. એ વિવિધ કલાતત્ત્વોના આલેખન અને સમન્વયની કવિસૂઝ, કવિકર્મ અને વિવેક તેમજ સામર્થ્ય અભિવ્યક્તિનું કૌશલ છે.

૧. રૂપક-વિવિધ ઉપકરણોમાંથી રૂપક દ્વારા સબળ અને સફળ અભિવ્યક્તિ



kalpana's

શોકોર્મિકવિતાના પ્રકારવૈવિધ્યમાં સર્જન મળે છે કાવ્યત્વને કલાત્મકતા બક્ષવામાં તેનો સિંહફાળો છે.

અભિવ્યક્તિના સામર્થ્યની દૃષ્ટિએ વિવિધ મુદ્દાઓ:

- (૧) <u>રૂપકની પસંદગી</u> - ધાર્મિક, પૌરાણિક, સાંસારિક, સામાજિક પ્રસંગો અને વ્યવહારોમાંથી તેમજ પ્રાકૃતિક દૃશ્યો, પરિસ્થિતિઓ પળોમાંથી પસંદગી.
- (૨) <u>રૂપકનું આયોજન</u> :- બે સ્વરૂપે ઉપલબ્ધ છે. કાવ્યનું રૂપક - સમગ્ર ભાવવિશ્વની અખિલાઈ તાદૃશ કરતું સાદ્યંત એક જ રૂપક.
  કાવ્યમાં રૂપક - નાના રૂપકોથી કડીબદ્ધ, ક્રમબદ્ધ ભાવ વિકાસ
- (૩) <u>રૂપકનું વિનિયોજન</u>:- ત્રણ તબક્કે મળે છે.
  - જૂના રૂપકો દ્વારા પરંપરાગત અર્થસંદર્ભ.
  - જૂના રૂપકો દ્વારા નવીન અર્થસંદર્ભ.
  - તદ્દન નવા રૂપકોની પ્રયોગશીલતા.
- (૪) ભાવાભિવ્યક્તિ માટે રૂપકનું સામર્થ્ય.
  - x(૧) શોકોર્મિકવિતાના સ્વરૂપગત લક્ષણો અને કાવ્યતત્ત્વોની ઉત્તમ અભિવ્યક્તિ દા.ત. સ્વજનસંદર્ભ, મૃત્યુ, વ્યક્તિ-વિશેષનો પરિચય, મૃત્યુનું માંગલ્ય, અંજલિની ઉત્તમ અભિવ્યક્તિ.
  - (૨) શોકોર્મિકવિતાના મુખ્ય કાવ્ય [illegible] તત્ત્વોના આલેખનમાં રૂપક એક સફળ ઉપકરણ.
  - (૩) વિવિધ કાવ્યગુણો અને કાવ્યાત્મકતા ખીલવવામાં રૂપકનો ઉત્તમ ફાળો.
  - ૧. શોકોર્મિકવિતાના કોઈપણ પ્રયોજનને સિદ્ધ કરવા રૂપ સમર્થ ઉપકરણ.
  - ૨. ક્રિયાશીલતા, ગતિશીલતા, ચિત્રાત્મકતા, તાદૃશતા, સુરેખ



kalpana's

આલેખન, વિભાદ અને વિયોગની ઉત્કટતા, આત્મિની વ્યાપકતા, ભાવની અભિલાઈ, અને પ્રયોગશીલતામાં અભિવ્યક્તિમાટેનું રૂપકમાં ઉત્તમ સામર્થ્ય.

- (૫) ભાવાભિવ્યક્તિમાં રૂપકથી સંપન્ન થતી ઉપલબ્ધિઓ :-
  - રૂપક અને અન્યોક્તિના ઉત્તમ શોકોર્મિકાવ્યો.
  - સાંગોપાંગ સાદ્યંત રૂપકથી સહજ ઉત્તમ અભિવ્યક્તિ આપતા રૂપકાં શોકોર્મિકાવ્યો.
  - નાના રૂપકો દ્વારા વ્યક્તિત્વના ગુણો દ્વારા ક્રમિક પધ્ધતિથી પૂર્ણ વ્યક્તિત્વ વિકાસ.
  - કવિસૂઝથી સર્જતી અભિવ્યક્તિમાં ચમત્કૃતિ.
  - ભાવાભિવ્યક્તિ અને રસનિષ્પત્તિ અને રસસંક્રાંતીના ઉત્તમ દ્રષ્ટાંતો.
  - શોકોર્મિકવિતાના કાવ્યસ્વરૂપ અંતર્ગત પ્રકાર વૈવિધ્યમાં સર્જક રૂપકના વિનિયોજનથી આવતી ભાવપોષક અભિવ્યક્તિ.

શોકોર્મિકવિતામાં આલંકારિકતા :-

ભાવાભિવ્યક્તિના કોઈપણ તબક્કે આલંકારિકતા લાઘવયુક્ત આલેખનની મર્યાદા પાળી સઘનતા સાધે છે. અને સુરેખ તાદ્રશતા બક્ષે છે.

- અલંકારોનું વૈવિધ્ય- ઉપમા, ઉત્પ્રેક્ષા, શ્લેષ, દ્રષ્ટાંત, સજીવારોપણ, વિરોધાભાસ, વર્ણસગાઈ, રૂપક, અતિશયોક્તિ અને અન્યોક્તિમાં વધુ આલેખન.
- વિનિયોજનથી સિધ્ધ થતું પ્રયોજન.
  (૧) સુરેખ, સઘન, તાદ્રશ, સચોટ, અસરકારક અભિવ્યક્તિ.
  (૨) પ્રાકૃતિક દ્રશ્ય નિર્માણ અને ભાવસંકલન.
  (૩) ઈન્દ્રિય વ્યત્યય, પાત્ર પરિચય, વિષાદનું વર્ણન
- અલંકારના વિનિયોજનનું સ્વરૂપ વૈવિધ્ય.



kalpana's

(૧) અભિધાઈ માટે એક અલંકાર.

(૨) એકાદ બે અલંકારો ક્યારેક.

(૩) એકાધિક અલંકારોથી રચાતી ભાવસૃષ્ટિ.

<u>શોકોર્મિકવિતામાં છંદ :-</u>

પિંગળ અને શોકની અભિવ્યક્તિના અંશોને મધ્યકાલિન સાહિત્યથી તપાસીએ તો લયમેળ, માત્રામેળ અને અક્ષરમેળવૃત્તોમાં અભિવ્યક્તિ મળે છે. પરંતુ અક્ષરમેળ વૃત્ત રચનાનું અર્વાચીન ગુજરાતી કવિતામાં પ્રમાણ વધુ મળે છે. શોકોર્મિકવિતાનું સ્વરૂપ અર્વાચીન ગુજરાતી કવિતામાં જ વિકસ્યું હોવાથી તેમાં છંદ પરત્વે બહુવિધ વિકાસ જોવા મળે છે. તેને ચાર (૪) વર્ગોમાં વિભાગી શકાય.

<u>છંદ વૈવિધ્ય :-</u>

૧. ખંડકાવ્ય જેવી દીર્ઘ રચનાઓમાં બદલાતી ભાવચ્છાયાઓ અનુસાર બદલાતા વિવિધ છંદો.

૨. મર્યાદિત પંક્તિસંખ્યા ધરાવતા કાવ્યોમાં ગમે તે એકજ છંદ પ્રયોજન.

૩. અછાન્દસ કાવ્યોમાં વિવિધ છંદના ખંડ સ્વરૂપો.

<u>છંદ પ્રભુત્વ:</u>

૧) અક્ષરમેળ છંદના પ્રભુત્વ માટેની નોંધપાત્ર કૃતિઓ

૨) છંદપ્રભુત્વની દૃષ્ટિએ કાન્ત, બ.ક.ઠા., ખબરદાર, હરિશ્ચંદ્ર, સુરેશ મજમુદાર, રમણ કોઠારી પ્રકૃતિ આદિ.

૩) લયમેળ અને માત્રામેળ છંદોમાં ઝવેરચંદ મેઘાણી [illegible].

<u>છંદમાં પ્રયોગશીલતા :-</u>

૧. અંજની છંદ - કાન્તની ઉત્તમ ભેટ. 'વિપ્રયોગ' અર્વાચીન ગુજરાતી

૨. શોકોર્મિકવિતાનું ગૌરવ.

૨. એક જ કાવ્યમાં છંદવૈવિધ્ય.

૩. બ.ક.ઠા. અને કાન્ત યોજિત પૃથ્વી છંદ

## છંદ- પ્રયોગશીલતા.

૧. બ.ક.ઠા.ના પ્રયોગો પૃથ્વી વિશે.

૨. પતિલાલદ્વારા સોનેટ અને પૃથ્વીનું નવું સંધાન.

૩. પૂજાલાલ દ્વારા 'દાદા' માં 'મિશ્રજાતિ' છંદ.

૪. હરિશ્ચંદ્રના મુક્તકોમાં છંદ.

૫. છંદના ખંડ સ્વરૂપોના વ્યાપક પ્રયોગો.

## શોકોર્મિકવિતામાં ભાવાભિવ્યક્તિ-

શોકોર્મિકવિતા અનેકવિધ શક્યતા ધરાવતું કાવ્યસ્વરૂપ છે. ઉત્તમ શોકોર્મિકાવ્યો અને ઉત્તમ વિષાદ કાવ્યોની ઉચ્ચતા માટે Art of Expression અને Form માં રહેલી કલાત્મકતાની બેદરેખા સહાયરૂપ બને છે તેથી શોકોર્મિકવિતાના કલાત્મક અંશો અને તેને આધારે શોકોર્મિકવિતાના કાવ્યસ્વરૂપનો વ્યાપ બાંધી શકાય મુખ્ય બે પ્રકારો તેના પરિચયમાં વધુ ઉપયોગી નીવડે છે. અભિવ્યક્તિ અને ભાષાશૈલી :

અભિવ્યક્તિ- વિવિધ કાવ્યતત્ત્વોની સમગ્ર કાવ્યત્વને ખીલવવામાં થતી અભિવ્યક્તિનો અર્થ એમાં સાર્થક થાય છે પરંતુ એમાં બાહ્ય કાવ્યતત્ત્વોને મુખ્ય મુખ્ય વર્ગીકરણમાં સમાવી શકાય.

- અભિવ્યક્તિના અંશો ટેકનીક, ઉપકરણો, પ્રયુક્તિઓ અને લાઘવ આદી તત્ત્વોની માવજત.
- રચના કૌશલ - ભાવાભિવ્યક્તિ, કરુણની સાભિવ્યક્તિ, સંકોતી, કાવ્યમાં ચમત્કૃતિ આદી.



kalpana's

- અભિવ્યક્તિમાં ગદ્યનું પ્રદાન – શૈલીનું માધુર્ય.
  શોકાભિવ્યક્તિની સ્પર્ધા, અંજલિના અભિગમ
- કવિપ્રતિભા – વિનિયોજનની સૂઝ, લાઘવબદ્ધ
  ચોટદાર અભિવ્યક્તિ, [illegible] કાવ્યત્વની
  ખીલવટનું કૌશલ અને સભાનતા, કવિકર્મનું કૌશલ.
- પ્રયોગશીલતા – અર્થ અને અન્વય પરત્વે, નવા રૂપક
  પ્રતીકો, દૃષ્ટાંતો, અંજલિના વિવિધભાવ, આલંબનના
  વિવિધ પ્રયોગો, પ્રકારવૈવિધ્ય છતાં સઘન અભિવ્યક્તિ.
- ભાવાભિવ્યક્તિનું કૌશલ – ભાવસંક્રમણ, અને રસ-
  સંક્રમણ – કરુણની નિષ્પત્તિ, ઘેરા વિષાદના
  અર્વાચીન ગુજરાતીના ઉત્તમ વિષાદકાવ્યો, શોકની
  અભિવ્યક્તિ કેંદ્રિત, સમય જેવા ઉપકરણોનું વિનિયોજન.

શૈલી– અભિવ્યક્તિ અને શૈલી અવિભાજ્ય છે. શૈલી જ અભિવ્યક્તિનો પ્રદેશ છે. લાગણીના સહોદગારના પ્રગટીકરણમાં લાઘવનો અનેરો ફાળો છે. શૈલી લાઘવ અને શૈલી શોકોર્મિકવિતાના મહત્વના કાવ્યતત્ત્વો છે. શોકોર્મિકવિતામાં લાઘવ શૈલીનો ઉત્તમ ગુણ છે. શૈલી વિષે શોકોર્મિકવિતાવિષયક મહત્વના મુખ્ય મુદ્દાઓ આ પ્રમાણે છે.

- શૈલીનો પરિચય.
- શૈલીના પ્રકારો – ઉદ્બોધન, સંબોધન, નાટ્યાત્મક, સંવાદ શૈલી સંકોચિત, આત્મગત – કથન શૈલી, વર્ણન શૈલી, અછાન્દસ પ્રયોગો આદિ.
- શૈલી અને ભાષાકર્મ – વિવિધ બોલીઓ, વિવિધ શબ્દકોશની અસર, પરભાષાના શબ્દો, ગ્રામ્ય ભાષા, બોલી– ભાષાવૈવિધ્ય, પ્રયોગો.
- શૈલીની દૃષ્ટિએ ઉલ્લેખનીય દૃષ્ટાંતો – કાવ્યો, કવિના વિવિધ



kalpana's

સિધ્ધાંતો , સાહિત્યના સિધ્ધાંતો સાર્થક કરતી શોકોર્મિકવિતાની શૈલી.

શોકોર્મિકવિતામાં અંજલિ –

શોકાંજલિ ખરેખર તો શોકોર્મિકવિતાનો જ વિકાસ છે. શોકની ભાવાભિવ્યક્તિમાંથી રચાતી અંજલિ, તેથી શોકોર્મિકવિતાના કાવ્યસ્વરૂપનું વિશેષતત્વ ગણવું જોઈએ. એના મૂળમાં તો શોક જ હોવાથી શોકોર્મિકવિતાના વર્ગની જ શોકાંજલિ કવિતા બની રહે છે. વિષાદ કાવ્યોની જેમ શોકાંજલિ પણ શોકોર્મિકવિતાના કુળની કવિતા છે. અંજલિના અન્ય ઉલ્લેખો કરતાં શોકમાંથી રચાતી અંજલિને કારણે શોકોર્મિ ઉપરાંત એવી કવિતા શોકાંજલિ કહેવાય. 'અંજલિ' શોકોર્મિકવિતાનો તેથી સ્પષ્ટ મુદ્દો છે. અંજલિનો પ્રકારભેદ અને સ્વરૂપભેદ તેની શોકોર્મિકવિતામાંથી આવતી વિશેષ ઉપલબ્ધિ છે.

(૧) અંજલિનો પ્રકારભેદ – બે પ્રકારો છે.
- (૧) અંજલિ – શીર્ષક વાળી કૃતિઓ – એમાં માત્ર ઉલ્લેખ છે. પણ ઉલ્લેખ છે પણ કાવ્યાત્મક, કલાત્મકતા સ્પર્શ નથી.
- (૨) કલાત્મક સંદર્ભ રચતા શીર્ષકો – સૂચિત અને કલાત્મક ઈશારો – અંજલિનો સીધો ઉલ્લેખ નહીં – કલાગુણ નોંધપાત્ર છે.

(૨) અંજલિમાં સ્વરૂપભેદ – આલંબન અને અભિવ્યક્તિ પર આધારિત છે.
- – વ્યક્તિવિશેષના શોક અને અભાવમાંથી અંજલિના અભિવ્યક્તિ.
- – વ્યક્તિ વિશેષના વ્યક્તિત્વ અને પ્રભાવમાંથી અંજલિ રચાય.

(૩) અંજલિના પ્રકાર વૈવિધ્યમાં શોકાંજલિ :–
- –(૧) શોકાંજલિનું કાવ્યત્વ અને સાહિત્યિક મૂલ્ય.
- –(૨) 'અંજલિ' – અભિવ્યક્તિનું અને શોકોર્મિકવિતાના

## સ્વરૂપનું ગૌરવ અને સીમાંકન.

**શોકોર્મિકવિતામાં ઉપલબ્ધ અંજલિ :-**

શોકોર્મિકવિતામાં અંતે ઉપલબ્ધ થતી અંજલિ આમ તો શોકોર્મિના જ સ્વરૂપનો વિકાસ છે. છતાં પણ અંજલિ શોકોર્મિની અભિવ્યક્તિનું કાવ્યવિશેષ છે. તેનું વૈવિધ્ય અને વિકાસ તેમજ વ્યાપ જોતાં શોકોર્મિકવિતાના સ્વરૂપમાં તેનો વિચાર ઉચિત છે. ઉપલબ્ધ અંજલિઓ મુખ્ય બે પ્રકારમાં વિભાગી શકાય. (૧) અનેક પ્રકારવૈવિધ્યમાં અંજલિ અને (૨) શોકોર્મિના વિકાસરૂપે ઉપસતી શોકાંજલિ, અંજલિના સ્વરૂપ અંગે વિચારી શકાય તેનો ત્રીજો મુદ્દો કલાત્મક અંજલિના નોંધપાત્ર દૃષ્ટાંતોમાંથી આકાર પામતું અંજલિનું સ્વરૂપ છે. શોકોર્મિ-ની અભિવ્યક્તિના અનુસંધાનમાં શોકાંજલિમાંથી ઉપલબ્ધ મહત્ત્વનાં કાવ્યાત્મક અને કલાત્મક અંશો વિચારી શકાય.

(૧) અંજલિનું પ્રકારવૈવિધ્ય – સદ્ગત સ્વજન માટેની ભાવાભિવ્યક્તિ અનુસાર સ્મરણાંજલિ, માનાંજલિ કે વિદાયાંજલિ, શ્રદ્ધાંજલિ, અશ્રુાંજલિ, અને કાવ્યાંજલિ જેવી છે તેમાંથી ઉપલબ્ધ અંજલિ વિશેના મહત્ત્વના મુદ્દા આ પ્રમાણે છે.

- પ્રકાર વૈવિધ્ય અને સંક્ષિપ્ત સમજ – પરિચય.
- અંજલિઓમાં સાત પ્રકારની વિચારધારા.
- સંવેદના વૈવિધ્યમાંથી પ્રગટતું અંજલિનું વૈવિધ્ય.
- અંજલિના મુખ્ય બે સ્વરૂપો, માં રૂપાંતર
- અંજલિ અને શોકાંજલિનું સામ્ય-વૈષમ્ય.
- ઉદાહરણ સ્વરૂપ અંજલિ અને અંજલિસ્વરૂપો.

(૨) શોકોર્મિના જ સ્વરૂપના વિકાસ રૂપે શોકાંજલિનું સ્વરૂપ શોકોર્મિનો જ વિકાસ શોકાંજલિ હોવાથી અંજલિમાં શોક, વિષાદ, વ્યાકુલિ, કરુણ, ગંભીર ભાવનો સમાવેશ થાય છે. સ્વરૂપ, વિભાજન ઉપરાંત વૈવિધ્ય અને કલાતત્ત્વ આ વિભાગમાં આવતી વિશેષ ગણનાપાત્ર છે. સ્વરૂપની



kalpana's

પૂર્તિની દૃષ્ટિએ ખાસ મુદ્દાઓ આ પ્રમાણે છે:

- શોકાંજલિના સાત વિશેષ મુદ્દાઓ.
- મૃત્યુજન્ય શોકની અભિવ્યક્તિનું અનિવાર્ય અને મહત્ત્વનું લક્ષણ.
- શોકની ઉર્મિમાંથી અંજલિ સુધીની ભાવપ્રક્રિયા અને ભાવવિકાસ.
- શોકાંજલિનો આકાર.
- ઉત્કટ ગંભીર ભાવવિશ્વનું નિર્માણ.
- ઉદાહરણસ્વરૂપ નીવડતી અંજલિઓ.
- શોકાંજલિનું સ્વરૂપ.

શોકાંજલિ મુખ્ય બે સ્વરૂપોમાં વિભક્ત બને. સ્વરૂપગત વૈવિધ્ય અને પ્રકારગત વૈવિધ્ય. સ્વરૂપગત વૈવિધ્યમાં પણ બે પ્રકારે અંજલિ મળે છે:

- સૉનેટમાં વ્યક્તિગત અંજલિ.
- ભાવાભિવ્યક્તિની સાથે વ્યાપક ફલકમાંથી બંધાતો અંજલિનો આકાર.

(૩) શોકાંજલિમાંથી ઉપલબ્ધ કાવ્યાત્મકતાના અને કલાત્મકતાના અંશો:-

- મૃત્યુનું દિવ્ય સ્વરૂપ.
- મિલન દ્વારા આત્માનું અમરત્વ.
- વ્યક્તિગત અંજલિમાંથી જનસમૂહની શ્રદ્ધાંજલિ દ્વારા ભાવનાઓની ભિન્ન અંગત રૂપાંતર.
- ઊંચા સ્થાને મૃત્યુનું સ્થાપન.
- વીરત્વની શોકભરી અંજલિ.
- આશ્વાસન રૂપે અંજલિ અને આદરની અભિવ્યક્તિ.
- અંજલિમાં સંબોધન.

સાહિત્યિક - કાવ્યાત્મક અંશો.

- મધ્યાહ્નનું કાવ્યાત્મક સજીવારોપણનું દૃશ્ય.
- ક્રૂર દૈવના અત્યાચારનું આલેખન.



kalpana's

- 'મૌન અંજલિ' માં સદ્ગતની સાહિત્ય સેવા નિમિત્તે ગુર્જર ગીરાની અંજલિ.
- ભાવાભિવ્યક્તિનું કૌશલ અંજલિમાં.
- અરવિંદને લાઘવયુક્ત અંજલિ.
- ભાવવશ મુદ્રા સાથે અપાતી અંજલિ (મુદ્રાની તાદૃશ છબી)
- વ્યક્તિત્વ અને કવિત્વને અંજલિ.
- જીવનકાર્ય, સાહિત્યસેવાની કદર અને અંજલિ.
- અંજલિ દ્વારા કલાના આદર્શનું પ્રસ્થાપન.
- અંજલિના આદર્શરૂપો.

શોકોર્મિના કાવ્યસ્વરૂપની ઉપલબ્ધ સિદ્ધિઓ :-

શોકોર્મિ કવિતાનો અભ્યાસ દસ મુખ્ય તત્ત્વો પર આધારિત છે. કવિતાના ઘટકતત્ત્વો, અભિવ્યક્તિ અને રચનાકૌશલના ઘટકતત્ત્વો, પ્રકારવૈવિધ્યમાં સ્વરૂપ વિકાસ, 'પરંપરા – પ્રયોગશીલતા અને નૂતનતા, સ્વરૂપલક્ષી ઉપલબ્ધિઓ, કવિકર્મ, ભાષાકર્મ, શોકોર્મિકવિતામાં લક્ષણરૂપ આગવી વિશેષતાઓ, કવિતાનો વિકાસ અને તેમાં વિશેષ ઉલ્લેખનીય કવિઓ અને કૃતિઓ.

(૧) કવિતાના ઘટકતત્ત્વો.

કોઈપણ પ્રકારની અને કોઈપણ કવિની કૃતિમાં મહદ્અંશે જોવા મળતા ઘટકતત્ત્વોમાં સ્વજન સંદર્ભ, વ્યક્તિવિશેષનું આલેખન, મૃત્યુ અને મૃત્યુજન્ય શોક-ચિંતન, કરુણની સાનુભૂતિ, અને કોઈક કાવ્યમાં મૃત્યુનું માંગલ્ય અને અંજલિ શોકોર્મિકવિતાના મુખ્ય ઘટકતત્ત્વો છે.

(૨) અભિવ્યક્તિ અને રચનાકૌશલના ઘટકતત્ત્વો :-



kalpana's

- મૃત્યુ – ક્યારેક ભાવાભિવ્યક્તિરૂપે, ક્યારેક ચિંતનરૂપે તો ક્યારેક માંગલ્યના સંદર્ભમાં મળે છે.
- અલંકારોનું વિનિયોજન – ઉપકરણ, યુક્તિ-પ્રયુક્તિ, રૂપક, પ્રતીક, ઇન્દ્રિયવ્યત્યય, વ્યુત્ક્રમ, અન્યોક્તિ, શબ્દચિત્રાંકન.
- શબ્દપ્રયોગ :– ઉક્તિવૈચિત્ર્ય, શબ્દપ્રયોગનું વૈવિધ્ય, મૌલિક શબ્દપ્રયોગો, તત્સમ-તદ્ભવ-દેશ્ય-લોકબોલીના શબ્દો.
- આલંકારિકતા – વિશેષ ઉપયોગમાં લેવાયેલા અલંકારો, અભિવ્યક્તિમાં તેનો ફાળો, આલંકારિકતામાં [illegible].
- અભિવ્યક્તિ – આત્મલક્ષી ભાવની પરલક્ષી રજૂઆત. શોકની ઉદ્ગાર તરીકે અનુભાવોનું આલેખન.
- લાઘવ – વક્તાના સહૃદયભાવને પ્રગટ કરવાની શક્તિ, સચોટ, સરળ અભિવ્યક્તિ, ટૂંકા વિષાદ કાવ્યોમાં વિષાદની ઉત્તમ અભિવ્યક્તિ.
- પદકૌશલ :– લલિત કોમળ કાન્ત પદાવલી, ઉક્તિવૈચિત્ર્ય, વ્યુત્ક્રમ, ઉદાહરણના દૃષ્ટાંત, પ્રતિમા, વ્યંજના, લક્ષણા, ગઝલમાં કૌશલ.
- છંદકૌશલ – વૃત્ત, ગઝલ અને સંસ્કૃત છંદો ઉપરાંત અછાન્દસ કૃતિઓમાં પણ ગઝલ-છંદ ભાગ્યે મળે છે. છંદના પ્રયોગો, પરંપરાના છંદનું સફળ વિનિયોજન.
- વિષાદ અને શોકની ભાવાભિવ્યક્તિ – વિવિધ વિભાવાનુભાવના ઉદ્ગમમાંથી મળે છે. ઘેરા વિષાદ અને તીવ્ર શોકની સ્વજન નિમિત્તે લખેલી શોકોર્મિકવિતામાં અભિવ્યક્તિ.
- રસનિષ્પત્તિ – શોકમાંથી કરુણની રસાનુભૂતિ અને રસસંક્રાંતિમાંથી કરુણરસની નિષ્પત્તિ.
- શબ્દચિત્રાંકન – પાત્ર, પરિસ્થિતિ, મનોવેદનાને પ્રગટ કરે છે.



kalpana's

સ્પષ્ટ તથા તાદૃશ ચિત્રો – વિવિધ દૃષ્ટાંતો.

- શોકોર્મિના અભ્યાસના આધારભૂત સાધનો.

કાવ્યકૃતિ – વિવેચન – અભિપ્રાય – ઉપોદ્‌ઘાત, વિવરણ અને ટિપ્પણો.

- શોકની અભિવ્યક્તિની ઉઘડતી બે દિશા.

(૧) ઉદ્‌ગમ સ્થાનોમાંથી શોકની ભાવાભિવ્યક્તિ.

(૨) શોકની અભિવ્યક્તિની સફર – પરિણામ સ્વરૂપ. આગવું કાવ્યત્વ.

- શૈલી – (૧) લાગણીના સહોપજ્ઞાની લાઘવબદ્ધ અભિવ્યક્તિ.

(૨) શૈલીના વિવિધ અંશો ઉપસાવતી કાવ્યબાની.

(નાટ્યાત્મકતા, સંવાદ, ઉદ્‌બોધન, એકોક્તિના અંશો)

(૩) પ્રકાર વૈવિધ્યમાં સ્વરૂપ વિકાસ.

(૧) શોકોર્મિ પ્રકારમૂલક નહીં પણ સ્વરૂપમૂલક કવિતા.

(૨) પ્રકાર વૈવિધ્યનો વિશાળ પટ.

(૩) સૌથી વધુ સોનેટ અને અછાન્દસ પ્રકારમાં વિકાસ.

(૪) લાઘવબદ્ધ અભિવ્યક્તિ હાઇકુ, મુક્તકમાં.

(૪) પરંપરા – પ્રયોગશીલતા અને નૂતનતા :

(૧) પરંપરા – જુના , લય, ઢાળ, અને પદબંધ.

- પરંપરાગત અલંકારો, દૃષ્ટાંતો, રૂપકો.
- ગેયતા અને વિલાપ.

પ્રયોગશીલતા :–

(૧) સ્વજન સંદર્ભની અપવાદરૂપ કવિતા (ઝવેરચંદ મેઘાણી)

(૨) જુના પ્રતિક, રૂપકોમાં નવા અર્થ સંદર્ભ.

(૩) જુનો શરાબ – નવું કલેવર.

(૪) તદ્દન નવા મૌલિક રૂપક ઉપકરણ, યુક્તિ-પ્રયુક્તિ અને તેમાંથી ફલિત અર્થ સંદર્ભ.



kalpana's

(૫) નવા, પરંપરાના છંદો.

(૬) વિવિધ છંદોના પ્રયોગો.

(૭) છંદના બેઉ સ્વરૂપો.

(૮) નવીન ટેકનીક અને વિનિયોજન.

<u>નૂતનતા</u> :-

(૧) વ્યુત્ક્રમ અને ઉક્તિવૈચિત્ર્ય

(૨) અન્યોક્તિ.

(૩) અછાન્દસમાં લયબદ્ધ અભિવ્યક્તિ.

(૫) સ્વરૂપલક્ષી ઉપલબ્ધિઓ :-

(૧) અભિવ્યક્તિ વિધાયક.

(૨) શોકોર્મિ વૈનિકાસિક રીતે વિકાસ તરીકે.

(૩) ભાવાભિવ્યક્તિના સંસ્કારમાં ટાગોરનું ઋણ.

(૪) Form અને Art of Expression ને વરેલી કવિતા.

(૫) લાઘવયુક્ત સઘન ભાવાભિવ્યક્તિ.

(૬) સ્વજન સંદર્ભની દ્રષ્ટિએ વિશેષ ધ્યાન ખેંચતા ઝવેરચંદ મેઘાણી કૃત કાવ્યો.

(૭) પરસ્પર વિરોધી દ્રષ્ટાંત અને વિરોધાભાસના વિનિયોજનમાં મળતું અભિવ્યક્તિના કૌશલનું ગામ્ય.

(૮) સ્મૃતિનું આલેખન.

(૯) ઉત્તમ વિષાદ કાવ્યો.

(૧૦) અન્ય અંજલિ કરતાં વધુ કલાત્મક શોકાંજલિ.

(૧૧) શોકાંજલિ- શોકોર્મિકવિતાનો જ ભાવ વિકાસ.

(૧૨) સોનેટ કરતાં ગુચ્છમાં ક્રમિક ભાવવિકાસ.

(૧૩) સોનેટ, મુક્તક, હાયકુ અને અછાન્દસમાં ખેડાણ.

(૧૪) છંદકૌશલના ઉત્તમ દ્રષ્ટાંતો.



kalpana's

(૧૫) ઉત્તમ શોકોર્મિકાવ્યો.

(૧૬) વિવિધ સાહિત્યિક સિદ્ધાંતોનું અનુસરણ.

(૬) કવિકર્મ–

- કલાતત્ત્વોનું વિનિયોજન.
- કાવ્યના ઘટકતત્ત્વોનો ક્રમિક વિકાસ.
- ભાષાકર્મની કવિકૌશલથી ઉત્તમ ગૂંથણી.
- પ્રયોગશીલતા અને નૂતનતાનો અભિગમ.
- મૃત્યુનું માંગલ્ય.
- ચિંતનથી ચડિયાતી શોકની અભિવ્યક્તિ.
- અંજલિને આકાર.
- લઘુકાવ્યમાં ભાવાભિવ્યક્તિ.
- વિભાવાનુભાવોના ઉદ્દામ.
- રસનિષ્પત્તિ અને ફલશ્રુતિ.

(૭) ભાષાકર્મ.

(૧) રચનાકૌશલ.

(૨) છંદકૌશલ.

(૩) પદકૌશલ.

(૪) શબ્દપસંદગી અને પ્રયોગ.

(૫) વિનિયોજન અને અર્થ સમન્વય.

(૬) શબ્દચિત્રાંકન અને અલંકારિકતા.

(૭) રૂપક, છંદ, પ્રકૃતિ – આલેખનમાં સમન્વય.

(૮) શૈલી.

(૮) શોકોર્મિકવિતામાં લઘુરૂપ ઉપલબ્ધ વિશેષતાઓ :–

(૧) ઊર્મિકવિતાનાં લક્ષણો.

(૨) શોકોર્મિકવિતાના સ્વરૂપના ભેદો.



kalpana's

(૩) શોકોર્મિકવિતાનો નવા તબક્કે વિકાસ.

(૪) શોકાંજલિ (૫) મૃત્યુનું માંગલ્ય.

(૯) શોકોર્મિકવિતાનો વિકાસ.

(૧) નવા તબક્કે. (૨) વિશેષ બે પ્રવાહોમાં.

(૩) ગુચ્છ કાવ્યો નોંધપાત્ર. (૪) જૂના ઢાળની પ્રારંભની કૃતિઓ.

(૧૦) શોકોર્મિની અભિવ્યક્તિમાં ઉલ્લેખનીય કવિઓ, કૃતિઓ :-

(૧) તબક્કાવાર કવિઓ અને કૃતિઓ.

(૨) કૃતિગત , કવિગત શોકોર્મિના આલેખનમાં ફાળો.

(૩) કવિ, કૃતિનું વિશેષમૂલ્ય.

કાવ્યાત્મકતા, કલાત્મકતા, ભાવાભિવ્યક્તિ અને સ્વાનુભૂતિના દૃષ્ટિએ ઉત્તમ શોકોર્મિકવિતામાં કવિકર્મ અને કવિકૌશલનો મહત્વનો ફાળો છે. એવી આસ્વાદ્ય કૃતિઓમાં અસરકર્તા તત્વો, રચનાકૌશલ, પ્રક્રિયા મહત્વનો ભાગ ભજવે છે. એ દૃષ્ટિએ મહત્વના કાવ્યતત્વોનો નિર્દેશ અહીં છે.

(૧) કાવ્યાત્મકતા અને કવિકૌશલ, આલેખનરીતિ :-

- ઉપકરણોની બે સ્વરૂપે ઉપલબ્ધિ.

* આલેખનનું સામ્ય અને ઉપલબ્ધિનું સામ્ય.

- સામ્ય છતાં અભિવ્યક્તિમાં માત્રાફેર, પ્રસંગ અને ભાવાભિ-વ્યક્તિનું સામ્ય છતાં માત્રાફેરનું કારણ, - ઉત્તમ આસ્વાદ્ય કૃતિ.

(૨) બે સ્વરૂપે શોકોર્મિકવિતા.

- અર્વાચીન અને આધુનિક કવિઓની રચના.

- નવા આધુનિક કવિઓમાં પ્રયોગશીલતા વધુ.

- પ્રયોગશીલતાના દૃષ્ટાંતો.

- મૃત્યુ નિમિત્તે વિકાસ.

*



kalpana's

(૧) ભાવાભિવ્યક્તિ : (૨) ચિંતન – સમાધાન.
(૩) તાદૃશ ચિત્રણ (૪) પ્રકૃતિના નિરૂપણની ભાત.

(૩) શોકોર્મિકવિતામાં લાઘવ.

(૧) લાઘવ (૨) લાગણીનો સહજોદ્ગાર.
(૩) વ્યક્તિરહિત સ્વરૂપ : (૪) શોકોર્મિકવિતાનું કદ.
(૫) મરણ નિમિત્તક છતાં વિશિષ્ટ શોકની અભિવ્યક્તિ.
(૬) શોકોર્મિકવિતાનો ઊંચો સાહિત્યિક મોભો.

(૪) કાવ્યતત્ત્વનો, ભાવાભિવ્યક્તિનો વિકાસ :

- કરુણ પ્રશસ્તિની તુલનામાં શોકોર્મિકવિતા અને સોનેટ તેમજ સોનેટ ગુચ્છ કાવ્યો.
- નવા જૂના ઉપકરણોનું વિનિયોજન અને તેના વડે [illegible] વિશિષ્ટ તારણો.

(૫) શોકોર્મિકવિતાની વિશિષ્ટતાઓ :–

(૧) સાહિત્યમાંથી ભિન્ન શોકોના આદર્શરૂપો. (૨) સંસ્કૃતિના મૂલ્યાત્મક માપદંડ. (૩) રચનારીતિ. (૪) નવા અભિગમો. (૫) અભિવ્યક્તિનું કૌશલ (વિરામ ચિહ્નો) (૬) અભિકૌશલનો ફાળો.

શોકોર્મિકવિતામાં ઉપલબ્ધ દાંપત્યનું સ્વરૂપ :–

પ્રેમ અને શોકની લાગણીનો સહજોદ્ગાર શોકોર્મિકવિતાનું કાવ્યવિશેષ છે. શોકોર્મિકવિતામાં દાંપત્યની ગાઢી અનુભૂતિ પડદે ઓઝલ રહીને થાય છે. શોક શ્લોકરૂપે પ્રગટ થાય ત્યાં ઉત્તમ શોકોર્મિકવિતા રચાય છે. સાચા સ્વજન પ્રત્યેના સ્નેહ-પ્રેમની સચ્ચાઈ જ વિયોગમાં ઉત્તમ શોકની અભિવ્યક્તિ આપે છે. તેથી શોકની કરુણ ગંભીર વિષાદયુક્ત ભાવાભિવ્યક્તિની ભીતરમાં દાંપત્યનું રહસ્ય છે. સચ્ચાઈ ભરેલા રહેલા હૃદયની વાચા જ શોકોર્મિકવિતા છે. એનો ઉદ્ભવ અને અભિવ્યક્તિ અનુકરણીય છે. મૃત્યુનિમિત્તે



kalpana's

હૃદયવિચ્છેદની વેદના કાલાતીત, સનાતન છે. માટે જ ક્રૌંચ પંખી કપાતાં હૃદયનું ઐક્ય તૂટતાં તરફડતા દાંપત્યની તારસ્વરે ઊઠતી વિષાદ વેદનાની કવિતામાં ક્રૌંચવધ પછીના તરફડાટનો ચિત્કાર પડઘાય છે. શોકોર્મિ કવિતામાંથી મળતા દાંપત્યના સ્વરૂપ અંગે મુદ્દા સવિશેષ છે.

(૧) દાંપત્યની અભિવ્યક્તિનો એક નિશ્ચિત, સઘન વિશિષ્ટ આકાર...
- શોકોર્મિકવિતામાં પરિપક્વ સ્નેહનું સચ્ચાઈપૂર્ણ રૂપ, સ્વચ્છ, સ્પષ્ટ તેનું પ્રતિબિંબ.
- ભાવનાની ઉચ્ચતમ કક્ષાએ આદર્શ અભિવ્યક્તિ.

(૨) દાંપત્યની અભિવ્યક્તિની વિશેષતાઓ.
- સ્વજન અને સુખ વિશેની ઉત્તમ સમજદારી.
- સંસારજ્ઞાન અને તેમાં સ્વજનનું મૂલ્ય.
- ઈશ્વર નિર્મિત દાંપત્યજ્ઞાનનું રહસ્ય.

(૩) દાંપત્ય નિમિત્તે વિવિધ વિચારધારાઓ.
- ચિંતનના સંદર્ભે
- વિષય વૈવિધ્ય અને વિવિધ દૃષ્ટાંતો.

(૪) શોકોર્મિકવિતામાં ઉપલબ્ધ વિશિષ્ટ દાંપત્યસ્વરૂપ.
- સ્વરૂપના ઉત્તમ લક્ષણો - ગુણો.
- પ્રણય અને સાહચર્ય કાળના દાંપત્યથી વિશિષ્ટ.
- દાંપત્યની ઉત્તમ અને એકમાત્ર શ્રેષ્ઠ અભિવ્યક્તિ શોકોર્મિ કવિતામાં.
- સમર્થન માટેના દૃષ્ટાંતરૂપ કાવ્યો.

* કાવ્યપંક્તિઓ.

**શોકાંજલિ :-**

મૃત્યુનિમિત્તે જ શોકોર્મિકવિતાની જેમ લખાતી પ્રત્યેક અંજલિકવિતા શોકાંજલિ નથી. મૃત્યુનો સંદર્ભ તમામ 'અંજલિ' ઓમાં હોવા છતાં શોકની ભાવાભિવ્યક્તિમાંથી બંધાતી અંજલિ જ શોકાંજલિ છે અને તે સિવાયની બધી



kalpana's

અંજલિઓ માટે નિવાપાંજલિ વર્ગની કવિતા તરીકે ઓળખાય છે.

૧. નિવાપાંજલિનું સ્વરૂપ:-

- નિવાપાંજલિમાં સામાન્યતઃ ઉલ્લેખનીય તત્ત્વો.
- વ્યક્તિવિશેષનું વ્યક્તિત્વ બે સ્વરૂપે અભિવ્યક્તિ પામે: એકાદ વિશેષ અંશ અથવા સમગ્ર વ્યક્તિત્વ.
- શોકાંજલિ સાથેનો સૂક્ષ્મ ભેદ.

૨. નિવાપાંજલિમાં ભાવાભિવ્યક્તિ:-

- અંશ સ્વરૂપે અહીં.

(વ્યક્તિપરિચય સાથે ઉદ્ગાર - વ્યક્તિ વિશેષના ગુણભાવનું અંજલિરૂપે રૂપાંતર - અંજલિનો [illegible] સ્પષ્ટ ભાવ.)

- ચિંતન અને અન્ય તત્ત્વો આદિમાં.
- નિવાપાંજલિના મુખ્ય પ્રકારો.

(ભાવાંજલિ, શબ્દાંજલિ, સ્મરણાંજલિ, નિવાપાંજલિ આદિ)

૩. નિવાપાંજલિનું કાવ્ય વિશેષ:-

- રચના કૌશલ અને વિશેષતા.
- કવિઓની નિવાપાંજલિઓ.
- નોંધપાત્ર નિવાપાંજલિઓમાં અંજલિની અભિવ્યક્તિ.
- નિવાપાંજલિની ભાવી સંભાવના.

શોકોર્મિકવિતાના 'સ્વરૂપવિચાર' પછી સંદર્ભમાં આવતા મહત્ત્વના મુદ્દાઓ આ પ્રમાણે તારવી શકીએ.

- સ્વજન સંદર્ભ - પ્રિયજનના મૃત્યુનો શોકનું ઉદ્ભવ સ્થાન છે. આત્મીયભાવ અને સદ્ગતનું કાવ્યમાં વ્યક્તિવિશેષ તરીકેનું સ્થાન છે.
- મૃત્યુનિર્દેશ - શોકોર્મિકવિતાનો સર્વસામાન્ય યોગ છે. તેનું કાવ્યમાં સ્પષ્ટ કે ઈંગિત સ્વરૂપે તે અવશ્ય ઉલ્લેખનીય છે. મૃત્યુનો

સંઘ અભિગમ શોકોર્મિકવિતાનું સર્વોત્તમ સાહિત્યિક પ્રદાન છે.

- મંથન-ચિંતન – શોકની અભિવ્યક્તિ માટેનું અનિવાર્ય ઉદ્‌ગમસ્થાન છે. મૃત્યુમાંથી મંથન અને ઉત્કટ શોકમાંથી ચિંતન વિકસે છે. ચિંતન ક્યારેક ઉત્કટ શોકની અભિવ્યક્તિ આપી જાય છે.
- સમાધાન – ઉત્કટ શોક પછી કોઈ શોકોર્મિકવિતામાં મળતી અભિવ્યક્તિની વળાંક છે. તેમાંથી શોકોર્મિકવિતાના બે અંત પૂર્ણતાની અનુભૂતિ કરાવે છે. મૃત્યુનું માંગલ્ય અને સમાધાન પછી અંજલિ.
- શોકની ભાવાભિવ્યક્તિ – શોકોર્મિકવિતાનું અનિવાર્ય – અતિ મહત્વનું પ્રાણતત્વ છે. મંથન – ચિંતનના આલેખનમાં શોક સર્વોપરી સિધ્ધ થાય છે. અને કાવ્યને શોકોર્મિકવિતાનું ગૌરવ અપાવે છે. શોકની બીજી દિશા કરુણની રસનિષ્પત્તિ તરફ વળે છે.
- સ્વરૂપલક્ષી કાવ્યપ્રકાર – શોકોર્મિકવિતા.
  શોકોર્મિ કાવ્યપ્રકાર નહીં કાવ્યસ્વરૂપ છે.
  શોકાંજલિ પણ શોકોર્મિનો જ વિકાસ છે.
  શોકોર્મિ લઘુ વિરહોર્મિની ઊર્મિ કવિતા છે. આત્મલક્ષી ઊર્મિકવિતા તરીકે શોકની જ પ્રધાન અભિવ્યક્તિ તેનું મહત્વનું અંગ છે. કરુણપ્રશસ્તિ સાથે સામ્ય ધરાવતી હોવા છતાં શોકોર્મિકવિતા સ્વતંત્ર સ્વરૂપબધ્ધ કવિતા છે.
- અભિવ્યક્તિ પામતું શોકનું સ્વરૂપ – વિવિધ વિભાવાનુભાવ તેના ઉદ્‌ગમ છે. વિષાદ તેની ઉત્તમ અભિવ્યક્તિ છે. વિષાદ અને શોકોર્મિકવિતા એટલે શોકનું શ્લોકમાં રૂપાંતર.
- વિષાદ – શોકનું ઉત્તમ અભિવ્યક્તિનું માધ્યમ : લઘુ વિષાદ કાવ્યો



kalpana's

આપણાં ઉત્તમ અર્વાચીન શોકોર્મિકાવ્યો છે.

- કરુણની રસાનુભૂતિ - આસ્વાદ કવિતાનો ઉત્તમ આશય છે. શોક અને વિષાદમાંથી રસનિષ્પત્તિરૂપે કરુણ મળે છે. અન્યભાવમાંથી રસસંક્રાંતિ રૂપે કરુણ મળે છે. શોક પછી શોકોર્મિકવિતા માટે કરુણ એવું જ ઉત્તમ અંગ છે.

- શોકોર્મિકવિતામાં ઉપલબ્ધ વિશેષ કાવ્યતત્ત્વો :- Art of expression ને વરેલ શોકોર્મિ કવિતાના ઉત્તમ કાવ્યનો આધાર કવિકૌશલ પર છે. તેનું ચિંતન વિશેષ ભાવવાહી આસ્વાદ્ય છે. સુખદ ભૂતકાળના દુઃખદ સ્મરણને આપતી વિષાદયુક્ત કવિતા તે શોકોર્મિ કવિતા છે.

- શોકોર્મિકવિતામાંથી ઉપલબ્ધ સર્વ સામાન્ય કાવ્યતત્ત્વો સ્વજનના મૃત્યુનો ઉલ્લેખ, સદ્ગત વ્યક્તિ વિશેના નિમિત્તે શોક, ઘેરો વિષાદ, કરુણ રસનિષ્પત્તિ મૃત્યુનું માંગલ્ય, અંજલિ, મૃત્યુ જ કાવ્યની ઘટના - પ્રસંગ જેવા તત્ત્વોનો સમાવેશ થાય છે.

- શોકોર્મિકવિતામાં સમૃદ્ધ અભિવ્યક્તિ - કવિકૌશલ, રૂપની અભિવ્યક્તિનું સામર્થ્ય, આલંકારિકતા, છંદવૈવિધ્ય અને પ્રભુત્વ, પ્રયોગશીલતા, પ્રયોગવીરતા, રૂપક, છંદ અને અલંકારોની અભિવ્યક્તિમાંથી વિશેષ મળે છે.

- શોકોર્મિકવિતામાં ભાવાભિવ્યક્તિ - ઉપકરણ, ટેકનીક, વિનિયોજન, યુક્તિ - પ્રયુક્તિ, ભાવાભિવ્યક્તિમાં કવિ-કૌશલ, છંદકૌશલ વિશેષ છે.

- શૈલી - શૈલી અભિવ્યક્તિનું અવિભાજ્ય અંગ છે. તેમાં બાધક શૈલીનો ઉત્તમ ગુણ છે. પ્રકારવૈવિધ્ય ઉપરાંત તેમાં આવું ભાવાકર્ષ અને કવિકર્મ ચમત્કૃતિ સર્જે છે. રચનાકૌશલનો એ ઉત્તમ ગુણ છે.

- અંજલિ - શોકોર્મિની અભિવ્યક્તિનો જ વિકાસ છે. કાવ્યને પૂર્ણતા બક્ષે છે. મૃત્યુનું માંગલ્ય તેની અભિવ્યક્તિને ઉત્તમ બનાવે છે. અંજલિનું તત્ત્વ શોકોર્મિકવિતાને શોકાંજલિ બનાવે છે. અંજલિના શીર્ષકની સાથે કૃતિઓ



kalpana's

ઉપલબ્ધ છે. એમાં પ્રકારવૈવિધ્ય અને સ્વરૂપવૈવિધ્ય મળે છે. અન્ય અંજલિની સરખામણીમાં શોકાંજલિનું સાહિત્યિક મૂલ્ય ઊંચું છે. શોકાંજલિ શોકોર્મિકવિતાનું એક સીમાચિહ્ન છે.

- શોકોર્મિ અને શોકાંજલિ – શોકોર્મિકવિતામાં અંજલિનું પ્રકાર વૈવિધ્ય મળે છે. અને શોકોર્મિના ભાવવિકાસ તરીકે શોકાંજલિ મળે છે. અંજલિના પ્રકારવૈવિધ્યમાં સર્વસામાન્ય અંજલિના સ્વરૂપ લેખે સાત મુદ્દાઓ સાધ્ય છે. શોકાંજલિમાં પણ સાત મુદ્દા સર્વસામાન્ય છે. તત્ત્વતઃ બન્ને સ્વરૂપોના મુદ્દા જુદા છે. અંજલિ બે સ્વરૂપે ઉપલબ્ધ છે. શોકાંજલિના સ્વરૂપ માંથી કેટલાક વિશિષ્ટ કલાત્મક અંશો અને સાહિત્યિક અંશો મળે છે.

- શોકોર્મિથી ઉપલબ્ધ સિદ્ધિઓ – કાવ્યત્વના વિશિષ્ટ ઘટકતત્ત્વો, કેટલાંક રચનાકૌશલના ઘટકતત્ત્વો (જેવાં કે પદકૌશલ, છંદકૌશલ, મૃત્યુનું આલેખન, લાઘવ, શૈલી વગેરે ) પ્રકાર વૈવિધ્યમાં શોકોર્મિકવિતાનો સ્વરૂપવિકાસ, પરંપરા-પ્રયોગશીલતા અને નૂતનતા, સ્વરૂપલક્ષી સિદ્ધિઓ, કવિકર્મ, ભાવકકર્મ, શોકોર્મિના લક્ષણરૂપ ઉપલબ્ધ વિશેષતાઓ. શોકોર્મિકવિતાનો વિકાસ, ઉત્તમ ઉલ્લેખનીય કાવ્યોનું વિશેષ પ્રદાન છે.

- શોકોર્મિકવિતામાં ઉપલબ્ધ દાંપત્યનું સ્વરૂપ – શોકયુક્ત લાગણીનો સહજોદ્ગાર મળે છે. દાંપત્યના આદર્શ સ્વરૂપો, દૃષ્ટાંતો, વિચાર-ધારાઓ, તેના વિચાર ધારાઓ, તેના વિશેષ મુદ્દાઓ છે.

- નિવાપાંજલિ – અન્ય અંજલિના પ્રકાર વૈવિધ્યમાં સંખ્યાની દૃષ્ટિએ વધુ ખેડાયેલું સ્વરૂપ છે. નિવાપાંજલિનું શોકાંજલિથી સ્વતંત્ર સ્વરૂપ વિકાસ હોઈ શકે. નિવાપાંજલિમાં આગવું કાવ્યવિશેષ તેના સ્વરૂપ વિકાસ અને સાહિત્યિક મૂલ્યની આશા જન્માવે છે.



kalpana's

શોકોર્મિકવિતાના સ્વરૂપ વિચારમાંથી ઉપલબ્ધ લક્ષણો:

- સ્વજન સંદર્ભ (પરોક્ષ આલેખન – સદ્ગત વ્યક્તિવિશેષ રૂપે)
- મૃત્યુ નિર્દેશ : (સ્વરૂપ – ગૌણ અભિપ્રાય) – ચૈતન્ય – અંતિમ સમાધાન)
- શોકની ભાવાભિવ્યક્તિ – (શોકનું સ્વરૂપ : વિષાદની અભિવ્યક્તિ– શોકની ઊર્મિની આત્મલક્ષી અભિવ્યક્તિ – વિષાદ કાવ્યો)
- કરુણની રસાનુભૂતિ – (શોકમાંથી કરુણની રસનિષ્પત્તિ અન્ય ભાવમાંથી રસપ્રક્રિયા પ્રમાણે કરુણની રસસંક્રાંતિ)
- શોકની અભિવ્યક્તિ અને કરુણની રસાનુભૂતિ.

શોકોર્મિકવિતાના અનિવાર્ય પ્રાણતત્ત્વો:

- શોકાંજલિ – (શોકોર્મિની જ ભાવાભિવ્યક્તિનો કલાત્મક, કાવ્યાત્મક વિકાસ – કાવ્યત્વને સર્વાંગ સંપૂર્ણ પૂર્ણતાનો દ્યોતક – શોકાંજલિ શોકોર્મિનું સીમાચિહ્ન)
  (અન્ય અંજલિના પ્રકાર વૈવિધ્યમાં નિવાપાંજલિથી ઉત્તમ સાહિત્યિક અભિવ્યક્તિ શોકાંજલિમાં)
- મુખ્ય ઘટના – પ્રિયજનના અવસાનનો પ્રસંગ.
- શોકોર્મિકવિતા એક પ્રકાર લઘુવિરહોર્મિકવિતા – (મૃત્યુજન્ય શોક – દીર્ઘકાલીન વિરહની રજૂઆત)
- લાઘવ (મર્યાદિત પંક્તિ સંખ્યામાં લાઘવબદ્ધ અભિવ્યક્તિ)
- form અને Art of Expression ને વરેલી શોકોર્મિકવિતા (ભાવાભિવ્યક્તિ કવિકર્મ – ભાષાકર્મ – શૈલી – કલાતત્ત્વોનું વિનિયોજન) એમાં જોવા મળે છે. ઊર્મિકવિતાના પ્રકાર વૈવિધ્યમાં વિકસેલી સ્વરૂપબદ્ધ કવિતા છે. તે અર્વાચીન લઘુવિરહોર્મિના કાવ્યસ્વરૂપને વરેલી કવિતા છે.
- શોકોર્મિકવિતા કાવ્યપ્રકાર નહીં 'કાવ્યસ્વરૂપ' છે.



kalpana's

- શોકોર્મિકવિતા કાવ્યપ્રકાર નહીં 'કાવ્યસ્વરૂપ' છે. (પ્રકાર વૈવિધ્યમાં વિકસેલી સ્વરૂપબધ્ધ કવિતા છે. )( અર્વાચીન લઘુવિરહોર્મિ કાવ્યસ્વરૂપ )

---